[illegible]ના દ્વારેથી મળતું પરાક્રમ.

ભાષાંતરકર્તા :

રામા કેશવ.

SURAT.

1916.

POWER THROUGH PRAYER.

BY

E. M. BOUNDS.

પ્રાર્થના દ્વારેથી મળતું પરાક્રમ.

ભાષાંતરકર્તા:

રામા કેશવ.

MISSION PRESS,

SURAT.

1916.

500 Copies.]   [*Price [illegible] annas.*

Printed by J. F. Steele, at the Mission Press, Surat, and published by Rama Keshav at the Alliance Mission House, Khanpur Gate, Ahmedabad

પ્રસ્તાવના.

પ્રથમ જ્યારે આ લઘુ પુસ્તકનો મૂળ ગ્રંથ અંગ્રેજીમાં મારા વાંચવામાં આવ્યો, ત્યારે મારા મનમાં એવો સુવિચાર ઉત્પન્ન થયો કે જો ગુજરાતીમાં તેનું ભાષાંતર થાય તો ઘણાઓને આત્મિક લાભ પ્રાપ્ત થયા વિના રહે નહિ. તે ઉપરથી એ સુમનોરથ પૂર્ણ કરવાને પ્રભુ પાસે સહાય માગીને કામ આરંભ્યું.

દેવની પવિત્ર હજુરમાં શુદ્ધ અંતઃકરણથી કરેલી પ્રાર્થના કેવી આત્મિક જાગ્રતિ કરાવનારી તથા ઉત્તમોત્તમ સેવા છે, તે આ પુસ્તક વાંચનારને માલમ પડ્યા વિના રહેશે નહિ, એમ હું માનું છું. "જેણે યોગ્ય રીતે પ્રાર્થના કરી છે, તેણે સારો અભ્યાસ કર્યો છે," એ માર્ટિન લુથરનું સ્મરણવાક્ય સર્વથા મનનનીય છે. વળી હાલના સમયમાં સુવાર્તાનો પ્રસાર કરવાને ધર્મોપદેશકો વિવિધ સંસ્થાઓ સ્થાપવામાં મચ્યા રહે છે; પરંતુ ધર્મસેવાને અંગે સર્વ પ્રયત્નો સફળ કરવાને પ્રાર્થનાની આવશ્યક્તા વિશેષ છે. માણસોને ખ્રીસ્તની ગમ ફેરવવાને સારૂ પ્રાર્થના દેવથી ઠરાવેલી સંસ્થા છે, એ નિઃસંદેહ છે. વળી પુરાતનકાળના ધર્મોપદેશકોએ સુવાર્તાનો પાયો જગતમાં ફતેહમંદીથી નાખ્યો હતો, તેનું કારણ એ હતું કે તેઓ અથાગ પ્રાર્થનામાં લાગુ રહેનારા હતા.

મહેરબાન રેવ ડા. એચ. આર. સ્કોટ તથા મહેરબાન રેવ. ડા. જે. એફ. સ્ટીલે દર માસે મારા ભાષાંતર હસ્તલેખો સુધારવામાં પોતાના અમૂલ્ય વખતનો ભાગ આપ્યો છે, તેને માટે હું આ પ્રસંગે તે માનવંત સાહેબોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ભાષાંતરકર્તા.

POWER THROUGH PRAYER.

પ્રાર્થના દ્વારેથી મળતું પરાક્રમ.

ખ્રીસ્તની મંડળીની કેવી રીતે વૃદ્ધિ થાય, સુવાર્તાનો કેવી રીતે પ્રસાર થાય, અને વળી તે કેવી રીતે ફળવંત થાય વિગેરે બાબતો માટે નવી નવી પદ્ધતિઓ, રીતો, અને સંસ્થાઓ સ્થાપવામાં આપણે નિરંતર મચ્યા રહીએ છીએ. પરંતુ આવા જમાનામાં સંસ્થાઓ તથા વ્યવસ્થાઓ પર વિશેષ લક્ષ દેવામાં આવે, ને સંસ્થાને તથા વ્યવસ્થાને સાર્થક કરનાર માણસ એક કોરે રહી જાય એવી ધાસ્તી છે. દેવની કામ કરવાની રીતિ વિષે વિચાર કરીએ તો માલમ પડશે કે સઘળી બીજી વાતો કરતાં, સંસ્થાઓ તથા વ્યવસ્થાઓ કરતાં પણ, તે માણસનો—એટલે કોઈ ખાસ નિવડેલા માણસનો—ઉપયોગ કરે છે. જો આ જગતમાં પ્રભુ કંઈ મહાન કાર્ય કરવાનો હોય તો તે કંઈ સંસ્થાની મારફતે નહિ તેમ વ્યવસ્થાની મારફતે નહિ, પણ કોઈ માણસની મારફતે તે કાર્ય કરશે. હાલની ખ્રીસ્તી મંડળીઓ સારી સારી વ્યવસ્થાઓ તથા પદ્ધતિઓની શોધમાં લાગેલી છે: પણ દેવ તો યોગ્ય માણસોને શોધે છે.

"દેવનો મોકલેલો **એક માણસ** આવ્યો, કે જેનું નામ યોહાન હતું." ખ્રીસ્તને સારૂ રસ્તો તયાર કરવાનું કામ, ને દેવના રાજ્યનું આગમન પ્રગટ કરવાનું જે ભારે અગત્યનું કામ તે તે માણસ યોહાનના હાથમાં સોંપવામાં આવ્યું હતું. "આપણને સારૂ છોકરો જન્મ્યો છે, આપણને પુત્ર અપાયો છે," એવું યશાયાહ ભવિષ્યવાદીએ ૭૦૦ વરસ અગાઉ કહ્યું હતું, અને એ પારણે સુતેલા બાળકથી આ જગતનું તારણ થાય છે. જે માણસોએ આ જગતમાં ખ્રીસ્તની સુવાર્તાનો

પાયો ફતેહમંદીથી નાખ્યો હતો તેઓની ચાલ તથા સદ્દ્વર્તન તરફ જ્યારે પાઉલ આપણું લક્ષ ખેંચે છે ત્યારે તે તેની સાથે તેઓની ચમત્કારિક સફળતાનો ખુલાસો પણ કરે છે. સુવાર્તાનું ગૌરવ તથા તેની સફળતા જે માણસો તેને ફેલાવે છે, તેઓ પર આધાર રાખે છે. "યહોવાહની નજર આખી પૃથ્વીમાં દોડતી ફરે છે, એ માટે કે જેઓનાં અંતઃકરણ તેની તરફ સંપૂર્ણ છે, તેઓની તરફ તે બળવાન માલમ પડે" (૨ કાળ. ૧૬ ; ૯).

આ વાકયમાં દેવ માણસની જરૂરિયાત પ્રગટ કરે છે, અને તે માણસોની મારફતે ને માણસો પર આધાર રાખીને પોતાનું બળ આ જગતમાં દેખાડી શકે છે, એવું દર્શાવે છે. આ વાત ખરી છે તથા હાલના જમાનાને માટે ખાસ અગત્યની છે, કેમકે પદ્ધતિઓ ને સંસ્થાઓ પર ભરોસો રાખીને ઘણા તેને વિસરી જાય એમ છે; અને તેનું વિસ્મરણ થયાનું પરિણામ ઘણું ભારે થાય. હા, તે આકાશમંડળમાં સૂર્યને ખસેડવાના જેવું નુકસાનકારક થાય, કે જેનું પરિણામ અંધકાર, અસ્તાવ્યસ્તતા તથા મરણ સિવાય બીજું કંઈ નથી.

મંડળીને જે હાલ વિશેષ જોઈએ છે તે વધુ યોજનાઓ તથા ગોઠવણો તથા નવી નવી પદ્ધતિઓ તથા સંસ્થાઓ તો નહિ, પણ એવા **માણસો** જોઈએ કે જેઓનો ઉપયોગ પવિત્ર આત્મા કરી શકે; એટલે અથાગ પ્રાર્થના કરનારા માણસો જોઈએ છે. પદ્ધતિઓ તથા ગોઠવણોની મારફતે નહિ પણ માણસોની મારફતે પવિત્ર આત્મા પોતાનું કામ ચલાવવા માગે છે. વળી તે એવી વ્યવસ્થાઓ તથા ગોઠવણો ઉપર ઉતરે છે તથા એઓનો અભિષેક કરે છે એવું લખેલું નથી, પણ પ્રાર્થનામાં તત્પર રહેનાર માણસો પર ઉતરે છે તથા તેઓનો અભિષેક કરે છે. એક પ્રસિદ્ધ ઇતિહાસ લખનાર કહે છે કે મોટાં મોટાં રાજ્યોની જે મોટી ઉથલપાથલો થઈ તે કોઈ અમુક માણસોની પ્રકૃતિ ઉપર તથા વળણ ઉપર

આધાર રાખીને થઈ છે, નહિ કે ફિલસુફીથી અથવા સમુદાયોના યત્નોથી. અને આ વાત ખ્રીસ્તની સુવાર્તાને સંપૂર્ણ રીતે લાગુ પડે છે. ખ્રીસ્તના સેવકો ને ખાસ કરીને ખ્રીસ્તી ઉપદેશકોની વર્ત્તણુક તથા સદ્વર્તન જગતને ખ્રીસ્તની ગમ ફેરવી લાવનાર છે. સુવાર્તાનો ભાવાર્થ જગતના લોકોને સમજાવવાનું એટલુંજ નહિ પણ જગતમાં સુવાર્તાની આબાદાની ઉપદેશકોના હવાલામાં રાખેલી છે. ઉપદેશકથી દેવનો સંદેશો માણસોને જીવનદાયક થાય છે, અથવા તેનાથી નિરર્થક કરવામાં આવે છે. ઉપદેશકને સોનેરી નળીની ઉપમા પણ આપી શકાય, કે જેમાં થઈને ઈશ્વરી તેલ વહી શકે છે. નળી સોનાની હોવી જોઈએ એટલુંજ નહિ, પણ તે ખુલ્લી અને સ્વચ્છ હોવી જોઇએ, કે જેથી અટકાવ વિના તેમાં થઈને પ્રવાહ ચાલી શકે.

માણસ જાતે જેવો હોય છે તેવો તે ઉપદેશક થાય. પણ માણસની જાત શ્રેષ્ઠ તથા દુરસ્ત કરનાર એકલો દેવ છે. સંદેશો ભારે હશે પણ સંદેશા કરતાં સંદેશિયો વધારે અસર કરનારો છે, તેમ ભાષણ કરતાં ભાષણકર્તા અધિક અસર કરનારો છે. જેવો ઉપદેશક તેવો તેનો ઉપદેશ. જેવી રીતે બાળકના પ્રાણાર્થે માના થાનમાંથી નીકળતું દૂધ માના જીવનનું તત્વ છે તેવીજ રીતે જે સઘળું બોધક બોધરૂપે કહે છે તે પોતાની આત્મિક સ્થિતિનું તત્વ છે, ને જેવી તેની આત્મિક સ્થિતિ તેવો તેનો બોધ થાય છે. " ખજાનો માટીનાં પાત્રોમાં " છે, ત્યારે તે માટીની વાસ તથા વર્ણનો પાસ ખજાનાને લાગ્યા વગર રહેતો નથી. માટે બોધકનું આખું માંહેનું માણસપણું પોતાના બોધની અંદર સમાઈ રહે છે એમાં શક નથી. એક ભાષણ તૈયાર કરતાં થોડાક કલાક લાગે, એવું ભાસે છે, પણ ખરૂં જોતાં એમ નથી. તે ભાષણ તૈયાર કરતાં બોધકને આખી જિંદગી લાગી, એમ કહીએ તો ચાલે. એ માણસને હાલ જેવો છે તેવો તૈયાર થતાં વીસ કે ત્રીસ કે પચાસ વરસ લાગ્યાં હશે, ત્યારે તેનું ભાષણ તૈયાર કરવામાં તેટલાંજ વરસ

થયાં છે એમ કહેવામાં ભૂલ નથી. જે ખરૂં બોધભાષણ તે સજીવ વસ્તુ છે, કેમકે ઉપદેશક કે ભાષણકર્તા પોતે આત્મિક જીવનમાં વૃદ્ધિ પામતો જાય છે ને તેનાં ભાષણો એ વાતની સાબિતી છે. જ્યારે શ્રોતાજનોને એવી લાગણી થાય છે કે ભાષણ નિર્મળ તથા શુદ્ધ છે, ત્યારે સમજવું કે બોધક પોતે એવોજ છે. ભાષણમાં જ્યારે દૈવી આસ્થા તથા જુસ્સો છે, તેનું કારણ એજ જાણવું કે ઉપદેશક પોતે એવાં વાનાંથી ભરપૂર છે. પાઉલ સુવાર્તા વિષે લખે છે કે તે "મારી સુવાર્તા," તો એ ઉપરથી એમ નથી સમજવાનું કે એણે સ્વચ્છંદીપણાથી અથવા સ્વાર્થથી સુવાર્તાની કંઇ વધઘટ કરી હતી; પણ ખ્રીસ્તની સુવાર્તા તે પાઉલના અંતઃકરણમાં તો શું પણ તેની રગેરગે વ્યાપી રહેલી હતી. જાણે તેને પવિત્ર અનામત તરીકે સ્વાધીન કરવામાં આવી હોયની, એમ તે સમજતો હતો, ને એમ તેની પ્રકૃતિ અનુસાર તે બળી ઉઠતા અંતઃ-કરણથી તથા ઉભરાતા જુસ્સાથી તેને સર્વત્ર ફેલાવવાને બંધાયલો હતો, એમ પોતે ગણતો હતો. પાઉલે આપેલાં બોધભાષણ કેવાં હતાં? અને એ બોધભાષણ હાલ ક્યાં છે? તેઓના છુટા છુટા કંઈ ભાગો ઈશ્વર પ્રેરિત શાસ્ત્રમાં નજરે પડે છે; પણ પાઉલ પોતે પોતાનાં સર્વ બોધભાષણો કરતાં અધિક હતો. હા, પાઉલ હજી જીવે છે ને કાબેલ કારિગરની પેઠે મંડળીને સુશોભિત રચ્યાં કરે છે. બોધભાષણ એ ફક્ત વાણીરૂપે છે, અને તે વાણી કંઈ કાળ વીત્યે સંભળાતી બંધ પડે છે, તેની અસર પણ અંતઃકરણમાં મંદ થાય છે અને ધીમે ધીમે તે વિસરી જવાય છે; પણ બોધ કરનાર માણસનું વિસ્મરણ થતું નથી, ને શ્રોતાજનો પર જે અસર તેનાથી થઈ છે તે કાયમ રહેશે. ઉપદેશકમાં જેટલું જીવનદાયક પરાક્રમ હોય છે, તેથી અધિક પરાક્રમ તેના બોધભાષણમાં મળવાનું નથી. નિર્જીવ માણસોનો બોધ નિર્જીવજ હોય છે, અને એવો બોધ નાશ કરનાર થાય છે. માટે ઉપદેશક ઉપર,

એટલે તેની જાત ઉપર, તેની પોતાની પ્રકૃતિ ઉપર તથા તેના સદ્વર્તન ઉપર, સઘળાનો આધાર રહે છે

યહુદી લોકના પ્રમુખ યાજકની પાઘડીને મોખરે સોનાનું પત્ર હતું, જેના પર આ શબ્દો કોતરેલા હતા:—"દેવને સારૂ પવિત્ર." અને એ પ્રમાણે ખ્રીસ્તની પવિત્ર સેવા કરનારા દરેક કામદારના હૃદયમાં તથા તેનાં સર્વ કૃત્યો પર એજ ઉલ્લેખ કોતરેલો હોવો જોઇએ, કારણ કે ખ્રીસ્તના સેવકો કોઈ પ્રકારે, એટલે વર્તણુકમાં તથા પવિત્રાઈના પ્રમાણમાં યહુદી યાજકોના કરતાં ઉતરતી પંક્તિના હોય તે મોટી શરમની વાત કહેવાય. યોનાથાન એડવર્ડઝના જીવનચરિત્રમાં તે એક ઠેકાણે કહે છે કે, "હું પવિત્રાઈની શોધમાં તેમ ખ્રીસ્તના જેવા થવાના પ્રયત્નોમાં આગળ ને આગળ વધતો ગયો, કેમકે જે સ્વર્ગમાં હું જવાની ઉમેદ રાખું છું તે અતિશય પવિત્ર સ્થાન છે."

ખ્રીસ્તની સુવાર્તા કેવળ લોકોના ચડતા ઉતરતા તરંગોથી પ્રસાર પામતી નથી; વળી પોતાના જાતિ બળે કરીને પણ ફેલાતી નથી. જે માણસોના હાથમાં તે સોંપાયલી છે તેઓ જેમ આગળ વધે છે તેમ તે આગળ વધે છે. સુવાર્તાને પ્રગટ કરનારે પોતે સુવાર્તારૂપી હોવું જોઇએ. સુવાર્તામાં જે ખાસ દિવ્ય લક્ષણો તથા શોભા રહેલી છે તે બોધકમાં દેખાઈ આવવી જોઇએ. વળી જે પ્રીતિ બીજાઓનું ગ્રહણ કરનાર છે તથા સર્વને મેળવી લેનાર અને હુંપદનું વિસ્મરણ કરાવનાર હોય છે, તે પ્રીતિનું બળ બોધકમાં હોવું જોઇએ. સ્વનકાર તેનામાં એવો હોવો જોઈએ કે તે તેનું જીવન છે, ને તેના રગેરગમાં વ્યાપેલું છે એમ કહીએ તો તે અતિશયોક્તિ ન ગણાય. તેણે માણસો મધ્યે લીનતાએ તથા નમ્રતાએ પહેરેલા થઇને રહેવું. વળી સાપના જેવા હોશિયાર, કબુતરના જેવા સાલસ હોવું જોઈએ. તેણે રાજાના જેવા ઉમદા તથા મોટા મનવાળા છતાં સર્વની સેવા કરનાર થવું; રાજાના જેવી અમીરી તથા સ્વતંત્રતાવાળી પ્રકૃતિની સાથે તેનામાં બાળકના જેવું ભોળાપણું

તથા માધુર્ય જોઇએ. માણસોના તારણાર્થે જે પ્રયત્નો કરે છે તેમાં તેણે પોતાને સંપૂર્ણ ખાલી કરીને તથા હુંપણું દૂર કરીને ગુંથાયલા રહેવું. જેઓ આ જમાનાના લોકને દેવને સારૂ મેળવવા તથા ઘડવાની ખાએશ રાખે છે તેઓએ શુદ્ધ હૃદયના, શૂરા, માયાળુ અને ખ્રીસ્તને માટે પ્રાણ આપનાર થવું જોઇએ. જો તેઓ બીકણા કે ખુશામતીઆ હોય, જો તેઓ માણસોને ખુશી કરનારા અથવા માણસની બીક રાખનારા, દેવ પર તથા તેના વચન પર અપૂર્ણ ભરોસો રાખનારા, ને અધુરો સ્વનકાર કરનારા હોય, તો તેઓ કોઈ પણ પ્રકારે મંડળી પર અથવા જગત પર દેવના રાજ્યને અર્થે અસર કરવા શક્તિમાન થઈ શકે નહિ.

ઉપદેશકે પ્રથમ પોતાને પોતાનો બોધ તિક્ષ્ણ રીતે તથા બારીકીથી લાગુ પાડવો જોઇએ. જે કામ તેણે કરવાનું તેમાં સૌથી અઘરૂં, કષ્ટે ભરેલું તથા પાકું કામ પોતાને લગતું થવું જોઇએ. ખ્રીસ્તે જે કામો કર્યાં હતાં તેમાંનું મોટામાં મોટું, અઘ-રામાં અઘરૂં, પણ અતિ ફળવંત કામ તે તેના બાર શિષ્યોને કેળવવાનું કામ હતું.

બોધક ભાષણ તૈયાર કરી જાણે તે બસ નથી. માણસોને લઇને તે તેઓને ઈશ્વરભકતો ને સંતો કરનાર છે. અને જે બોધક પોતે ઈશ્વરભક્ત તથા સંત છે તેજ માત્ર આ કામને માટે લાયક ઠરે છે. દેવ પોતાની સેવાને માટે મોટા વિદ્વાનોને અથવા મોટા વક્તાઓને માગે છે એમ નથી, પણ જેઓ પવિત્રાઈમાં મોટા, વિશ્વાસમાં તથા પ્રીતિમાં મોટા, તથા દેવ પ્રત્યેની વફાદારીમાં મોટા છે એવાને માગે છે. એવા ઉપદેશકો સિંહાસન (pulpit) ઉપર ચઢીને પવિત્ર બોધ-ભાષણ કરે છે, એટલુંજ નહિ, પણ બીજે બધે ઠેકાણે પોતાની પવિત્ર ચાલથી બોધ કરે છે. જે પાળકો એવા હોય છે તેઓજ દેવને સારૂ માણસોને ઘડી શકે છે.

આવીજ તરેહના માણસોથી જગતમાં ખ્રીસ્તી ધર્મનો ફેલાવ પુરાતન કાળમાં થયો હતો. તેઓ પ્રભુના કામમાં દૃઢ તથા મક્કમ હતા. આ જગતના ડોળ પ્રમાણે નહિ, પણ આકાશી નમુના પ્રમાણે કરનારા કરાવનારા હતા—શુરવીર, આસ્થાવાન, સારા સૈનિકના જેવા, અને ભક્તિશીળ હતા, વળી તેઓ સુવાર્તાને માટે પુરેપુરો સ્વનકાર કરનારા તથા દેહ સંબંધી વધસ્તંભે જડાયલા, હોંસીલા, ઉદ્યોગી, અને ખ્રીસ્તને માટે પ્રાણ આપનારા હતા. તેઓએ એવી આસ્થાથી તથા અંતઃકરણના પુરા આવેશથી કામ કર્યું કે જેની અસર પોતાના જમાનાના લોક પર થયા વગર રહી નહિ. એવી રીતે તેઓ પોતાના કાળના લોકો મધ્યેથી દેવને સારૂ પવિત્ર ખાસ પ્રજાને ઉભી કરવાને ફળીભુત થયા.

જે બીજાઓને બોધ કરે છે તેણે પ્રાર્થનામાં ખાસ કરીને લાગુ રહેવું જોઇએ, કેમકે તેની પાસે જે સામગ્રી છે તેમાંનું સૌથી સમર્થ હથીઆર તે પ્રાર્થનાજ છે. વળી પ્રાર્થનામાં એવું કંઈ ખાસ આત્મિક બળ રહેલું છે કે જે બીજાઓને જીવન પમાડે છે તથા આસ્થાવાન કરે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે અસરકારક ભાષણની ઉત્પત્તિ એકાંતમાંજ થાય છે. “દેવને સારૂ પવિત્ર” એવું પાત્ર “પોતાની ઓરડીમાં...બારણું બંધ કરીને” તૈયાર થાય છે. એવા માણસની જિંદગીની સફળતા તથા તેનો વિશ્વાસ તથા આત્મિક બાબતો વિષે અનુભવ તથા નિશ્ચય દેવ સાથે પ્રાર્થનાદ્વારે વાત કરવામાં પ્રફુલ્લિત થયાં. બીજાઓના આત્માનો ભાર તથા કષ્ટ ઉપાડી લેવાની ને તેઓને અસરકારક તથા આકર્ષનીય બોધ આપવાની શક્તિ દેવની સાથે વધારે વખત ગાળવાથીજ થઈ હતી. પ્રાર્થનાથી બોધક બને છે; ને પ્રાર્થનાથીજ ખ્રીસ્તનાં ઘેટડાંનો ખરો પાળક બને છે. હાલના ખ્રીસ્તી મંડળીના ઉપદેશકો પ્રાર્થના કરવામાં પછાત છે. પોતાની વિદ્યા પર અટેલીને ઘણાઓ વ્યર્થ અભિમાન કરે છે, ને તેથી તેઓ પ્રાર્થના કરનારાની નમ્રતા સ્વીકારી શકતા નથી.

ઘણે ભાગે જે પ્રાર્થનાઓ દેવળમાં થાય છે તેઓ કેવળ "રીતસર" હોય છે, ને જાણે એમ કરવાની ફરજ હોય, તેમ કરવામાં આવે છે. પાઉલ જેવી રીતે નિત્ય પ્રાર્થના કરતો ને તેથી પોતાના અંતરમાં તથા સુવાર્તાના કામમાં ચમત્કારિક બળ તથા ફતેહ પામતો હતો તેવી પ્રાર્થના કરનારા હાલના સમયમાં દુર્લભ છે.

બેશક જે કોઈ ઉપદેશક પ્રાર્થના કરવા વિષે સુસ્ત અથવા બેપરવા રહે છે તે પ્રભુના કામને વાસ્તે તથા સુવાર્તાના ફેલાવને વાસ્તે નિષ્ફળ તથા બળહીન થશેજ.

અધ્યાય ૨.

દેવનાં અતિ મિષ્ટ કૃપાદાનોનો સહેજ ગેરઉપયોગ કરવાથી માઠાં ફળ નિપજાવનારાં થઈ શકે છે. સૂર્ય સર્વને સજીવન કરે છે, પણ તેનાંજ કિરણોની ઝાળથી મોત પણ નીપજે છે. બોધથી આત્મિક જીવન પ્રાપ્ત થાય છે, તેમ તેથી મરણ પણ નીપજે છે. ઉપદેશકના હાથમાં મરણ તથા જીવનની કુંચી છે, જેથી તે ઉઘાડી શકે છે, તેમ બંધ પણ કરી શકે છે. દેવનાં વચનોનો બોધ કે શિક્ષણ આત્મિક જીવનની ઉત્પત્તિ તથા તેના પોષણને અર્થે દેવે ઠરાવેલી સંસ્થા છે. તેનો બરાબર અમલ કરવામાં આવે, તો તેથી અગણિત ફળ છે; પણ તેથી ઊલટું થાય તો તેનાથી હાનિકારક પરિણામ નીપજે છે. ઘેટાંપાળક અસાવધ હોય કે બીડ ઉજ્જડ મેદાન કરી નાખવામાં આવે, તો ઘેટાંનું ટોળું સહેજ નાશ પામે છે. વળી પહેરેગીરો ઊંઘતા હોય કે ખાવામાં કે પાણીમાં ઝેર નાખવામાં આવે તો તેથી કિલ્લામાં રહેલાં માણસો સહેલથી વશ કરી શકાય. તો આવા આવા હક્કો પામેલા તથા આવી આવી ગંભીર જોખમદારીથી ઘેરાયલા ઉપદેશકને તથા તેના બોધને ખલેલ પહોંચાડવાને શેતાન ઘણી ચતુરાઈથી કુયુક્તિઓ રચે એ માત્ર સંભવિત

છે. તે પ્રમાણે વાત છે માટે "એ કાર્યોને સારૂ કોણ યોગ્ય છે?" પાઉલનો એ ઉદ્‌ગાર સદા મનમાં રાખવો ઉચિત છે.

પાઉલ બીજે ઠેકાણે લખે છે કે, "અમારૂં સામર્થ્ય દેવથી છે તેણે પણ અમને નવા કરારના એટલે અક્ષરના તો નહિ પણ આત્માના યોગ્ય સેવકો કર્યા, કેમકે અક્ષર મારી નાખે છે, પણ આત્મા જીવાડે છે." તો આ ઉપરથી સાફ માલમ પડે છે કે જે સેવામાં આપણે તેડાયલા છીએ તેમાં દેવનો આત્મા, દેવનું સામર્થ્ય તથા દેવની નિમણુક હોય છે. દેવનો આત્મા પોતાના સેવકનો અભિષેક કરે છે. અને તેનાં ફળ નિત્ય તેના અંતઃકરણમાં હોય છે. દેવનો આત્મા બોધ કરનાર માણસને તથા તેના બોધને સામર્થ્યવાન કરે છે. અને તેથીજ તેના બોધમાં જીવનના ઝરાની માફક જીવન સમાયલું હોય છે. વસંત ઋતુ જેમ સઘળી વનસ્પતિને નવું જીવન પમાડે છે તેમ પવિત્રાત્મા નવું આત્મિક જીવન પમાડે છે; જેમ પાકની મોસમ ફળભર્યું જીવન દે છે તેમ પવિત્ર આત્મા ફળભર્યું આત્મિક જીવન આપે છે. જે ઉપદેશક બીજાઓને જીવન પમાડે છે તે અલૌકિક છે. તે ખરેખર દેવનો વહાલો છે. તેનું અંતઃકરણ દેવને સારૂ સદા તલપી રહેનારૂં છે; તેનું મન દેવ પ્રત્યે એકનિષ્ટ છે; તેનામાં દેવની અગમ્ય કૃપાએ કરીને દેહના વિષયો તથા જગતની માયા વધસ્તંભે જડાયલાં છે, અને તેની આખી જિંદગી જાણે એક સર્વેને ઉપકાર કરનારી નદીના જેવી છે.

જે બોધથી મરણ નીપજે છે તે પવિત્ર આત્મા રહિતનો બોધ છે. તેમાં રહેલી જે કંઈ શક્તિ કે જુસ્સો હશે તે તો દેવ તરફથી નથી. એવા ઉપદેશકમાં કે તેના બોધમાં આત્માનાં ચિહ્ન જણાતાં નથી. એવા બોધમાં વિવિધ પ્રકારની ગ્રહણ-શક્તિ હોય, પણ તે પવિત્ર આત્માથી નથી. જે ઉપદેશથી આત્મિક મરણ ફેલાય છે તેમાં ઘણી વાર ચતુરાઈ તથા હોશિયારી પ્રગટ થાય છે, ને કંઈક પરાક્રમ તેમાં માલમ પડે

છે, પણ તે પરાક્રમ આત્મિક નથી; તે કૃત્રિમ છે, ખરા પરાક્રમનો ઓળો કે આભાસ માત્ર છે. આવું બોધભાષણ જો કે બહુ બારીકીથી તથા સુશોભિત રીતે ગોઠવેલું હોય તો પણ તે માત્ર "અક્ષરી" બોધભાષણ છે; એવા ભાષણમાં જીવનનું સત્ત્વ તથા શાસ્ત્રીય સત્યતા જોવામાં આવે તો પણ જાગ્રત કરવાનું તેનામાં બળ નથી. તે કમોસમે વાવેલા બી જેવું છે કે જે ઉગી નીકળતું નથી. બોધભાષણમાં સાચું જ્ઞાન જોઇએ એટલુંજ નહિ, પણ જીવન પમાડનારી આત્મિક શક્તિ જોઇએ, ને "અક્ષરી" બોધભાષણમાં તે હોતી નથી.

એવા બોધભાષણમાં લાગણીઓ ઉશ્કેરવાની શક્તિ ઘણીવાર માલમ પડે છે. શ્રોતાજનો રડી પડે કે ઉલ્લાસી થઈ જાય, પણ તે માત્ર ઉપર ઉપરનું છે. હોશિયાર નાટક બજાવનારો તેના સાંભળનારા તથા જોનારાના મનમાં એના જેવી અસર કરી શકે છે; ને જોયા પછી તેઓ ચાલ્યા જાય છે, ને જેવા હતા તેવા ને તેવા રહે છે.

મોટો અટકાવ ઉપદેશકના પોતામાંજ છે. પોતામાં માણસોને સજીવ કરવાની મહાભારત શક્તિ નથી. જો કે એવા બોધકના ધર્મચુસ્તપણા વિષે તથા પ્રમાણિકપણા વિષે તથા શુદ્ધતા વિષે કંઈ સંદેહ તો નહિ હોય, તો પણ તેનું માંહેનું માણસપણું કદી દેવને પુરેપુરૂં આધીન થયું નથી, તેથી કરીને તેનું માંહેનું જીવન દેવનો સંદેશો તથા દેવનું પરાક્રમ દર્શાવી આપવાને સમર્થ નથી. તેના હૃદયમાં હજી સુધી દેવ નહિ પણ જુનું માણસપણું (એટલે સ્વાર્થ) રાજ્ય કરે છે. તેથી કરીને પોતે કદાચ ન જાણે તો પણ પોતામાં કંઇ એવો રોગ છે કે જેથી જીવનનો પ્રવાહ અટકી પડ્યો છે. હજી સુધી પોતાની આત્મિક નાગાઈ તથા લાચારી તેના સમજવામાં આવી નહિ હોય, અથવા તો દેવની હજુરમાંથી આગ આવીને માંહેનું સઘળું શુદ્ધ કરે એટલે સુધી અવાચ્ય નિસાસાએ કરીને દેવ પ્રત્યે પોતાની અબળતા તથા લાચારીને માટે તેણે બુમ નહિ

પાડી હોય, ને તેથી કરીને જે મંદિર દેવને સારૂ પવિત્ર રાખવું જોઇતું હતું તે તેણે મગરૂબીથી તથા સ્વાર્થથી અપવિત્ર કરી નાખ્યું છે. જે બોધથી બીજાઓને જીવન મળે છે તેને માટે તેને ભારે કિંમત આપવી પડે છે, અને તે કિંમત એ છે કે પોતા સંબંધી તથા જગત સંબંધી વધસ્તંભે જડાવું તથા આત્માનું કષ્ટ વેઠવું. એવા ઉપદેશથીજ આત્મિક જીવન પ્રાપ્ત થાય છે. અને વધસ્તંભે જડાયલા માણસોથીજ એવો ઉપદેશ કરી શકાય છે.

અધ્યાય ૩.

જે બોધભાષણથી આત્મિક જીવન નહિ પણ આત્મિક મરણ નીપજે છે તે ઘણીવાર શાસ્ત્રાનુસાર તથા સાર્વજનિક મંડળીએ જે ધર્મસિદ્ધાંતો સ્વીકાર્યા છે તેઓને અક્ષરોઅક્ષર તથા અચુક મળતું હોય છે. હવે ધર્મસિદ્ધાંતો સંબંધી શુદ્ધ તથા નિર્મળ શિક્ષણ આપવામાં આવે એવું આપણે સહુ ચાહીએ છીએ. એવું શિક્ષણ સારૂં છે; એટલુંજ નહિ, પણ તે તો ઉત્તમોત્તમ શિક્ષણ છે, એમ કહીએ તો ચાલે; કેમકે એવા પ્રકારનું શિક્ષણ દેવના વચનનું શુદ્ધ તથા નિર્મળ સ્પષ્ટિ-કરણ કરનારૂં છે, ને પાખંડી તથા નુકસાનકારક શિક્ષણનું ખંડણ કરનારૂં છે, એટલુંજ નહિ પણ મંડળીમાં જો કંઈ બગાડ અથવા અવિશ્વાસ દાખલ થતો હોય તો તેથી તેનો અટકાવ થાય એમ છે. પણ એવી રીતનું ધર્મસિદ્ધાંતનું ચુસ્તપણું જો કે શુદ્ધ તથા નિયમિત હોય, તોપણ તે તો ફક્ત સારી રીતે ગોઠવેલું તથા તૈયાર કીધેલું અક્ષરી જ્ઞાન છે, કે જેથી જીવન નહિ પણ મરણજ નીપજે છે.

એવી રીતનું બોધભાષણ કોઇવાર બહુ ઊંડા વિચારવાળું તથા ઉત્તમ ને સુંદર ભાષાના અલંકારથી સુશોભિત હોય છે; એમાં અલૌકિક કવિત્વ, વકતૃત્વ, તર્કજ્ઞાન ઇત્યાદિ હોય છે; એમાં પ્રાર્થનાના દાખલા, મન છક કરી નાખે એવાં દૃષ્ટાંતો,

ધ્યાન ખેંચે ને મન હરણ કરે એવું હોય, પણ તે માત્ર શબને શણગારનારી સામગ્રી અથવા કફનપેટીને શોભા આપનારાં સુંદર તથા કીમતી ફુલ જેવું છે. વળી જે બોધ-ભાષણથી મરણ નીપજે છે તે કોઈ વાર વિદ્વતા વિનાનું પણ હોય છે; ભાષણકર્તા પિષ્ટપેષણ કર્યાં કરે, તેના બોધમાં કદી નવા વિચાર, કે નવા ને મન પર અસર કરે એવા દાખલા દૃષ્ટાંતો મળે નહિ, સાંભળનાર કંટાળી જાય, ને સાંભળ્યા પછી કશું નવું કે યાદ રાખવા જેવું રહે નહિ એવું થાય છે. એવા બોધમાં નહિ કંઈ ખાનગી અભ્યાસ, નહિ કંઈ ઊંડો વિચાર, નહિ કંઈ મનન, કે મહેનત કે ગોઠવણ કે પ્રાર્થના. જે મંડળીનો પાળક એવો બોધ આપનારો હોય છે, તેની સ્થિતિ ખરેખર દયામણી છે, તેમાં માત્ર મરણ ને નિર્જીવપણું વ્યાપી રહે તેમાં શી નવાઈ?

આ અક્ષરી બોધ માત્ર ઉપર ઉપરની બાબતો સંબંધી હોય છે; માંહેની વાતોની સાથે તેનો કંઈ સંબંધ નથી. તે હૃદયમાં પેસી શકતો નથી. પ્રભુના વચનથી જે આત્મિક જીવન ઉત્પન્ન થાય છે, તથા બળવત્તર થાય છે તે વિષે તે અજાણ તથા બિનનુભવી છે. જે આપણું જીવન દેવમાં ગુપ્ત રાખેલું છે તે સંબંધી તે કશું જાણતો નથી. અક્ષરી બોધમાં એક જાતનું આકર્ષણ કોઈવાર માલમ પડે છે, પણ તે માત્ર માણસને ખુશ કરનારો ને મન રંજન કરનારો હોય છે; ઈશ્વરની પવિત્ર હજુરમાં કોઈને લાવનારો નથી. ખરું કહીએ તો તેમ થવાનું કારણ તે ઉપદેશક પોતામાં છે; તેને ઈશ્વરે ઉપદેશક કીધો નથી, તે માણસોએ બનાવેલો ઉપદેશક છે. બોધભાષણ-રીતિ તે જાણે છે; નિયમિત રીતે તે ગોઠવી શકે છે; રીતસર બધું કરે; પણ ઈશ્વરની અગાધ વાતોનું તેને કશું જ્ઞાન કે સમજ કે મહાવરો કે અનુભવ નથી. જે "ઊંચું તથા ઉન્નત રાજ્યાસન" યશાયાહે જોયું તે તેણે કદી જોયું નથી; સરાફીમનું ગીત તેણે કદી સાંભળ્યું નથી; રાજ્યાસન પર બેઠેલાનું દર્શન તેણે કદી

જોયું નથી, ને દૂતોની સાથે ઈશ્વરની પવિત્રાઈ આગળ તે કદી ધૂળમાં પડયો નથી; પોતાની લાચારી તથા ભ્રષ્ટતાની લાગણી તેને કદી થઈ નથી, ને દેવની વેદી ઉપરથી લીધેલા અંગારથી તેના હોઠો તથા તેનું હ્રદય શુદ્ધ થએલાં નથી. દેવળમાં તેનું સાંભળવા કદાચ ઘણા માણસો આવે, પણ તે માત્ર રીતસર, જેવા આવે તેવા પાછા જાય; નહિ ઉલ્લાસ થવાનો, ને નહિ દેવની સાથે સમાગમ. માણસો ખુશખુશ થઈને ચાલ્યા જાય છે, પણ કોઈનું પવિત્રીકરણ થયું નથી. આવા દેવળને આપણે જીવતી તથા બળવાન ફોજની ઉપમા નહિ, પણ સુશોભિત સણગારેલા કબરસ્થાનની ઉપમા આપીએ તો તે ખોટું નહિ કહેવાય. એવા દેવળમાં સ્તુતિ તથા પ્રાર્થના ગુંગળાઈ મરે છે; એવો ઉપદેશક તથા એવો બોધ શેતાનના રાજ્યને કદી ધક્કો પહોંચાડે નહિ.

જે બોધભાપણથી મરણ નીપજે છે તે પ્રાર્થના વગરનું બોધ-ભાપણ હોય છે. જે ઉપદેશક પ્રાર્થના નથી કરતો તે જીવન નહિ પણ મરણ પસારનારો છે. જે ઉપદેશક પ્રાર્થના કરવા વિષે નબળો છે તે જીવન પમાડનારા બળ વિષે પણ નબળો હોય છે: જેમ પ્રાર્થના કરવા વિષે તે મંદ તથા બેપરવા થતો જાય છે તેમ, ને તેના પ્રમાણમાં, તે આત્મિક જીવન પમાડનારૂં બળ પોતાના બોધમાંથી કમી કરતો જાય છે. રીતસર તથા પગાર દાખલ ઉપદેશ આપનારા થયા છે, થાય છે ને થશે, પણ તેવો ઉપદેશક પ્રથમ રીતસર ને નામની પ્રાર્થના કરનારો થયો હતો, એમ ખાતરીથી જાણવું. ઘણાં દેવળોમાં ભક્તિસેવા નિર્જીવ તથા અવિવેકી જોવામાં આવે છે; પ્રાર્થના વખતે ધ્યાન રાખવામાં આવતું નથી, ગમે તેવી રીતે બેસવામાં આવે છે, બેઅદબી ઘણીવાર દેખાય છે, તે બધાનું ખરૂં કારણ પુછો તો તે ઉપદેશકનો નમુનો છે. ઉપદેશક જો લાંબી, નીરસ, અર્થવિનાની, ખાલી પ્રાર્થનાઓ કરે કરાવે તો પરિણામ આવુંજ થશે એમાં કશો શક નથી.

ટુંકી, સજીવ તથા અંતઃકરણમાંથી ઉદ્ભવતી પ્રાર્થનાઓ, એટલે પવિત્ર આત્માની પ્રેરણાથી કરેલી પ્રાર્થનાઓ બધે થાય તો કેવું સારૂં! કોલેજમાં જઈને વિદ્યાર્થીઓ ધર્મસિદ્ધાંતો તથા શાસ્ત્રજ્ઞાન સંપાદન કરે છે, એ તો સારૂં, પણ તે કરતાં વધારે અગત્યની વાત આ છે કે તેઓ પ્રાર્થના કરતાં શીખે.

હવે અહીં થોભો! વિચાર કરો કે આપણી આ બાબત વિષે શી હાલત છે? આપણે ઉપદેશકો થઈને શું કરીએ છીએ? આપણો ઉપદેશ જીવન અથવા મરણ નિપજાવનારો છે? વળી આપણી પ્રાર્થનાઓ જીવન અથવા મરણદાયક છે? કોની પ્રાર્થના કરીએ છીએ? શું, મહા મોટા તથા મહિમાવાન પરમેશ્વરની? સર્વ સૃષ્ટિને ઉત્પન્ન કરનારની તથા સઘળા માણસોના ન્યાયાધીશની? એવા પરમેશ્વરની પ્રાર્થના કરવાને માટે કેટલી બધી ગંભીરતા તથા સભ્યતા તથા આસ્થા, તથા સાદાઈ તથા સત્યતા તથા અંતઃકરણની શુદ્ધતા જોઈએ છે! એવા પરમેશ્વરની પ્રાર્થના કરવા સારૂ કેવા ખંતીલા તથા નિષ્કપટી આપણે હોવું જોઇએ? આપણાં સઘળાં કામો તથા વાતોમાં સહુથી ઉચ્ચ તથા શ્રેષ્ઠ તથા ઉમદા કામ તે તો પ્રાર્થના છે. જે પ્રાર્થનાથી આત્મિક મરણ થાય છે તે આપણે નજ દઈએ, ને જે પ્રાર્થનાથી જીવન થાય છે, જે પ્રાર્થનાથી આપણો બોધ જીવનદાયક થશે, ને જેથી પરમેશ્વરનું મહાન બળ આપણી અગત્યો પુરી પાડવા સારૂ તથા આપણી નબળાઇ તથા લાચારી દૂર કરવા સારૂ મળશે તેવી પ્રાર્થના કરનારા હવેથી થઈએ તો કેવું સારૂં!

અધ્યાય ૪ થો.

પ્રભુની સેવા કરવામાં બોધકોને બે ભૂલો વિષે સાવચેત રહેવાની જરૂર છે. કેટલાક ઉપદેશકો એકલવાસ પાળે છે ને લોકોથી અલગ રહીને બનતા સુધી કોઈ સાથે વાત પણ કરતા નથી. મઠવાસીઓની રીત એવી હતી. તેઓ એવું સમજતા

કે માણસોના સમાગમથી દૂર રહીએ તો ઇશ્વર સાથે વધારે નિકટનો સંબંધ રાખી શકાય. પણ આપણે સહુ જાણીએ છીએ કે એ તેમનો ઉદ્દેશ નિષ્ફળ ગયો. ઇશ્વર સાથે આવો નિકટનો સંબંધ રાખ્યાથી જે અમૂલ્ય લાભ સંપાદન કરીએ છીએ તે જો પોતાના સ્વાર્થી ઉપયોગમાં રાખવા જઇએ તો તે લાભ જતા રહેશે, ને નહિ જેવા થશે; બીજાઓને પમાડવા સારૂ તે લાભ આપણને મળેલા છે એમ સમજીએ ને તેઓને તે વહેંચી આપીએ તોજ તે લાભ કાયમ રહેશે. હાલના જમાનામાં ઘણાખરા લોકો ઇશ્વરની સાથે પોતાનો વખત ગાળવા ખુશી નથી, બલકે ઘણા ઉપદેશકો પણ તેમ કરવા માગતા નથી. તેઓ પોતાની કોટડીમાં એકાંતે બેસીને અભ્યાસ કરે, પુસ્તકો વાંચે, શાસ્ત્રનાં પાનાં ઉથલાવે, બોધ-ભાષણો તૈયાર કરે, પણ કયાં રહ્યો ઇશ્વર, ને કયાં રહ્યા લોકો? તેઓના મનમાંએ નહિ, ને ચિત્તમાં પણ નહિ! જે ઉપદેશક મોટી મોટી વાતોનો ભારે અભ્યાસ કરનારો થાય છે તે પ્રાર્થનામાં ભારે આગ્રહી હોવો જોઇએ, નહિ તો તે ભારે નિષ્ફળ, દંભી ને નિઃસત્ત્વ થશે, ને એવો સેવક પ્રભુની નજરમાં છેલ્લામાં છેલ્લો ગણાશે.

બીજી જે મોટી ભૂલ ઘણીવાર થાય છે તે આ છે કે બોધક લોકપ્રિય ને પ્રશંસિત થવા સારૂ યત્ન કરે છે. એટલે તે ઇશ્વરભક્ત તરીકે નહિ પણ સંસારી કામકાજમાં પ્રવીણ થવા ચાહે છે. લોકોની સાથે તે એવો ગુંથાયલો રહે છે કે પ્રાર્થના કરવાની ફુરસદ મળે નહિ. લોકો દેવળમાં સંખ્યા-બંધ આવે, તેનાં ભાષણો સાંભળીને ખુશ થાય; લોકોમાં તેની વાહવાહ થાય તો બસ! ઇશ્વરની સાથે પોતાના સંબંધ વિષે વિચાર નથી કરતો, પોતાનું કાર્ય ચલાવવામાં પ્રાર્થનાની વિશેષ અગત્ય તેને જણાતી નથી. બધું નિયમિત રીતે થાય તો બીજું શું જોઇએ, એવો તેનો વિચાર છે. પણ આવા વિચારો ને ઉપદેશનું કાર્યક્રમ આવે ભાવે કર્યાથી જે મંડળીમાં

નુકસાન થયું છે તે કલ્પી શકાય એવું નથી. આપણે નિશ્ચે સમજવું જોઈએ કે જેવો ઉપદેશક ઈશ્વરપ્રાર્થના કરવામાં—પછી તે પોતાને સારૂ, ને પોતાના લોકોને સારૂ—સબળ થાય છે તેવી તેની ફતેહમંદી થવાની, ને આ લોક તથા પરલોકમાં તે ઈશ્વરને વાસ્તે તથા માણસોને વાસ્તે ફળ લાવનારો થશે.

ઘણીજ પ્રાર્થના કર્યા સિવાય કોઈ પણ બોધક પોતાને મળેલા અત્યુત્તમ તેડાને લાયક આત્મિક ભાવ રાખે એ અશક્ય છે. પોતાનું બહારનું કર્તવ્ય કરવાની ગમે તેટલી કાળજી રાખે, ને રીતસર પાળકનું બધું નિયમિત કામ ખંતથી કરે, પણ તેટલાથી તે જેવો હોવો જોઈએ તેવો થશે એવી આશા રાખવી વ્યર્થ છે. હા, દેવળને વાસ્તે બોધભાષણ તૈયાર કરવાનું કામ, જો તે જાણે પોતાના ધંધાની પેઠે કરવામાં આવે તો તેથી—જાથુ પ્રાર્થના ન થાય તો,—હૃદયને ઈશ્વરથી વેગળું કરનારૂં થશે. સૃષ્ટિના નિયમોનો અભ્યાસ કરતાં કરતાં ઘણા મોટા વિદ્વાનો સૃષ્ટિના ઉત્પન્ન કરનાર પરમેશ્વરને ભુલી ગયા છે. એમ ભાષણપદ્ધતિમાં મશગુલ થએલો ઉપદેશક પણ ઈશ્વરને ભુલી જાય.

પ્રાર્થના કર્યાથી આપણું મન તાજું થાય છે; ઈશ્વરના મનની સાથે આપણું મન એકરસ થઈ જાય છે, ને પ્રભુના લોકો પ્રત્યે સહાનુભૂત થાય છે; પ્રાર્થના કર્યાથી ઉપદેશક ધંધાદારી તરીકે નહિ, પણ પવિત્ર આત્માથી ભરપૂર થઈ પોતાનાં નાનાં મોટાં સર્વ કર્તવ્યો જીવથી તથા જોરથી કરનારો થશે.

પાદરી સ્પર્જન સાહેબ કહે છે કે, "બીજા બધા ખ્રીસ્તીઓ કરતાં બોધક (પાળક) પ્રાર્થના કરનારા તરીકે મશહુર હોવો જોઈએ. અલબત તે સાધારણ ખ્રીસ્તી તરીકે પ્રાર્થના કરે છે, નહિ તો તે ઢોંગી ગણાય; પણ સાધારણ ખ્રીસ્તીઓના કરતાં તે વધુ પ્રાર્થના કરે નહિ તો તે પાળકપદને લાયક નથીજ, એ સિદ્ધ છે. જેઓ પાદરીઓ થઈને પ્રાર્થનામાં લાગુ નથી રહેતા તેઓના હાલ ખરેખરા દયામણા છે; એટલુંજ નહિ પણ એવા

પાળકની દેખરેખ નીચે જે લોકો છે તેઓની સ્થિતિ પણ દયામણી છે. એવો દહાડો આવે છે કે જેમાં એવા પાળકો ફજેત થઈને શરમાઈ જશે. આપણી પુસ્તકશાળાઓથી ને આપણા મોટા મોટા અભ્યાસથી જે કંઈ લાભ આપણને મળતો હશે તે પ્રાર્થનાથી મળતા લાભની આગળ કંઈ નહિ જેવો છે."

જે પ્રાર્થનાઓથી આપણું કામ સાર્થક ને સફળ થશે તે લોંદામાં સ્વાદ આપવા સારૂ સહેજ મીઠું નાંખવા જેવી વાત નથી. પ્રાર્થના તે આપણો શ્વાસોશ્વાસ હોવો જોઈએ. તે આપણી રગેરગ વ્યાપી રહે ત્યારે ખરી કહેવાય. પ્રાર્થના કરવાની ફરજ એવી નથી કે તે વખત મળે તો કરાય ને ન મળે તો ફિકર નહિ. બીજું એ કરતાં અગત્યનાં કામકાજથી પરવારીને કરી શકાય એમ નથી. એના કરતાં અગત્યનું કામ એકે બીજું નથી. તેને માટે આપણા વખતમાંનો સહુથી સારો વખત આપવો જોઈએ. તેનામાં આપણું આખું મન ને બળ આપવું જોઈએ. તેમાં એમ ન જાણવું કે પ્રથમ અભ્યાસ ને પછી પ્રાર્થના, કે પ્રથમ જાતજાતનાં નિત્યકર્મ ને પછી પ્રાર્થના—વખત રહે તો! પણ એમ સમજવું કે પ્રથમ પ્રાર્થના, ને તેથી અભ્યાસ સફળ થશે ને નિત્યકર્મ યોગ્ય કરાશે. જે પ્રાર્થનાથી આપણી સેવા પર સારી અસર થાય છે તે પ્રાર્થનાથી આપણી જીંદગી ઉત્તેજિત થશે. વળી તેથી સદ્‌વર્તનનું નવું રૂપ થશે; ને જે પ્રાર્થનાથી સદ્‌વર્તનનું રૂપાંતર થાય છે તે કંઈ જેવી તેવી પ્રાર્થના નજ હોય. જેમ ખ્રીસ્ત વિષે વાંચીએ છીએ કે તેણે "મોટે ઘાંટે તથા આંસુએ પ્રાર્થના તથા કાલાવાલા કીધા" (હેબ્રી. ૫:૭) તેમ આપણે પ્રાર્થના કરવી; જેમ પાઉલ વિષે વાંચીએ છીએ કે તેના "અંતઃકરણની ઇચ્છા તથા દેવ પ્રત્યે તેની પ્રાર્થના" પોતાના લોકોના તારણને સારૂ હતી, તેમ આપણી પણ હોવી જોઈએ; જેમ યાકૂબ પોતાના પત્રમાં ખરી પ્રાર્થના વિષે લખે

છે કે તે સાર્થક થાય છે તેવી જોઇએ. અર્થાત્ ધૂપદાનીમાં ઈશ્વર આગળ અર્પવા લાયક જોઇએ.

પ્રાર્થના કંઈ ગોખેલાં વાકયો રીતસર બોલવાની ટેવ નથી. ખાણું ખાધા પહેલાં પાંચ સેકંડમાં બોલી શકાય એવી ઉપકારસ્તુતિ નથી. તે આપણી જિંદગીમાંનાં સહુથી ગંભીર વરસોનું સહુથી ગંભીર કાર્ય છે. ખાવાપીવામાં જે કાળગમન થાય છે તેથી વધારે કાળ માગે છે. જેવી આપણી પ્રાર્થનાઓ તેવો આપણો બોધ થશે. સાર વિનાની પ્રાર્થનાઓથી સાર વિનાનો બોધ થશે.

ખરો ઉપદેશક પ્રાર્થનાશીલ માણસ તો હોયજ. પ્રાર્થનાની રીતિ શીખ્યાને લીધે તે બોધભાષણની પદ્ધતિ સમજી શકે છે. પ્રાર્થના કરતાં જો નહિ આવડે તો બધી વિદ્યા આવડતી હોય તો પણ તે વ્યર્થ નીવડે.

ઈશ્વરના એલચી તરીકે માણસોની સાથે ભાષણ કરવું મહા મોટું કાર્ય છે, પણ તેના કરતાં મોટું કાર્ય તે ઈશ્વરની સાથે માણસોને વાસ્તે ભાષણ કરવું છે. જે કોઈ ઉપદેશક ઈશ્વર સાથે માણસોને માટે વાત કરતાં જાણતો નથી તે સફળતાએ માણસની આગળ ઈશ્વરને સારૂ વાત કરી શકશે નહિ. જેમ આગળ કહ્યું છે તેમ કહું છું કે પ્રાર્થના વગરનો બોધ તો મરણ નિપજાવનારો બોધ છે.

અધ્યાય ૫ મો.

બોધકની જિંદગીના સર્વ ચરિત્રમાં, પવિત્ર શાસ્ત્રના તેના સર્વ અભ્યાસમાં તથા સિંહાસન પર ચઢીને બોધ દેવામાં પ્રાર્થના એવી અવશ્યની છે કે તે વિના કશું ચાલે નહિ. વળી તે કોઈ બીજા સાધનથી ઉતરતી જગા રોકે છે એવી નથી. તે સહુથી પહેલી, સહુથી અગત્યની છે એમ જાણવું. બોધકને પોતાના પ્રભુની સાથે "આખી રાત પ્રાર્થનામાં" ગાળવાનું

આપવામાં આવેલું છે એમ કહેવાય. એવા પ્રકારની પ્રાર્થના કે જેમાં પોતાનો પૂરો નકાર કરવાનો છે તેને માટે તેણે આપણા નમુનેદાર તારનાર ખ્રીસ્તની સામું જોવું કે જેના વિષે એમ લખેલું છે, "સવારે પ્હો ફાટતાં પહેલાં ઘણો વહેલો ઉઠીને તે બહાર ગયો; ને ઉજડ ઠેકાણે જઇને તેણે ત્યાં પ્રાર્થના કરી" (માર્ક ૧; ૩૫).

વળી બોધક પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ જે કોટડીમાં કરે છે તે કોટડી "ખાનગી કોટડી," બેથેલરૂપ, વેદીરૂપ, દર્શનાસ્પદ, આકાશ સુધી ચઢતી સીડીરૂપ થવી જોઇએ, કે જ્યાંથી તેના હૃદયના સર્વ વિચારો માણસોની આગળ પ્રસિદ્ધ કર્યાં પહેલાં આકાશ ભણી ને દેવની પવિત્ર હજુરમાં પ્રસિદ્ધ થઇને સ્વર્ગી વાતાવરણના સમાગમથી સુગંધીદાર થાય.

જેમ ઇન્જીનમાં અગ્નિ સળગાવવામાં ન આવે ત્યાં લગી તે આગળ વધી શકતું નથી, તેમ બોધ જો કે રીતસર તૈયાર કરીને વ્યવસ્થિત તથા સુશોભિત કીધેલો હોય તોપણ જ્યાં સુધી પ્રાર્થનાએ કરીને તેમાં વરાળરૂપી શક્તિ ઉત્પન્ન ન કીધી હોય તો તે તદન નિર્જીવ છે. બોધભાષણમાં શ્રેષ્ઠ પદ્ધતિ, સારી ગોઠવણ, તથા ઉત્તમ સિદ્ધાંતો હશે, પરંતુ તેનામાં જો પ્રાર્થના-દ્વારે આત્મિક પરાક્રમ ભેળેલું નહિ હોય તો તે પોકળ ને નિરર્થક થવાનો છે.

બોધકે પ્રાર્થનાએ કરીને પોતાના બોધમાં દેવની હાજરી પ્રદર્શિત કરવી જોઇએ. પોતાના બોધથી માણસોને દેવની ગમ ફેરવી શકે તે પહેલાં પોતાની પ્રાર્થના વડે તેણે એવું કરવું જોઇએ કે દેવ માણસોની ગમ ફરે. વળી માણસોની રૂબરૂ બોધ કર્યાં પહેલાં પરમપવિત્રસ્થાનમાં જઇને દેવની રૂબરૂ વાદ કરવો જોઈએ. જે બોધક દેવની હજુરમાં નિર્ભયપણે જઈ શકે છે તેજ લોકોને બોધ દેવામાં ફતેહમંદ નીવડશે એમાં કંઈ શક નથી.

ફરી ફરીને મારે કહેવું પડે છે કે જે પ્રાર્થના માત્ર રીતસરની કે ફરજની કે પગાર દાખલ કરવામાં આવે છે તે તદ્દન નિર્જીવ ને નિરર્થક છે. આવા પ્રકારની પ્રાર્થનાને આગ્રહથી કરવામાં આવતી પ્રાર્થના સાથે કંઇ પણ સંબંધ નથી. જે પ્રાર્થના બોધકનો શ્વાસોશ્વાસ હોય છે, તથા જે તેના આખા માણસ-પણાને ઉત્તેજીત કરે છે, તથા જે ખ્રીસ્ત સાથે એકમય જીવન ગાળવાથી તથા પવિત્રાત્માના ભરપુરપણાથી ઉદ્‌ભવે છે, જે લોકોના સાર્વકાળિક કલ્યાણને માટે હ્રદયની લાગણીઓના ઉભરાતા ઝરાઓમાંથી ઉદ્‌ભવે છે, કે જે દેવના મહિમાને અર્થે ખાઈ નાખનાર ઝનુન પણ કહેવાય; વળી જે પ્રાર્થના બોધકના પોતાના મહા અઘરા તથા મહા મોટા કાર્યની તથા દેવની ખાસ સહાયની અગત્યતાની સમજથી કરવામાં આવે છે, તેજ પ્રાર્થના ખરી પ્રાર્થના કહેવાય. જે પ્રાર્થના આવી આવી ગંભીર તથા અગાધ ફરજોના ભાવે કરવામાં આવે છે તેજ સાર્થક થાય છે. આવી પ્રાર્થનાથી સહાયભૂત થએલો બોધ માણસોનાં અંતઃકરણોમાં અનંતજીવનનાં બી વાવી શકે છે, તથા અનંતજીવનને સારૂ લોકોને કેળવે છે.

અલબત, લોકપ્રિય તથા પ્રશંસાપાત્ર તથા વિદ્વતાએ ભરેલાં તથા બારીક રીતે હોશિયારીથી ગોઠવેલાં પણ પ્રાર્થના વિનાનાં બોધભાષણો થાય છે. પણ જે બોધભાષણોથી પ્રભુનું કામ આગળ વધે છે તે તો અથથી ઇતિ સુધી પ્રાર્થનાના બળે કરીને યોજેલાં છે; તે શ્રોતાજનોનાં હ્રદયોમાં ફળ ઉપજાવે છે, તથા પ્રસંગ વિત્યા કેડે પણ લાંબા સમય સુધી તેની અસર ટકે છે.

બોધકો (પાળકો) પોતાના બોધના નિર્જીવપણાનાં ઘણાં કારણો બતાવે છે પણ મૂળ કારણ બીજું કંઈ નથી, પણ પવિત્રાત્માના પરાક્રમ સહિત દેવ હાજર થાય તેવી પ્રાર્થના જેમ જોઈએ તેમ કરવામાં આવતી નથી તેજ છે. જગતમાં હજારો ઉપદેશકો છે કે જેઓ બહુ છટાદાર બોધભાષણો કરી જાણે છે પણ તેઓની અસર બહુ જૂજ વખત સુધી ટકે છે, અને

પ્રાર્થનાએ કરીને તેઓ આત્મિક વિજય મેળવવાને શક્તિમાન થતાં નથી તેથી તેનો માણસોના અંતઃકરણમાં કે જ્યાં દેવ અને શેતાન—સ્વર્ગ તથા નરક—વચ્ચે જાથુ યુદ્ધ ચાલુ રહે છે ત્યાં પેસીને તેઓને ઉત્તેજીત કરવાને બળહીન હોય છે.

જે બોધકો દેવને સારૂ કંઈ મહાન કાર્યો કરવામાં ફતેહમંદ થાય છે તેઓ માણસોને બોધ કરવા પહેલાં પ્રથમ દેવની આગળ પ્રાર્થનામાં દૃઢતાથી લાગુ રહ્યા હતા જેઓ પોતાની 'ખાનગી કોટડી'નાં બારણાં બંધ કરીને દેવની આગળ ગુપ્તમાં વિશેષ પ્રાર્થના કરનારા થયા છે, તેઓજ સિંહાસન પરથી બોધ આપવામાં ફતેહમંદ નીવડયા છે. બોધકો કેવળ મનુષ્યોજ છે, અને તેથી મનુષ્ય પ્રકૃતિના વલણરૂપી વહેળામાં વારંવાર ખેંચાઈ જવાનો સંભવ છે. પ્રાર્થના યોગ્ય રીતે કરવા માટે આત્મિક ભાવ જોઈએ છે. અને સ્વાભાવિક રીતે માણસોનું વલણ આત્મિક ભાવ તરફ નથી. માણસની પ્રકૃતિ તો એવી છે કે તોફાન વગરના શાંત સાગર ઉપર સફર કરીને સ્વર્ગે જવાનું હરેકને ગમે છે, પણ પ્રાર્થના કરવી મુશ્કેલ છે. પ્રાર્થનામાં પોતા સંબંધી ઘણો નમ્ર ભાવ રાખવો પડે છે. પ્રાર્થના મનુષ્યબુદ્ધિને તથા વ્યર્થ અભિમાનને નીચાં પાડે છે; તથા આપણી આત્મિક લાચારી દેખાડી આપે છે. આ સર્વ વાનાં દૈહિક કે સ્વાભાવિક માણસને ગમતાં નથી. આવી વાતો કબૂલ કરવા કરતાં પ્રાર્થના કર્યા વિના રહેવું ઘણાંને સુગમ પડે છે.

આ સર્વ ઉપરથી જણાય છે કે આ જમાનાની (તથા સર્વ જમાનાની કહીએ તો ચાલે) એક મોટી ખામી નજરે પડે છે તે એ કે પ્રાર્થના કરવામાં આવતી નથી, અથવા થોડીજ પ્રાર્થના થાય છે. અને જેઓ થોડીજ પ્રાર્થના કરે છે તેઓ નામનીજ કરે છે ને પોતાના અંતઃકરણને શાંત પાડવા સારૂ કરે છે, ને એવા હેતુથી કરેલી પ્રાર્થના કશા કામની નથી.

આપણે પ્રાર્થના કરવામાંજ અલ્પ વખત ગાળીએ છીએ તેથીજ સાબિત કરીએ છીએ કે પ્રાર્થનાની અગત્ય તથા તેની કદર આપણે બુજતા નથી. ઘણી વાર એમ જોવામાં આવે છે કે બોધક (પાળક) જે બધા વખત સવારથી સાંજ સુધી પ્રાર્થનામાં ગુજારે છે તે જો ગણી જોઇએ તો તે બહુજ થોડો, બલકે નહિ જેવો છે. રાત્રે સુતી વેળાએ બે ચાર મિનિટ સુધી ઝડપથી કરવામાં આવે તે તથા સવારમાં પણ ઉઠીને કપડાં પહેર્યાં પહેલાં થોડાં વાકય બોલી જવાં તે. બધા મળીને ચોવીશ કલાકમાં ભાગ્યે દશ મિનિટ આ કામને માટે આપે છે. શાસ્ત્રમાં વર્ણવેલા ઇશ્વિરભકતો તથા બીજા પ્રખ્યાત ભકતોની પ્રાર્થનામાં ગુજારેલા કાળ તથા શ્રમની સાથે સરખાવતાં આ પ્રાર્થના કેવી નિર્માલ્ય, નીરસ અને શિથિલ છે! સઘળા જમાનાના ખરા સંતોની પ્રાર્થના કરવાની રીતિ આગળ આપણી પ્રાર્થના કરવાની રીતિ કેવી અધમ, વ્યર્થ તથા નહિ જેવી છે! જે માણસો પ્રાર્થના સંબંધી જાણે છે કે તે અમારૂં ભારેમાં ભારે અગત્યનું કામ છે, અને એમ સમજીને તેમાં યોગ્ય વખત ગાળે છે એવાજ માણસોને દેવ પોતાના રાજ્યની કુંચીઓ સોંપે છે, તથા તેઓનીજ મારફતે આ જગતમાં તે મહાન આત્મિક કાર્યો કરે છે. અથાગ તથા જાગ્રુ પ્રાર્થના એ દેવના માનીતા તથા જયવંત સૈનિકની નિશાણી તથા મુદ્રા છે એમ કહેવાય.

બોધકને પ્રાર્થના કરવાનું તથા બોધ કરવાનું એ બન્ને કામ સોંપવામાં આવેલાં છે. અને જો તે બન્ને ફરજો બરાબર બજાવતો નથી તો તેનું કામ અપૂર્ણ છે એમ સમજવું. બોધકને જો કે માણસોના તો શું પણ દૂતોના જેટલી વકતૃત્વશક્તિ હોય પણ જો તે વિશ્વાસની પ્રાર્થનામાં નિશ્ચિત રહે તો દેવના અખંડ મહિમાને અર્થે તથા માણસોના આત્માઓના તારણને અર્થે તેનો બોધ "વાજનાર પિત્તળ તથા ઠણઠણનાર ઝાંજના જેવો" છે.

અધ્યાય ૬ ટ્ઠો.

રિચર્ડ ન્યુટન નામના પ્રખ્યાત ઉપદેશકે પોતા વિષે લખ્યું હતું, “મારા પ્રયત્નો નિષ્ફળ જાય છે ને હું પોતે બળહીન રહું છું તેનું મુખ્ય કારણ બીજું કંઇ નથી, પણ માત્ર મારી પ્રાર્થના કરવામાં બેપરવાઇ તથા સુસ્તી છે. લખવું હોય કે વાંચવું હોય તો કંઇ વાંધો નહિ; વાતચીત કરવી હોય કે કોઇની વાત સાંભળવી હોય તો હું હમેશાં તત્પર રહું છું; પણ પ્રાર્થના કરવામાં એવી તત્પરતા હોતીજ નથી. અલબત પ્રાર્થના કરવા માટે આત્મિક ભાવ જોઇએ છે; ને મારૂં સંસારી મન હરેક આત્મિક કામથી અલગ રહેવા માગે છે. પ્રાર્થના તથા ધીરજ તથા વિશ્વાસ કદી નાસીપાસ થાય નહિ. જો મારે મંડળીમાં પાળકનું કામ કરવું હોય તો વિશ્વાસથી તથા પ્રાર્થનાથી હું કરી શકીશ એ વાતની ખાતરી મને કયારની થઇ છે. વળી પ્રાર્થના કરવામાં હું ઉલ્લાસી થાઉં ત્યારે મારી બીજી સર્વ ફરજો સહેલથી બજાવી શકું છું એવો મને અનુભવ થાય છે.”

હરેક ફતેહમંદ બોધક કે પાળકના કામ વિષે જો બારીક તપાસ કરીએ તો ખાતરી થશે કે તે પ્રાર્થનામાં લાગુ રહ્યાથીજ બળથી તથા ફતેહથી પોતાનું કામ કરી શકે છે; એ તેની ખાનગી ચાલની પવિત્રાઈ પરથી તથા તેની પ્રસિદ્ધ સેવાના આત્મિકપણાથી માલમ પડે છે. પ્રાર્થના કરવા વિષે બેદરકાર ઉપદેશકો કદાચ વિદ્વતાએ ભરેલાં બોધભાષણો કરે; વળી એવા ઉપદેશકો કદાચ ઘણા લોકપ્રિય પણ થાય તથા પ્રસિદ્ધી પણ પામે; ને એમ પ્રાર્થનારૂપી તેલનો ઉપયોગ કર્યા વિના એવા પાળકો પોતાનાં યંત્રો સરળ રીતે ચલાવી શકે છે એવું લાગે, પણ ખરૂં જોતાં એવા પાળકો પોતાના લોકોને કંઈ આત્મિક લાભ પમાડતા નથી; ને તેઓને પવિત્રાઈના માર્ગમાં આગળ દોરી જતા નથી.

પ્રાર્થના કરનાર બોધક (પાળક) પ્રાર્થનાએ કરીને પોતાના સર્વ કાર્યમાં પ્રભુને પ્રત્યક્ષ રીતે હાજર રાખીને તેની સમક્ષતાનો લાભ લે છે. એવો કંઇ નિયમ કે રૂઢી નથી કે પાળક ગમે તેવો હોય ને ગમે તેમ વર્તે તોએ તેના કામમાં દેવ તેની

સાથે રહે ; પ્રાર્થનાદ્વારે ને વિશ્વાસના આગ્રહથી તે આવે ખરો, પણ તે વિના નહિ. જેમ અનુતાપીની બાબતમાં તેમ બોધકની બાબતમાં પણ સમજવું કે જે કોઇ ખરા અંતઃકરણથી દેવનો શોધ કરે છે તેને તે મળે છે. પ્રાર્થનામાં તત્પર રહેનાર પાળક પોતાના લોકની સાથે દિલસોજીયુક્ત સંબંધ રાખી શકે છે. જેવી રીતે પ્રાર્થનાએ કરીને દેવની સાથે અનુપમ સંબંધ ધરાવાય છે તેમ પ્રાર્થનાદ્વારાએ પણ માણસોની સાથે નિકટનો સંબંધ રખાય છે. જે બોધક (પાળક) ખાસ આગ્રહપૂર્વક પ્રાર્થનામાં તલ્લીન રહે છે તેજ પાળકપદને લગતી તમામ સેવાને તથા ફરજોને યોગ્ય રીતે બજાવી શકે છે. ઉપદેશકમાં જે આત્મિક સંગીન કામ પ્રાર્થનાથી થાય છે તે કૉલેજોમાં અભ્યાસ કરવાથી કે પુસ્તકો વાંચ્યાથી કે ધર્મસિદ્ધાંતો સંબંધી જ્ઞાન પ્રાપ્ત કર્યાંથી થતું નથી. પ્રેરિતોમાં જે પરાત્પરના પરાક્રમની ખોટ હતી તે ખોટ પચાસમાના દિવસે ખાસ આગ્રહપૂર્વક પ્રાર્થના કર્યા પછી પૂરાઈ એ વાત હરકોઈને વિદિત છે. જે પાળક ખાસ આગ્રહની પ્રાર્થનામાં તત્પર રહે છે તે વાસ્તવિક રીતે લોકપ્રિય થઇ પડવાનો વિચાર નહિ કરે, તેમ સંસારી ખટપટમાં તે માથું નહિ ઘાલે, ને છટાદાર બોધભાષણો કરીને લોકને છક કરવાનો તેનો હેતુ હોય નહિ, તે સમજે છે કે મારૂં કામ આત્મિક પ્રદેશમાં ચલાવવાનું છે. એવા બાળકની સેવાનું ફળ તથા પરિણામ પવિત્રાઇ છે; અને તેની સેવાથી તેની મંડળીના માણસોનાં અંતઃકરણોમાં ખ્રીસ્તની પ્રતિમા ઉત્પન્ન થએલી જોવામાં આવે છે. દેવ તેનામાં સર્વ પરાક્રમ સહિત રહે છે. દેવનું અનુભવસિદ્ધ જ્ઞાન તેનામાં પુષ્કળતાથી રહે છે. પોતાના લોકને સારૂ તેની ઘણી વિનંતીઓથી તથા મધ્યસ્થીથી તથા પોતાના આત્મિક કષ્ટથી તે દેવના સર્વ મર્મો વિષે અધિકારી થયો છે.

ઘણી મંડળીઓમાં જે અલ્પ ફળ તથા લોકોની મંદ સ્થિતિ જોવામાં આવે છે તે પ્રાર્થનાના અભાવેજ થાય છે એ નિર્વિ-

વાદ છે. વળી આ વાત પણ નિઃસંદેહ છે કે બોધક જે સેવા કરે છે તે અથાગ પ્રાર્થના સિવાય ફતેહમંદ થતી નથી, અને એવા પ્રકારની પ્રાર્થના બોધકના અંતઃકરણમાં દઢ પાયો ઘાલીને સદા ટકનારી તથા વધનારી હોવી જોઈએ. પાળકે બોધભાષણના આધારવચન વિષે પ્રાર્થના કરવી, તથા ભાષણની પદ્ધતિ તથા ગોઠવણ પ્રાર્થનાએ કરીને યોજેલી હોવી જોઇએ. પાળકનો પવિત્ર શાસ્ત્રનો સઘળો અભ્યાસ પ્રાર્થનારૂપી જળમાં સંસ્કાર પામેલો તથા પ્રાર્થનાના આત્માથી વેષ્ટિત થએલો હોવો જોઈએ.

"મેં મારી જિંદગીમાં એટલી બધી થોડી પ્રાર્થના કરી છે તેથી મને બહુ પસ્તાવો થાય છે." એવો દેવના એક સેવકનો મરણપથારી પરનો વિલાપ હતો. કોઈ પાળકને અંતસમયે એવો પસ્તાવો કરવો પડે તે બહુ દિલગીરી ભરેલું કહેવાય. ટેટ નામે એક આર્ચબિશપનો એવો ઉદ્‌ગાર હતો કે, "મારી જિંદગી પ્રાર્થનારૂપ થાય—ને મારી પ્રાર્થનાઓ અધિક ગંભીર, ઊંડી તથા સત્યમય થાય એવી મારી ઇચ્છા છે." તો શું આપણ સર્વનો એવો ઉદ્‌ગાર સતત્ નહિ હોવો જોઇએ? ને શું તેવી જિંદગી મેળવતાં સુધી આગળ વધવાની અપેક્ષા નહિ હોવી જોઇએ?

ઇશ્વરે મોકલેલા સર્વ ખરા બોધકોનું આ એક ખાસ લક્ષણ છે કે તેઓ બહુ પ્રાર્થનાવાદી હતા. સામાન્ય રીતે જોતાં તેઓ ઘણી બાબતો વિષે ભિન્ન ભિન્ન મત ધરાવતા હતા, તો પણ તેઓ એક મધ્યબિંદુ કે નિશાન તરફ આગળ વધનારા હતા. તેઓ સર્વ દેવનું તેડું જો કે વિવિધ પ્રકારે પામ્યા તથા વિવિધ માર્ગે થઈને મુસાફરી કીધી તે છતાં તેઓ એકજ પરિણામે કે મધ્યબિંદુએ જઈ પહોંચ્યા. તેઓ પ્રાર્થનામાં સમાનભાવી હતા અને દેવ જે સનાતન પ્રેમનું મધ્યબિંદુ તે તરફ આકર્ષાયા હતા, ને પ્રાર્થનાદ્વારા તેઓ ત્યાં જઈ મળ્યા. એવા બોધકો વિષેની એક વાત યાદ રાખવા લાયક છે; કે

તેઓ માત્ર કોઈ અમુક નિયમિત વખતે કે ફુરસદ મળે ત્યારેજ થોડી પ્રાર્થના કરતા હતા એમ નહિ, પરંતુ તેઓએ એવી એકનિષ્ઠાથી પ્રાર્થના કીધી કે તેઓની પ્રાર્થનાઓથી તેઓ દેવના સ્વરૂપમાં રૂપાંતર પામ્યા; ને પોતે એટલુંજ નહિ પણ જેઓ તેઓના સમાગમમાં આવતા હતા તેઓ પણ દેવનું સ્વરૂપ પામનારા થયા. એવા ઈશ્વરભક્તની પ્રાર્થનાઓથી પોતાના જમાનાના તથા વિશેષે કરીને તે જમાનાની મંડળીના સ્વરૂપમાં ફેરફાર થયો હતો. તેઓએ જે વખત પ્રાર્થનામાં નિર્ગમન કર્યો તે કાંઈ ઘડીઆળના કાંટા પર લક્ષ રાખીને મુકરર કરેલો ન હતો પણ પ્રાર્થના તેમને એટલી બધી જીવનયુક્ત જણાઈ કે તે કર્યાં સિવાય તેઓ રહી શકયા નહિ.

પાઉલ પોતાની પ્રાર્થનાઓ વિષે લખે છે કે તેઓ આત્માના કષ્ટ સહિત કરવામાં આવી હતી. અને યાકૂબને પ્રાર્થના તો મલયુદ્ધ સમાન લાગી હતી; અને ખ્રીસ્તની પ્રાર્થનાઓ આંસુઓ તથા નિસાસા સહિત થઈ હતી, તેજ પ્રમાણે સર્વ ખરા પાળકોને પણ પ્રાર્થના એવીજ ભારે જણાતી હતી. તેઓ આત્મામાં સર્વ પ્રાર્થના તથા વિનંતી કરીને સર્વ હઠથી તથા વિનંતીથી જાગતા રહ્યા (એફે. ૬ ; ૧૮).

"આગ્રહપૂર્વક કરેલી પ્રાર્થના જે પરિણામે બહુ સાર્થક થાય છે" તે દેવના સર્વ સૈનિકોનું કિલ્લા ભાંગી નાખવાને સમર્થ એવું હથિયાર છે. એલીયાહના સંબંધમાં આ વાત લખેલી છે કે, "તે સ્વભાવે આપણા જેવો માણસ હતો, પણ તેણે પ્રાર્થનામાં વિનંતી કીધી કે વરસાદ ન વરસે; ને સાડા ત્રણ વરસ સુધી ભોંય પર વરસાદ વરસ્યો નહિ; પછી તેણે ફરી પ્રાર્થના કીધી; ને આકાશે વરસાદ આપ્યો ને ધરતીએ પોતાનું ફળ ઉપજાવ્યું." તે વાત સર્વ ભવિષ્યવાદીઓને તથા સર્વ બોધકોને એક સરખી રીતે લાગુ પડે છે; કેમકે જેઓએ દેવની ગમ પોતાના જમાનાના લોકોને ફેરવ્યા, તથા આશ્ચર્યકારક કાર્યો કરી શકયા તેઓએ પ્રાર્થનાદ્વારાજ સર્વ કર્યું.

અધ્યાય ૭ મો.

ખ્રીસ્તી ધર્મના મુખ્ય શિક્ષકો તથા મહાત્માઓ સદા પ્રાર્થના દ્વારેથી આત્મિક પ્રકાશ પામતા આવ્યા છે. અધ્યક્ષ આન્ડ્રુસ સાહેબ વિષે જાણીએ છીએ કે તે રોજ પાંચ કલાક ઘુંટણીએ ટેકીને પ્રાર્થના કરતો હતો. ખ્રીસ્તી જમાનામાં જે કંઇ ઉત્તમોત્તમ કાર્યો યોજવામાં તથા પાર પાડવામાં આવ્યાં છે, જેથી માણસોની જિંદગી સાર્થક તથા સુંદર બની છે, તે પ્રાર્થનાદ્વારેથી યોજવામાં આવ્યાં હતાં, એમ કહેવામાં કંઇ ખોટું નથી.

ઘણીખરી ખાનગી પ્રાર્થનાઓ ટુંકી તો હોય છે; ને જાહેર સભામાં કરેલી દરેક પ્રાર્થના અવશ્યે સંક્ષિપ્ત તથા વ્યવસ્થિત હોવી જોઈએ, વળી પ્રસંગોપાત પ્રાર્થનારૂપી ઉદ્‌ગારો યોગ્ય સમયે ઉપયોગી તથા મૂલ્યવાન હોય છે, પરંતુ પરમેશ્વરની હજુરમાં આવીએ ત્યારે જોઈએ તેટલો વખત રોકાવો તો જોઈએ. પરમેશ્વરની હજુરમાં જેમ વધારે વખત ગાળીએ તેમ આપણી પ્રાર્થનાઓ સફળ થવાની છે એ સામાન્ય નિયમ છે. ઈશ્વર સાથે લાંબો કાળ ગાળવાનું પરિણામ તો વહેલું મોડું દૃશ્ય થાય છે. એટલે તેથી પરાક્રમ પ્રાપ્ત થાય છે. આપણી સંક્ષિપ્ત પ્રાર્થનાઓ અસરકારક થાય છે, કારણ કે તે પહેલાં આપણે લાંબી પ્રાર્થનાઓ કરી હતી. લાંબા કાળ સુધી કષ્ટથી ઈશ્વર પાસે જે માગવામાં આવ્યું તે અંતે ટુંક પણ આગ્રહી પ્રાર્થનાના જવાબમાં પ્રાપ્ત થાય છે. જો યાકૂબે આખી રાત ઈશ્વર સાથે કુસ્તી કરી નહિ હોત તો તેના વિશ્વાસનો જય થયો નહિ હોત. ઈશ્વરની સાથે ઓળખાણ કંઇ સહેજ કે ઉતાવળે થાય એમ નથી. તેની બક્ષીસો હરકોઈ બેદરકારી ઉતાવળીઆ માગનારને આપવામાં આવતી નથી. જો ઈશ્વરને ઓળખવા તથા તેનો આશીર્વાદ મેળવવા ચાહીએ તો તેની સાથે નિકટનો સમાગમ જારી રાખવાની જરૂર છે. આપણા વિશ્વાસ પ્રમાણે તે આપે છે ખરો, પણ તેને ઓળખ્યા વગરનો વિશ્વાસ કંઈ મેળવી શકે નહિ, યોગ્ય રીતે કંઈ માગી શકે નહિ. જેઓ તેની પાસેથી કંઈ માગે છે,

પણ મળે કે નહિ મળે તેની કંઈ પરવા રાખતા નથી, ને તેનાં કૃપાદાનોની કદર બુજતા નથી, તેઓને તેની ખાસ તથા વિશેષ મુલ્યવાન બક્ષીસો તે આપતોજ નથી. જેમ બીજી બાબતોમાં પ્રભુ ઈસુએ આપણને નમુનો આપ્યો છે તેમ પ્રાર્થના કરવાની તેની રીત આપણે અનુસરવી જોઈએ; તેણે ઘણીવાર આખી રાત પ્રાર્થના કરવામાં ગુજારી. તેને પ્રાર્થના કરવાની બહુ ટેવ હતી. તેણે કેટલાંક મુકરર સ્થળો કે જ્યાં તે શાંતિએ તથા નિર્વિઘ્ને પ્રાર્થના કરી શકે તેવાં પસંદ કીધાં હતાં, ને ત્યાં વખતોવખત એકાંતમાં તે જતો. તેના ચરિત્રના હેવાલ પરથી જણાય છે કે તે ઘણો કાળ પ્રાર્થના કરવામાં ગુજારતો. પાઉલ પ્રેરિત પણ રાત દહાડો બહુ પ્રાર્થના કરતો હતો એમ જણાય છે. દાનીયેલને માથે મોટા રાજ્યનો જુમ્મો હતો, તેમ છતાં દરરોજ ત્રણવાર પ્રાર્થના કરવા સારૂ એકાંતમાં જવાની તેની રીત હતી. દાઉદ રાજા સવારે, બપોરે તથા સાંજે પ્રાર્થના કરતો ત્યારે તે હમેશાં ટુંકીજ પ્રાર્થના કરતો એમ માનવાનું કંઈ પ્રયોજન નથી; અગત્યનું કારણ હોય તો લાંબા વખત સુધી ઘુંટણીએ પડેલો હશે. ખરૂં છે કે શાસ્ત્રમાં પ્રભુના ભક્તો સંબંધી લખેલું નથી કે તેઓ પ્રાર્થનામાં કેટલો વખત ગુજારતા હતા, પણ અનુમાન ઉપરથી કહી શકીએ છીએ કે તેમનો ઘણો વખત પ્રાર્થના કરવામાં જતો, ને ખાસ પ્રસંગો જોઈને તેઓ વધુ વખત પ્રાર્થના વાસ્તે અર્પણ કરતા હતા.

અમારૂં કહેવાનું કે ભાવાર્થ એ નથી કે લાંબી પ્રાર્થના સાર્થક છે ને ટુંકી પ્રાર્થના સાર્થક નથી. પણ ઈશ્વરના સમાગમમાં જેમ બને તેમ વધુ વખત ગાળવાની જરૂર કેટલી બધી છે, ને તેમ કર્યાથી કેટલો બધો લાભ થાય છે એજ અમે વાંચનારના મન પર ઠસાવવા ચાહીએ છીએ. જો આપણા વિશ્વાસને યોગે આ અનુભવ આપણને થયો ન હોય તો આપણો વિશ્વાસ હજી સુધી નબળો તથા અધુરો સમજવો.

જે ભકતો પોતાના સદ્વર્તનથી ખ્રીસ્તી ધર્મને શોભા આપનારા થયા છે, જેઓએ ખ્રીસ્તનું માન જગતમાં વિશેષ વધાર્યું છે, તેઓ એટલો બધો વખત પ્રાર્થના કરવામાં ગાળનારા હતા, કે તેઓના ઓળખનારા તેની નોંધ લીધા વગર રહ્યા નહિ. ચાર્લ્સ શિમઓન દરરોજ સવારના ચાર વાગ્યાથી આઠ વાગતા સુધી ઈશ્વરની પ્રાર્થના કરતો હતો. જૉન વેસ્લે દરરોજ પ્રાર્થનામાં બે કલાક કાઢતો. તેના એક મિત્રે તે વિષે લખ્યું કે, "તેના સમજવા પ્રમાણે બીજાં બધાં કામ કરતાં પ્રાર્થના કરવી વધારે અગત્યનું કામ હતું, ને તેની સુવાની કોટડીમાંથી તે નીકળતો ત્યારે તેનો ચહેરો પ્રકાશિત દેખાતો હતો." જૉન ફ્લેચર વિષે કોઇએ કહ્યું છે કે તેની પ્રાર્થનાઓએ કરીને તેની કોટડીમાં જાણે કે સુગંધી પ્રસરી રહેતી! કોઈ કોઈ વાર તે આખી રાત લગી પ્રાર્થના કરે. તેની બધી પ્રાર્થનાઓ બહુ આગ્રહી હતી. તેની જિંદગી પ્રાર્થનામય જિંદગી કહીએ તો ખોટું નથી. તેણે કહ્યું હતું કે, "ખુરશી પરથી ઉઠવું હોય તોએ પ્રાર્થના વગર ઉઠું નહિ." કોઈ મિત્ર મળે ત્યારે તે પુછે કે, "તું પ્રાર્થનામાં મશગુલ છે કે?" માર્ટિન લુથરે કહ્યું કે, "કોઈ સવારે બે કલાકથી વધારે વાર જો પ્રાર્થનામાં હું ગુજાર્યા વગર રહું તો તે દહાડે શેતાન મારા પર જય પામ્યા વગર રહેતો નથી. મારે એટલું બધું કામ કરવું પડે છે કે મને ઓછામાં ઓછી પ્રાર્થનાને સારૂ ત્રણ કલાકની જરૂર છે." તેનું એક સોનેરી વાકય આ પ્રમાણે હતું—"જેણે યોગ્ય રીતે પ્રાર્થના કરી છે, તેણે સારો અભ્યાસ કર્યો છે."

આર્ચબિશપ લેટન જાણે કે હમેશાં ઈશ્વરનું મનન કરતો હોય એમ તેના મિત્રોને લાગતું હતું. તેના જીવનચરિત્ર લખનારે લખ્યું છે કે, "તેનું કામ તથા તેનો આરામ ઈશ્વરપ્રાર્થના તથા ઈશ્વરસ્તુતિ હતાં." અધ્યક્ષ કેન ઈશ્વરની હજુરમાં એટલો બધો વખત રહેતો હતો કે લોકો તેના વિષે કહેતા કે તેનો જીવ ઈશ્વરમાં આસક્ત છે. દર સવારે ત્રણ વાગતાં

પહેલાં તે ઈશ્વરને મળવા ઉઠતો હતો. અધ્યક્ષ આશ્બરીએ એવો ઠરાવ કીધો કે, "બનતાં સુધી હું સવારના ચાર વાગે ઉઠીને બે કલાક લગી પ્રાર્થના તથા મનન કરીશ." શમૂએલ રધરફોર્ડ, જેના પત્રો સર્વ ભકતોને પ્રિય છે, તે દરરોજ ત્રણ વાગે ઉઠીને પ્રાર્થના કરતો હતો. યુસફ આલ્લેન સવારના ચાર વાગે ઉઠીને ચાર કલાક પ્રાર્થનામાં ગાળતો. કદી તેને માલમ પડતું કે મારા પહેલાં પોતાના ધંધારોજગારને અર્થે કોઈ કારીગર વહેલો ઉઠતો તો તે એવો ઉદ્ગાર કરતો કે, "આથી મને લાજ લાગે છે! શું તેઓ પોતાના ધણીને સારૂ કરે છે તે કરતાં મારા ધણીને માટે મારે વધુ તસ્દી લેવી ન જોઈએ શું?" જેને આ મહાવરો થયો છે તેને પ્રભુના ભંડાર-માંથી જ્યારે ને જેટલું જોઈએ ત્યારે ને તેટલું મેળવી લેવાનો પરવાનો મળ્યો છે એમ જાણવું.

સ્કોટલાંડ દેશનો એક પ્રસિદ્ધ ને પવિત્ર ઉપદેશક લખે છે કે "દહાડાની જે સહુથી ઉત્તમ ઘડીઓ છે તેઓને મારે મારા પ્રભુને અર્થે ખાસ રાખવી જોઈએ. પ્રભુને મળવાનું કામ તે કંઈ જેવું તેવું નથી; ખરૂં જોતાં તે મારાં બીજાં બધાં કામ કરતાં શ્રેષ્ઠ તથા નફો પ્રાપ્ત કરનારૂં છે; તેનો અનાદર કરીને ગમે ત્યારે પ્રાર્થના કરૂં તો ચાલે એવો વિચાર મારે કરવો ન જોઈએ. સવારે છ થી આઠ વાગતા સુધી કંઈ નડતર કે વિઘ્ન થવાનો સંભવ નથી, માટે તે વખત પ્રાર્થના વાસ્તે ખાસ રાખું છું. રાતની વેળા સુઈ ગયા પહેલાં પ્રાર્થના કરવાની ટેવ મારે કાયમ રાખવી, ને મારે ખબરદાર રહેવું જોઈએ કે પ્રભુની હજુરમાં ઝોકાં નહિ ખાઉં. રાત્રે ઊંઘ ન આવે તો હું ઉઠીને પ્રાર્થના કરૂં. નાસ્તો ખાધા પછી બીજાઓના હકમાં કેટલીક વાર સુધી મારે પ્રાર્થના કરવી જોઈએ." એ પ્રમાણે રોબર્ટ મૅકચેનનો નિત્ય નિયમ હતો. મેથોડિસ્ટ ટોળીનો નિયમ સાંભળીને આપણે પોતાની બેપરવાઈને લીધે લજ્જિત થઈએ છીએ; તેમનો નિયમ આ હતો—"સવારે ચાર

વાગ્યાથી પાંચ વાગતાં સુધી ખાનગી પ્રાર્થના; સાંજે પાંચ વાગ્યાથી ૭ વાગતાં સુધી ખાનગી પ્રાર્થના."

જૉન વેલ્શ નામનો એક પ્રખ્યાત ઉપદેશક હતો, કે જે દરરોજ આઠથી દસ કલાક પ્રાર્થનામાં ગાળતો હતો. રાત્રે પ્રાર્થના કરવા ઉઠતો ત્યારે તે ખભા પર કામળો નાખતો. એક વખત તે ભોંય પર પડેલો ને પ્રાર્થના કરતો કરતો નિસાસા નાખતો હતો, ત્યારે તેની સ્ત્રીએ તે વિષે વાંધો લીધો; તેણે ઉત્તર આપ્યો કે, 'ઓ બાઈ, મંડળીમાં જે ૩,૦૦૦ માણસો છે તેઓની જવાબદારી મારે માથે છે, ને હજુ લગી તેઓમાંના ઘણા વિષે મને ખાતરી નથી કે તેઓનું તારણ થયું છે કે નહિ."

અધ્યાય ૮ મો.

"અવશ્યે એકાગ્રચિત્ત પ્રાર્થના કરવામાં જેટલી મનોબળની જરૂર છે, તેટલી બીજા કોઇ કાર્યમાં નથી. સંસારી ચિત્તના માણસો અને ઘણાખરા વિદ્વાન લોકો એવા પ્રકારની પ્રાર્થના કરી શકે નહિ એ નિઃસંદેહ છે"

અધ્યક્ષ વિલ્સન સાહેબ હેનરી માર્ટન વિષે લખે છે કે, "માર્ટનના જીવનચરિત્રના હેવાલમાં પ્રાર્થનામાં તેની આસક્તિ તથા તે પવિત્ર સેવામાં જે ઘણો વખત તેણે રોક્યો તે તથા તેમાં દર્શાવેલી આગ્રહતા એ બાબતો પર મારૂં લક્ષ વિશેષ ખેંચાય છે."

પેસન સાહેબ પોતાના પલંગ પાસે એટલી બધી વાર તથા એવા લાંબા કાળ સુધી ઘુંટણીએ ટેકીને પ્રાર્થના કરતો કે, ત્યાં આગળનાં પાટીઆં ઘસાઇ ગયાં હતાં. વળી તેનું જીવનચરિત્ર લખનાર કહે છે કે, "ગમે તેવી સ્થિતિમાં રહીને પણ પ્રાર્થના કરવામાં જે આગ્રહતા તે બતાવતો તે નોંધ લેવા જેવી વાત છે, અને જેઓ તેના જેવી ઉત્તમ સેવા બજાવવાની ઇચ્છા ધરાવે છે તેઓએ તે વાત ધ્યાનમાં લેવી જોઈએ. તે પોતાની આગ્રહપૂર્વક તથા કષ્ટે ભરેલી પ્રાર્થનાદ્વારેજ દેવની સેવામાં અસાધારણ ફતેહમંદી પામી શક્યો."

માર્ક્વીસ ડરેન્ટી જેને પ્રભુ ઇસુ ખ્રીસ્ત એટલો બધો પ્રિય હતો કે એક વાર તેના ચાકરને અર્ધા કલાક પછી તેને બોલાવવો એવો હુકમ આપ્યો હતો. અર્ધા કલાક પછી તેનો ચાકર તેની ખાનગી ઓરડીના દરવાજા પરના એક બાકોરામાંથી પોતાના ધણીને જોતો હતો, ત્યારે તેનો ચહેરો એટલો બધો પ્રકાશિત દેખાતો હતો કે તે તેને બોલાવવાને હિમ્મત ધરતો નહિ. કેવળ તેના હોઠ હાલતા, પણ કંઈ વાણી સંભળાતી ન હતી. રાહ જોતાં જોતાં ત્રણ અર્ધા કલાક વિતી ગયા, ત્યાર બાદ તેણે તેને બોલાવ્યો તો તે ચાકરને કહેવા લાગ્યો કે, "ખ્રીસ્તની હજુરમાં અર્ધા કલાક કેવી ઝડપથી વિતી જાય છે!"

બ્રેનર્ડ સાહેબ જેણે અમેરિકાના ઇન્ડીઅન લોકમાં સુવાર્તા પ્રસાર કીધો તે કહેતો કે, "મને મારી ઝુંપડીમાં એકલા હોવું બહુ ગમે છે, કેમકે ત્યારે તો મને પ્રાર્થનામાં નિર્વિઘ્ને ઘણો વખત રોકવાને લાગ મળે છે." મેથોડિસ્ટ મંડળીના હેવાલ પરથી માલમ પડે છે કે વિલ્યમ બ્રામ્વેલ કરીને એક સાહેબ હતો કે જે તેની પવિત્રાઈ તથા વકતૃત્વને માટે તથા પોતાની પ્રાર્થનાઓને અંગે મળેલા ચમત્કારિક ઉત્તરોને માટે સુપ્રસિદ્ધ છે. તે કલાકોના કલાક પ્રાર્થનામાં ગાળતો. તેના વિષે એવું કહેવાય છે કે તેણે પોતાની જિંદગીનો ઘણોખરો વખત ઘુંટણીએ ટેકીને પ્રાર્થના કરવામાં ગાળ્યો હતો. વળી તે પોતાના ડિસ્ટ્રિકટમાં પ્રભુનું કામ એવી અસરકારક રીતે કરતો હતો કે લોકોએ તેને અગ્નિની ઝાળની ઉપમા આપી હતી. પરંતુ આ વાત નિશ્ચયપૂર્વક છે કે તેની કષ્ટમય પ્રાર્થના કરવાની ટેવથીજ તે અગ્નિ સળગ્યો હતો. પ્રસંગોપાત તે એકાંતમાં જઇને ચાર કલાક સુધી પ્રાર્થના કરતો. અધ્યક્ષ આન્ડ્રુસ સાહેબ વિષે કહેલું છે કે તે દરરોજ પ્રાર્થનામાં તથા ઈશ્વરનું મનન કરવામાં લગભગ પાંચ કલાક ગાળતો હતો.

સર હેનરી હાવલૉક પોતે એક સેનાધિપતિ છતાં દરરોજ સવારમાં પ્રથમ બે કલાક પરમેશ્વરની હજુરમાં ગાળતો હતો. જો છાવણી ૬ વાગે ઉઠાવવાની હોય તો પોતે ચાર વાગે ઉઠીને પ્રાર્થનામાં લાગુ રહે.

અર્લ કેન્સ દરરોજ સવારે ૭ વાગે ઉઠીને લગભગ દોઢ કલાક શાસ્ત્ર અધ્યયનમાં તથા પ્રાર્થનામાં ગુજારતો હતો. પછી આઠ વાગે કુટુંબના માણસોની સાથે પ્રાર્થના શરૂ કરતો.

ડૉ. જડસન સાહેબ પ્રાર્થનામાં ઘણો વખત ગાળનાર હતો તેથીજ તે પ્રભુની સેવામાં ફતેમંદ નીવડયો હતો. તે પોતે આ બાબત સંબંધી કહે છે કે, "બનતાં સુધી તમારાં નિત્યકર્મો એવી રીતે ગોઠવો કે જેથી ત્રણ કલાક સુધી શાસ્ત્ર અધ્યયનમાં તથા ખાનગી પ્રાર્થનામાં અર્પણ કરી શકો. યત્ન કરો કે દિવસમાં સાત વખત પોતાના ધંધામાંથી માણસોના સહવાસથી મુક્ત થઈને એકાંતમાં ઈશ્વિરમાં પોતાનો આત્મા લગાડી શકો. મધરાત્રે ઉઠીને આવનાર દિવસને માટે તૈયારી શરૂ કરો એ માટે કે રાત્રિની શાંત ઘડીઓ પ્રાર્થનારૂપી પવિત્ર સેવામાં અર્પણ કરી શકો. સવાર થતાં સુધી તેજ સેવામાં મશગુલ રહો. દિવસના ૯, ૧૨, ૩, ૬, અને રાતના ૯ વાગે પણ પ્રાર્થનામાં તત્પર રહો. પ્રભુની સેવામાં આસ્થાવાન થાઓ, બનતાં સુધી સર્વસ્વનો ભોગ આપીને પ્રાર્થનારૂપી પવિત્ર સેવામાં લાગુ રહો. અને સદા આ વાત લક્ષમાં રાખો કે આ કામને વાસ્તે કેવળ થોડો કાળ તમને મળવાનો છે, માટે ધંધા રોજગાર કે મિત્રમંડળનો પરિચય તમને પરમેશ્વરને મળવામાં ન રોકે." કદાપિ આવા આવા નિયમો સાંભળીને આપણે કહીશું કે, "કેવા વિચિત્ર નિયમો! એમ કરવું તદન અસંભવિત છે." પરંતુ યાદ રાખવું કે એજ ડૉ. જડસને બ્રહ્મદેશમાં ખ્રીસ્તની સુવાર્તા પ્રસારીને દેવના રાજ્યનો પાયો અચળ રીતે નાખ્યો છે. એના જેવો ખ્રીસ્તનો મહિમા ઘણા થોડા માણસોએ આ જગતમાં વધાર્યો છે. તેના કરતાં વિશેષ વિદ્વાન તથા બુદ્ધિ-

પ્રભાવશાળી માણસોએ પણ એના જેટલી ફતેહમંદીથી ખ્રીસ્તની સેવા કરી નહિ હોય. તેઓની ધાર્મિક સેવાનું કામ તો રેતી પર પડેલી પગલાંની નિશાનીઓ સમાન છે કે જે અલ્પ સમયમાં ભુંસાઈ જાય છે; પરંતુ તેણે તો પોતાનું કામ વજ્ર શિલા પર કોતર્યું છે.

પ્રાર્થનામાં અથાગ વખત રોકવાને કારણેજ તેણે એવું મહાભારત તથા સદા ટકનાર કામ કર્યું છે, તે નિર્વિવાદ છે. પ્રાર્થનાદ્વારે તેણે પોતાના કામનો પાયો યોજ્યો ને દેવે પોતાના સામર્થ્યથી તેને સ્થાપિત કીધો. જે માણસ અથાગ પ્રાર્થના કરતો નથી તે આ જગતમાં દેવને સારૂ કોઈ મહાન કે ટકનારૂં કાર્ય કરી શકે નહિ; અને જે માણસ પ્રાર્થનામાં વધુ વખત અર્પણ કરતો નથી, તે સાર્થક પ્રાર્થના કરી શકે નહિ.

કેટલાએકના સમજવા પ્રમાણે પ્રાર્થના તે માત્ર રીતસર થોડાં વાક્યો બોલી જવાની પડેલી ટેવ છે. તેઓના ધારવા પ્રમાણે પ્રાર્થના કરવાની રીત માણસ નાનપણમાં શીખે, ને પછી રીતસર, ટુંકમાં ને ઉત્સાહ વિના ઠરાવેલા શબ્દો બોલી જવું તો બસ. ધર્માધ્યક્ષ લિડન સાહેબ પુછે છે કે, શું પ્રાર્થના તે સંકલ્પવિકલ્પની ભ્રમણા જાણે હોય તેમ ફુરસદ મળે કરીએ? ને પોતે જવાબ આપે છે કે જેઓએ કદી યોગ્ય રીતે પ્રાર્થના કરી છે તેઓને આ પ્રશ્નનો ઉત્તર આપવા દો.

તેઓને તો માલમ છે કે યાકૂબની પેઠે તેમને પોતાની જિંદગીમાં ઘણે પ્રસંગે તો મોડી રાત સુધી તથા સવાર થતાં સુધી અદૃશ્ય દૂતની સાથે કુસ્તી કરવી પડી છે. વારંવાર તેમને અનુભવ થયો હશે કે પાઉલની પેઠે તેમને પણ પ્રાર્થનામાં શ્રમ ઉઠાવવો પડયો છે. જેનો પરસેવો ગેથસેમાનેની વાડીમાં પ્રાર્થના વેળાએ લોહી જેવો થઈ ગયો તે ખ્રીસ્ત વારે વારે તેઓની દૃષ્ટિએ પડે છે. હરેક સાર્થક પ્રાર્થનામાં આગ્રહપૂર્વક વિનંતીની વિશેષ જરૂર હોય છે. પ્રાર્થનામાં ઝોકાં ખાવાં તે

પ્રાર્થના ન કહેવાય; પરંતુ સર્વ હૃદયથી જાગતા રહીને કાલાવાલા કરવા તેજ પ્રાર્થના છે.

"આકાશના રાજ્ય પર બળાત્કાર થાય છે અને બળાત્કાર કરનારાઓ બળાત્કારથી તે લઈ લે છે." એ વચનમાં ખરી પ્રાર્થનાનું વર્ણન થાય છે એમાં કંઈ શક નથી.

અધ્યક્ષ હામીલ્ટનનો એવો અભિપ્રાય હતો કે, "જે કાર્યો આપણી સમજ પ્રમાણે સહુથી અગત્યનાં તથા મનનું આકર્ષણ કરનારાં છે તેઓને સારૂ જેવી રીતે આપણે અગાઉથી તૈયારી કરી રહીએ છીએ, ને હાથમાં લીધા પછી આગ્રહથી ચાલુ રાખીએ છીએ, તેવીજ રીતે ને તેજ ભાવે જો પ્રાર્થનાના સંબંધમાં વિચાર ન કરીએ ને યત્ન ન કરીએ તો આપણે સાર્થક પ્રાર્થના કરવાને કદી શક્તિમાન થવાના નથી."

અધ્યાય ૯ મો.

રોબર્ટ મૅકચેન નામે એક સુપ્રસિદ્ધ ઉપદેશક પોતા વિષે લખે છે કે, "મારે સવારે વહેલા ઉઠીને કોઇને મળ્યા પહેલાં પ્રાર્થના કરવી જોઇએ. વારેવારે જ્યારે હું સવારમાં મોડે સુધી ઊંઘ્યા કરૂં છું કે બીજાઓને મળવામાં વખત રોકું છું, ત્યારે અગિયાર કે બાર વાગ્યા સુધી ખાનગી પ્રાર્થના કરવાને અવકાશ મળતો નથી. પરંતુ આવી રીત નિયમિત તથા શાસ્ત્રાનુસાર છે, એમ કહેવાય નહિ. "ખ્રીસ્ત સવારે પહો ફાટતાં પહેલાં ઘણો વહેલો ઉઠીને ઉજડ ઠેકાણે જઇને પ્રાર્થના કરતો હતો." દાઉદ કહે છે કે, "હું વહેલો તને શોધીશ; સવારમાં તું મારો ઘાંટો સાંભળીશ." મારી મોડે ખાનગી પ્રાર્થના કરવાની રીતથી તો કુટુંબ સાથેની પ્રાર્થનામાં પણ જે મધુરતા તથા પરાક્રમ જોઇએ તે હોતાં નથી, વળી જેઓ મારી પાસે સહાય પામવા આવે છે, તેઓને પણ યોગ્ય સહાય હું કરી શકતો નથી. અંતઃકરણની કોમળ વાણી મને દોષિત

કરાવે છે, મારા આત્માને યોગ્ય પોષણ મળતું નથી, તથા સેવાને માટે યોગ્ય તૈયારી થતી નથી. અને વારંવાર એવી રીત અનુસરવાથી ખાનગી પ્રાર્થનામાં મારો આત્મા ઈશ્વરમાં એકરસ થતો નથી. માટે હું એવો નિશ્ચય કરીશ કે વહેલો ઉઠીને સૌથી પ્રથમ પરમેશ્વરની હજુરમાં જઈશ; તેના મુખનો પ્રકાશ મારા પર પડે માટે બીજાઓને મળવા પહેલાં હું દેવની સન્નિદ્ધ જઈશ."

જે માણસોએ આ જગતમાં દેવનો મહિમા વિશેષ વધાર્યો છે, તેઓ સર્વ સવારે વહેલા ઉઠીને ઘુંટણ ટેકીને પ્રાર્થના કરનારા હતા. જે માણસ દેવને મળવા સિવાયની બીજી બીજી બાબતોમાં સવારનો શાંત સમય તથા તેની સુંદર તક ગુમાવે છે, તેને તે દિવસ દરમિયાન દેવની હજુરમાં જવાને નિર્વિઘ્ન અવકાશ ભાગ્યેજ મળશે. જો સવારના આપણા વિચારોમાં તથા યત્નોમાં દેવ પ્રથમ તથા મુખ્ય ન હોય, તો પછી દિવસના બાકીના વખતમાં સર્વ બાબતોમાં તે છેલ્લોજ થશે. સવારે વહેલા ઉઠીને પ્રાર્થનારૂપી પવિત્ર સેવામાં લાગુ રહેવાની ટેવમાં દેવ પ્રત્યેની આપણી દૃઢ આસ્થા સમાયલી છે, કે જે આપણને સર્વ હૃદયથી તેમાં જાગતા રહેવાને પ્રેરે છે. સવારમાં પ્રાર્થનામાં લાગુ રહેવાની જે બેપરવાઈ તે આપણા અંતઃકરણની બેદરકારીનું પરિણામ છે. જે માણસના અંતઃકરણમાં પરમેશ્વરની હજુરમાં જવાની ઇચ્છા થતી નથી, તેમાંથી દેવના અનુપમ પ્રેમનો સુસ્વાદ નષ્ટ થયલો છે. દાઉદનું અંતઃકરણ દેવને સારૂ તલપી રહેલું હતું. તેનો આત્મા દેવને સારૂ અતૃપ્ત તથા તૃષિત રહેતો, અને તેથીજ તે દેવને મળવા મોટા મળસકે ઉઠતો હતો. દેવની હજુરમાં જવાની આતુરતાને લીધે પલંગ પરની મિષ્ટ નિદ્રા તેના આત્માને રોકી શકતી ન હતી. દેવની હજુરમાં જવાને ખ્રીસ્ત પણ કેટલી બધી ઇચ્છા દર્શાવતો હતો, અને તેથી તે સવારે પહો ફાટતાં પહેલાં ઘણો વહેલો ઉઠીને પર્વત પર તથા ઉજડ ઠેકાણે પ્રાર્થના કરવા જતો. તેના શિષ્યો

સવારે ઉઠીને તથા પોતાની આળસને લીધે લજ્જિત થઇને, તેની શોધ કયાં આગળ કરવી તે સારીપેઠે જાણતા હતા. એવી રીતે એક પછી એક જગપ્રસિદ્ધ માણસોનાં ઉદાહરણો લઇને તપાસીએ તો માલમ પડશે કે, સવારે વહેલા ઉઠીને ઘુંટણ ટેકીને કરેલી પ્રાર્થનાદ્વારે આ જગતમાં તેઓ દેવને સારૂ અસાધારણ કાર્યો કરવાને શકિતમાન થયા હતા.

દેવ પ્રત્યેની આપણી આસ્થા એવી હોય કે જેથી આપણે નિદ્રારૂપી બંધન ન તોડી શકીએ તો તે આસ્થા મંદ તથા નિર્માલ્ય કહેવાય, અને એવી આસ્થાએ કરીને આપણે દેવને સારૂ કંઈ પણ કાર્ય યોગ્ય રીતે કરવાને શક્તિમાન થઈ શકીશું નહિ. દિવસની શરૂઆતમાં જગત તથા શેતાન પર જય પામવાને દેવ પાસેથી બળ મેળવવામાં ન આવે, તો પછી આખો દહાડો દેવને સારૂ યોગ્ય પાત્રો થઈ શકીશું એવી આશા રખાય નહિ. કેવળ વહેલા ઉઠવાની ટેવથી માણસો દેવનાં સૈન્યોમાં આગેવાનો તથા શૂરવીર સેનાધિપતિઓ નીવડે છે એમ નહિ; એ માત્ર સર્વ પ્રકારનું સ્વદમન કર્યાથી થાય છે. પરંતુ આ વાત નિશ્ચયપૂર્વક છે કે વહેલા ઉઠવાની ટેવ એ એવી દઢ ઇચ્છા કે આસ્થાની વૃદ્ધિ કરીને તેને પ્રબળ કરે છે. કદાચ જો એ સર્વ ભકતોએ પોતાના પલંગ પર થોડી વધારે નિદ્રા લેવાની ટેવ પાડી હોત તો એ ઇચ્છા ધીમે ધીમે મંદ થઇને નષ્ટ થઈ જાત; પણ તેઓએ તે ઇચ્છાને દઢ પકડી રાખીને દેવની એ પવિત્ર સેવા સંપૂર્ણ ભાવથી કરી, અને એ ઇચ્છાનુસાર વર્તવાથી તેઓ દેવ પરના વિશ્વાસમાં દઢ તથા પ્રબળ થતા ગયા, અને તેથી તેઓનાં અંતઃકરણોમાં દેવના સંપૂર્ણ પ્રકટીકરણનો અનુપમ પ્રકાશ પડયો. એ કારણથી વિશ્વાસની દઢ કબૂલાત તથા પ્રકટીકરણોની સંપૂર્ણતાથી તેઓ દેવના આસ્થાવાન સેવકો થઈ શકયા, અને આપણે તેઓએ કરેલી પવિત્ર સેવાની ફતેહમંદીનો લાભ ભોગવીને શેતાન તથા જગત પર તેઓના મેળવેલા દિગ્વિજયોમાં આનંદ પામીએ છીએ. આપણે એવા ઈશ્વર-

ભકતોની કબરો વોળાવીએ છીએ તથા તેમના પર સ્મરણ-વાક્યો કોતરીએ છીએ; પરંતુ તેઓની પવિત્રાઈના નમુનાને અનુસરવા ચિત્ત રાખતા નથી. ખરેખર એવા બોધકો (પાળકો) જોઈએ છે કે જેઓ વહેલા ઉઠીને દેવની હજુરમાં જઈને તેનું મુખ શોધનારા તથા પોતાની સેવાના પરિશ્રમનું ફળ દેવને સોંપનારા થાય, અને તેને બદલે દેવ પાસેથી તેના પરાક્રમનું ભરપુરપણું પામે. વળી ત્યારે તો દેવ પણ તેઓ પ્રત્યે હેર્મોન પર્વત પરના ઝાકળ સમાન થઇને દિવસની ગરમી તથા શ્રમ મધ્યે તેઓ પર સામર્થ્ય તથા હર્ષની વૃષ્ટિ વરસાવે. દેવની હજુરમાં જવાની આપણી બેપરવાઈ એ આપણી મોટામાં મોટી ખામી છે. જગતના લોકો પણ આપણા કરતાં વધારે ડહાપણથી વર્તે છે. તેઓ પોતાના ધંધામાં સવારે વહેલા તથા રાત્રે મોડે સુધી મચ્યા રહે છે. આપણે દેવને આતુરતાથી તથા ખંતથી શોધતા નથી એ નિર્વિવાદ છે. જે માણસ સંપૂર્ણ મન લગાડીને દેવની પાછળ ચાલતો નથી, તેને તે મળે નહિ; અને જે માણસ સવારે વહેલો ઉઠીને દેવની હજુરમાં જતો નથી તે તેની પાછળ યોગ્ય રીતે ચાલી શકે નહિ.

અધ્યાય ૧૦ મો.

રીચર્ડ સેસીલ નામે એક ધર્મોપદેશક કહે છે કે, "આ જમાનાના ધર્મોપદેશકોમાં તથા પાળકોમાં આત્મિક પરાક્રમની બહુજ અછત માલમ પડે છે. મારી પોતાની બાબતમાં મને એવું માલમ પડે છે, અને બીજાઓની બાબતમાં પણ મને એમજ દીસે છે. મને એવી દેહેશત રહે છે કે આપણે સર્વ એ પવિત્ર સેવાના માહાત્મ્ય વિષે નિશ્ચિંત રહીને સારી યોજનાઓ, ગોઠવણો તથા યુક્તિઓદ્વારા તે કરવા મચ્યા રહીએ છીએ. વળી જેટલે દરજ્જે ઉચિત છે તે કરતાં અધિક આપણે લોકોનાં મતમતાંતરોને માન આપીએ છીએ, તથા વિવિધ બાબતોમાં તેઓના વહેમનું ખંડણ કરવા આંચકો ખાઇએ છીએ પરંતુ આપણે યાદ રાખવું કે બોધક કે પાળકનું કામ તે બહુજ ઉત્તમ તથા પવિત્ર કામ છે, અને તે યોગ્ય રીતે કરવા ચાહીએ તો આત્માની પૂરી નમ્રતાથી તથા શુદ્ધ અંતઃકરણથી કરવું જોઇએ. એટલુંજ નહિ પણ

માણસો આપણી પ્રશંસા કરશે કે આપણી નિંદા કરશે એની કશી દરકાર રાખ્યા વિના આપણે આપણી ફરજો બજાવવી જોઇએ. ખ્રીસ્તી ઉપદેશકોમાં જે ખાસ મોટી ખામી માલમ પડે છે તે એજ કે તેઓ જોઇએ તેટલી પ્રાર્થના કરતા નથી.

હાલના સમયમાં ધાર્મિક પુરૂષો તથા સ્ત્રીઓની મોટી જરૂર છે, પણ તે કરતાં ધાર્મિક તથા દેવને અર્પિત થએલા બોધકોની વિશેષ જરૂર છે. જગતની પ્રગતિ ચમત્કારિક વેગે થાય છે. શેતાને જગત પર પોતાનો અમલ તથા સત્તા સજ્જડ બેસાડ્યાં છે, અને પોતાનો દુષ્ટ હેતુ અમલમાં લાવવાને અર્થે જગતની મહાન હિલચાલોનો ઉપયોગ કરવાને તત્પર રહે છે. ખ્રીસ્તના સેવકોએ પોતાના ખરા બળથી ધર્મનું કામ કરવું પડશે. સત્ય ધર્મમાં સમાએલા અતિ આકર્ષક તથા સંપૂર્ણ સિદ્ધાંતોના નમુના જગત આગળ રજુ કરવા જોઈએ. સર્વ પ્રકારે ને સર્વ વાતે ઇશ્વિરભકતોએ ઉચ્ચ આશયો ધરીને પવિત્ર આત્માને યોગે સામર્થ્યથી ભરપુર થવું જોઈએ. પાઊલે લાંબા કાળ સુધી ઘુંટણ ટેકીને, એફેસી મંડળીના લોકો અત્યંત પવિત્રાઈની ઊંચાઈ તથા ચોડાઈ તથા ઊંડાઈ જાણીને "દેવના સર્વ ભરપુરપણાથી ભરપુર થાય," એવી પ્રાર્થના કરી. એપાફ્રાએ પ્રાર્થનામાં અતિશય કષ્ટ કીધું એ માટે કે, કલોસ્સી મંડળી દેવની સર્વ ઇચ્છા સમજવામાં તથા પાળવામાં સંપૂર્ણ થાય. પ્રેરિતોના સમયમાં સર્વ ઠેકાણે પૂરા આવેશથી યત્નો કરવામાં આવતા હતા, એ માટે કે સર્વ ખ્રીસ્તીઓ "દેવના દીકરા પરના વિશ્વાસ તથા જ્ઞાનની ઐકયતામાં સંપૂર્ણ પુરૂષપણાને, એટલે ખ્રીસ્તની સંપૂર્ણતાના કદના પરિમાણને પહોંચે." જેઓ ખ્રીસ્તમાં આગળ વધતા ન હતા તથા જેઓ કાચા બાળકો જેવાજ રહેતા હતા તેઓને કોઈ વખાણતું ન હતું. પરંતુ પ્રતિદિન વૃદ્ધિ પામતા રહેવાનું તેમને ફરમાવવામાં આવતું હતું, અને ઠેઠ વૃદ્ધાવસ્થા સુધી અશક્તપણું તથા શિથિલતા મૂકી દઈને તેઓ ફળ આપનારા તથા જોરાવર થાય એવી આજ્ઞા તેઓને મળતી. આપણો ધર્મ

ઈશ્વરદત્ત છે તે સુભક્ત પુરૂષો તથા સ્ત્રીઓના પવિત્ર આચરણ-દ્વારાજ પ્રગટ થાય એમ છે.

ધનની અધિકતાથી અથવા અસાધારણ બુદ્ધિ કે જ્ઞાનની શ્રેષ્ઠતાએ કરીને દેવનું કામ આગળ ચાલશે એવું ધારવું ભૂલ ભરેલું છે; પરંતુ પવિત્ર આત્મા અમુક માણસોના હ્રદયમાં પ્રવેશ કરીને તેના આખા માણસપણાને પ્રીતિથી ભરપુર કરે છે, અને અધિક વિશ્વાસ તથા પ્રાર્થના તથા ઉત્સાહ તથા સ્વાર્પણને માટે ઉત્કંઠિત કરે છે એજ ફતેહમંદી પામવાનો રસ્તો છે અને આપણને એ વસ્તુઓની અગત્ય છે, નહિ તો આપણે સદા નિષ્ફળ ને નાઉમેદ રહેવાના. દેવના રાજ્યનો પ્રસાર થતો અટકી પડયો છે; તેનો શ્રેષ્ઠ મનોરથ અધવચમાં અપૂર્ણ રહ્યો છે; ખ્રીસ્તીઓમાં પ્રીતિ તથા પવિત્રાઈની અછતને લીધે તેના બુલંદ નામની અવગણના થઈ છે. માનસીક બુદ્ધિ જોકે ઉચ્ચ તથા અસાધારણ હોય, શ્રેષ્ટ તથા ઉત્તમ કેળવણી મળેલી હોય, માન તથા મરતબો તથા ઉચ્ચ પદવી હોય, તોએ દેવનો રથ એવાંથી આગળ ચાલશે એવી આશા રાખવી નહિ જોઈએ. આપણા દેવનો રથ અગ્નિનો છે, અને કેવળ અગ્નિરૂપ પ્રીતિ તથા પવિત્રાઈથી વેષ્ટિત થએલા માણસો તેને આગળ ચલાવી શકે એમ છે. પ્રખ્યાત કવિરાજો નાસીપાસ થયા છે; મોટા પાદશાહો તથા રૂમના પાપાઓ નિષ્ફળ થયા છે. પરંતુ અમેરિકાના ઇન્ડીઅન લોકનો સુવાર્તિક બ્રેનર્ડ સાહેબ ફતેહમંદ થયો; અને તેમ થયાનું કારણ સ્પષ્ટ છે. બ્રેનર્ડના હ્રદયમાં ઈશ્વર પ્રત્યેનો ભાવ તથા તે ગરીબ ઇન્ડીઅનો પ્રત્યેની દયા તથા પ્રીતિ અગ્નિના જેવાં બળતાં હતાં. તેણે સંસારી ખટપટ કે દૈહિક લાભ કે વિષય તેના અંતઃકરણમાં દાખલ થવા દીધાં નહિ, ને એમ તેઓ એ પવિત્ર ઝાળને હોલવી શકયા નહિ.

પ્રાર્થનાદ્વારા એવી દઢ સુભક્તિ પ્રગટ કરવામાં આવે છે એટલુંજ નહિ, પણ પ્રાર્થનાએ કરીને તે આપણામાં ઉત્પન્ન

થાય એમ છે. જ્યાં ખરી સુભક્તિ હોય છે ત્યાં જાથુ પ્રાર્થના પણ હોય છે. જેમ આત્મા તથા શરીરને, જીવન તથા હૃદયને એકબીજાની સાથે નિકટનો સંબંધ છે તેમજ પ્રાર્થના તથા સુભક્તિ એકબીજા સાથે નિકટનો સંબંધ ધરાવે છે. સુભક્તિ વિના સાર્થક પ્રાર્થના થઈ શકે નહિ; અને પ્રાર્થના વિના સુભક્તિ હોઈ શકે નહિ. ઉપદેશકે સુભક્તિને યોગે પોતાનો આત્મા દેવને સમર્પિત કરવો જોઈએ. તે કાંઈ રીતસર પગારને વાસ્તે સેવા બજાવનાર માણસ નથી. બીજા ધંધા રોજગારના જેવો આ એક ધંધો નથી. પરંતુ તે સેવા તો એક ઈશ્વરી સંસ્થા તથા સુભક્તિનું અંગ છે. ખ્રીસ્તી ઉપદેશક દેવને પરિપૂર્ણ અર્પિત છે. તેનું લક્ષ્ય કે આશય ને તેની બધી અભિલાષાઓ દેવને સારૂ અને દેવ પ્રતિ છે. એવી સુભક્તિ-રૂપ સેવાને અર્થે, જેમ જીવનના પોષણને અર્થે ખોરાક અવશ્યનો છે તેમજ પ્રાર્થના પણ અવશ્યની છે.

સર્વ કરતાં અગત્યની વાત એ છે કે ઉપદેશકે દેવને સારૂ સમર્પિત હોવું જોઈએ. દેવ સાથેનો તેનો સંબંધ તથા પરિચય તે જાણે દેવના સેવક તરીકેનો તેનો પરવાનો કે સનદ છે એમ સમજવું. તે સંબંધ શુદ્ધ, પતિપાદક અને અચુક હોવો જોઈએ. આવા કાર્યમાં ઉપર ઉપરના ભક્તિભાવનું ડોળ ધારણ કરવું નહિ. જો ભક્તિભાવ વિષે તથા ધાર્મિકપણા વિષે તેની ઉત્તમતા પ્રત્યક્ષ ન હોય તો બીજી કંઈ લાયકી કામની નથી. વળી જો તે પોતાના સારા નમુનાદ્વારા અને સદ્વર્તન તથા ચાલચલગતદ્વારા બોધ કરતો ન હોય તો તેનો બીજો બોધ કંઈ કામનો નથી. જો તેનો ભક્તિભાવ પોકળ હોય તો તેનો બોધ ગમે તે દેવદૂતના મધુર ગાયન જેવો હોય, તોપણ તેની અસર નિર્માલ્ય થશે અને સવારનાં વાદળાં કે ઝાકળ સમાન તે અલ્પ સમયમાં લોપ થઈ જશે. બોધકના ચરિત્રમાં કે વર્તણુકમાં બીજાં ગમે તે સારાં લક્ષણો હોય, પણ દેવને પૂર્ણ રીતે સમર્પિત થવું તેના જેવું બીજું કંઈ નથી.

પોતાની મંડળી પ્રત્યેની વફાદારી, માની લીધેલા મતો વિષે દૃઢતા, પોતાને પ્રાપ્ત થએલી સંસ્થાદ્વારા કામ ચલાવવામાં આસ્થા, તથા ધર્મસિદ્ધાંતો વિષેનું શુદ્ધ જ્ઞાન, તે બધાં ઉપર જો ઉપદેશક આધાર રાખતો હોય, તો તેઓ માત્ર ભૂલ ખવડાવનારાં તથા નિષ્ફળ જણાશે.

ઉપદેશકની સર્વ મહેનત તથા શ્રમનો ઝરો તથા તેને મળનારાં માન ને મુગટ દેવની સાથેનો પરિચય છે એમ તેણે જાણવું. ખ્રીસ્તના નામનો મહિમા પ્રવર્તાવવો અને તેના રાજ્યનો વિસ્તાર કરવો એજ તેના જીવનનું લક્ષ્ય હોવું જોઈએ. ખ્રીસ્તના નામ સિવાય બીજું એકે નામ ઉપદેશકને પ્રેરણા કરનારૂં હોવું જોઈએ નહિ. ખ્રીસ્ત મહિમાવંત થાય એજ તેની મુખ્ય અભિલાષા હોવી જોઈએ, તેને સારૂજ તેણે સર્વ પ્રકારનો પરિશ્રમ ઉઠાવવો જોઈએ. એમ થાય તો પ્રાર્થના-દ્વારા તેને નિત્ય આત્મિક પ્રકાશ મળશે ને તેની આત્મિક વૃદ્ધિ અખંડ થશે; વળી જે કંઈ તે હાથમાં લેશે તેમાં તે સફળ થશે. દેવ મારી સાથે રહે એજ ઉપદેશકનો હમેશનો આશય તથા ભાવના હોવાં જોઈએ.

હાલના જમાનામાં પ્રાર્થનાદ્વારા જે મહાભારત પરિણામો બને છે તેના પ્રત્યક્ષ દાખલાની ઘણી જરૂર છે. માત્ર જે આસ્થિક તથા આગ્રહી પ્રાર્થના કરનારા માણસો છે તેઓની હસ્તક સુવાર્તાનું સામર્થ્ય પ્રગટ થાય એમ છે. પ્રાર્થના રહિત જમાનામાં દૈવી પરાક્રમના કવચિતજ દાખલા મળશે. પ્રાર્થના રહિત મનુષ્યો પહાડ પર ચઢીને દેવનું દર્શન પામે એવો સંભવ નથી. કદાચ હાલનો જમાનો અગાઉના જમાના કરતાં અધિક સુધરેલો ગણી શકાય; પરંતુ સંસાર-સમાજને લગતો જે સુધારો તે ખરો કે કાયમ સુધારો નથી. માણસો પવિત્ર થાય, તથા ખ્રીસ્તના જેવા થાય એ સુધારો ખરો છે, ને તે માત્ર પ્રાર્થનાના પરાક્રમ વડે થાય એમ છે. ખ્રીસ્તનો જન્મ થયો તે વખતે યહુદી પ્રજાની સ્થિતિ

અગાઉના કરતાં અધિકતર સારી હતી. તે જમાનો જાણે ધર્મચુસ્ત ફરોશીઓનો ચઢીઆતો જમાનો હતો. તથાપિ એજ ચઢીઆતા જમાનાના લોકોએ ખ્રીસ્તને વધસ્તંભે જડાવ્યો હતો! તે જમાનામાં જેવી લાંબી લાંબી પ્રાર્થનાઓ કરવામાં આવતી હતી તેવી કવચિત્ કરવામાં આવી હોય, છતાં ખરી પ્રાર્થના જવલ્લેજ થતી હતી. તે જમાનામાં જેટલા યજ્ઞો ચઢાવવામાં આવતા હતા તેટલા બીજા કોઈ જમાનામાં કવચિત્ ચઢાવવામાં આવ્યા હોય, છતાં ખરો યજ્ઞ—એટલે દેવને સારૂ સ્વાર્પણ—તે દુર્લભ હતો. બહારની મૂર્તિપૂજા લગભગ બંધ થઈ હતી, છતાં ખરા દેવને મૂકીને પૈસો મારો પરમેશ્વર એમ માનનારા ઘણા હતા. મંદિરમાં ઇશ્વરની સ્તુતિ તથા ભક્તિ રાત દિવસ ધામધુમથી થતી, છતાં ખરી ભક્તિ જે આત્માથી તથા સત્યતાથી થાય છે, તે કવચિતજ જોવામાં આવતી. હોઠોની સેવા પુષ્કળ હતી, હૃદયની ન મળે. દેવળોમાં માણસો સંખ્યાબંધ હાજર રહેતા, પણ દેવની હજુરમાં જઈ પવિત્ર થનારા ઘણા થોડા હતા.

પ્રાર્થના દ્વારેથી મળતા પરાક્રમને યોગે માણસો સંતો બને છે. સાર્થક પ્રાર્થનાના બળે કરીને માણસો દેવના જેવા પવિત્ર થાય છે, દેવના ખરા ભકતો જે પ્રમાણમાં વધે છે તે પ્રમાણમાં પ્રાર્થના વધે છે એમ છે, અને જે પ્રમાણમાં પ્રાર્થના વધે છે તે પ્રમાણમાં દેવના ખરા ભકતો વધે છે, એમ કહીએ તો તેમાં કંઈ ખોટું નથી.

અધ્યાય ૧૧ મો.

રધરફોર્ડ નામે એક ધર્મોપદેશક કહે છે કે, "હું આગ્રહપૂર્વક તમારી વિનંતી કરૂં છું કે ખ્રીસ્તની સાથેનો સમાગમ વધારે ને વધારે થાય તેવી કોશિષ કરો. ખ્રીસ્તની પ્રીતિના અપૂર્વ તથા નવીન અનુભવમાં આવવાને વિવિધ પડદા ખસેડવાના છે. વારે વારે મને એવી નિરાશા ઉપજે છે કે તે પ્રેમની પૂર્ણ સીમાએ હું ક્યારે પહોંચીશ." ખ્રીસ્તને મળવામાં અતિશય ખંત, મહેનત ને પરિશ્રમ ઉઠાવો. દરેક દિવસ દરમ્યાન જેટલો અને તેટલો વખત પ્રાર્થનામાં રોકો. ખંત તથા શ્રમથીજ તે મળશે.

પ્રભુના પૂર્ણ અર્પિત થએલા તથા અથાગ પ્રાર્થના કરનારા ધર્મોપદેશકો પૂર્વે ઘણા થઈ ગયા છે, અને આ જમાનામાં પણ ઘણા હૈયાત છે. એવા સદ્‌ભકતોની જિંદગીમાં પ્રાર્થના એવી પરાક્રમે ભરપુર તથા અવશ્યની છે કે જેના વિના કશું ચાલે નહિ. જગત પર તેઓના પરાક્રમની અસર થયા વિના રહી નથી. દેવે પણ તેઓ પર પ્રસન્ન થઈને તેઓની કરેલી પરાક્રમી સેવાદ્વારે પોતાના રાજ્યનો પ્રસાર અધિક અને વેગે ફેલાવ્યો છે. તેઓની પવિત્રાઈ તેઓના આચરણદ્વારા દૈવી પ્રકાશથી પ્રગટ થઈ છે.

દેવે પોતાની પ્રસન્નતા પ્રમાણે આ જમાનામાં ડેવિડ બ્રેનર્ડને પસંદ કર્યો, કે જેની બજાવેલી સેવા તથા શુભ કીર્તિ જગતના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ થઈ છે. તે સાધારણ પ્રકૃતિનો માણસ નહોતો, પરંતુ દરેક પ્રકારના જનમંડળમાં તે દીપી નીકળે એવો હતો. તે વિદ્વાન તથા કુલીન જનોનો સાથી હતો. મોટાં શહેરોની મોટી મંડળીઓ, કે જેમાં પ્રખ્યાત વિદ્વાનો તથા પંડિતો મેમ્બરો હતા, તેઓએ તેને તેઓનો પાળક થવા સારૂ આમંત્રણ આપ્યું હતું. પ્રેસીડન્ટ એડવર્ડઝ એના વિષે સાક્ષી પૂરે છે કે તે એક અસાધારણ બુદ્ધિપ્રભાવશાળી માણસ હતો. માણસો તથા પદાર્થો વિષેનું તેને અનુપમ જ્ઞાન હતું. વળી તેની અપૂર્વ વકતૃત્વશક્તિ અને ઈશ્વરજ્ઞાનમાં તેની પ્રત્યક્ષ ઉત્તમતા અસાધારણ હતી. વળી તે હજુ નાની ઉમ્મરનો હતો તેમ છતાં ધર્માચારની સઘળી બાબતોમાં એક કાબેલ ધર્મસેવક હતો. ખરા ધર્મની ખુબી તથા શ્રેષ્ટતા વિષે તેના વિચારો એવા સ્પષ્ટ તથા સપ્રમાણ હતા કે મારા સર્વ ઓળખીતામાં તેના જેવો કોઈ ન હતો એમ મારે કહેવું પડે છે. તેની પ્રાર્થના કરવાની રીતિ ખરેખર અપૂર્વ હતી. તેની વિદ્યા ભારે હતી, ને બોધભાષણો કરવામાં તે એકકો હતો.

તેના જીવનચરિત્રના હેવાલ સરખો ઉત્તમ હેવાલ જગતના ઇતિહાસમાં હજી સુધી નોંધાયો નહિ હશે. તેનું જીવનચરિત્ર

તથા તેણે બજાવેલી સેવા કોઈ અલૌકિક ચમત્કાર કરતાં ખ્રીસ્તી ધર્મની સત્યતા વિષે વિશેષ સારો પુરાવો રજુ કરે છે એમ કહેવામાં કંઈ ખોટું નથી. શારીરિક વ્યાધિથી પીડાતો, માણસોના આત્માઓની યોગ્ય સંભાળ વિષે અનુભવ વગરનો તથા તે ઇન્ડીઅન લોકોને ઘણે ભાગે એક વિધર્મી ભાષાંતર કરનારની મારફતે બોધ દેતો હતો એ છતાં દેવનું પરાક્રમી વચન તેના અંતઃકરણમાં અને તેના હાથમાં રાખીને પોતે એકલો અમેરિકાનાં વિકટ જંગલોમાં એકાંતમાં ગયો. તેને ત્યાં પ્રાર્થના માટે પુષ્કળ અવકાશ મળતો હતો. તેણે તે જંગલી લોકો મધ્યે ખરા દેવની ભજનક્રિયા સ્થાપી, અને તેની અથાગ મહેનતનાં ઉત્તમોત્તમ પરિણામો થયાં. તે લોકો અજ્ઞાનતાના ખાડામાંથી તથા મૂર્તિપૂજાની સર્વ ભ્રષ્ટતાથી મુક્ત થઈને આસ્થિક અને આગ્રહી ઉત્તમ ખ્રીસ્તીઓ થયા. પોતા મધ્યેથી સર્વ દુરાચારો દૂર કરીને ખ્રીસ્તી ધર્મના સર્વ ઉત્તમ આચારવિચારો સ્વિકારીને તે પ્રમાણે વર્તન ચલાવવા લાગ્યા. તેઓમાં કૌટુંબિક પ્રાર્થનાની રીત ઘેર ઘેર સ્થાપવામાં આવી. પ્રભુનો દિવસ પવિત્ર પાળવાનો ઉત્તમ રિવાજ બધે ફેલાયો. ખ્રીસ્તી ધર્મમાં સમાએલી પ્રત્યક્ષ ઉત્તમતાનાં ફળ તેઓએ પોતાના આચરણદ્વારે હર્ષ અને આવેશથી પ્રગટ કરી દેખાડ્યાં. આ સર્વ ઉત્તમ પરિણામોનું મૂળ કારણ તે કાંઈ વસ્તુસ્થિતિમાં કે સંજોગોમાં મળે એમ નથી. કોઈ બીજામાં નહિ, પણ માત્ર તે માણસ બ્રેનર્ડમાંજ હતું એમ કહેવાય. તે ખરેખર દેવનો નીવડેલો માણસ હતો. તે સર્વ બાબતમાં દેવને માન આપતો, ને દેવની સલાહ પુછીને કામ કરતો. દેવનો પવિત્ર આત્મા તેની મારફતે નિર્વિઘ્ને કામ કરી શકયો. દેવની અનહદ સામર્થ્યવાન કૃપા તેના હૃદયમાં થઈ વહી જતી હતી: તે સંકોચાતી નહોતી, ને અટકાવ પામતી નહોતી. દેવને સારૂ તેનું અંતઃકરણ વિશાળ અને શુદ્ધ રાખવામાં આવેલું હતું, એ માટે કે દેવનો પવિત્ર આત્મા સર્વ

સામર્થ્ય સહિત આશારહિત વેરાન અરણ્યરૂપી લોકોને એક લીલી કુંજાર તથા ફળવાન વાડીરૂપી કરે. જો દેવને યોગ્ય માણસ મળે,--એટલે ખાસ અર્પણ થએલો તથા પવિત્ર માણસ મળે,—તો કંઈ પણ કાર્ય દેવને અશક્ય નથી.

બ્રેનર્ડની આખી જિંદગી પવિત્ર તથા પ્રાર્થનાથી ભરપુર જિંદગી હતી. તેની રોજનિશીમાં જ્યાં તપાસીએ ત્યાં એકાંત સ્થળે જઈ ઉપવાસ તથા મનન કરવા વિષે તથા પ્રાર્થનાદ્વારે ઈશ્વર સાથે મેળાપ કરવા વિષેની વાતો વાંચીએ છીએ. તે દરરોજ ઘણા કલાકો પ્રાર્થનામાંજ રોકતો હતો. તે પોતે કહે છે કે, "જ્યારે હું ઘેર આવીને ઈશ્વરમનનમાં, પ્રાર્થનામાં તથા ઉપવાસ કરવામાં તત્પર રહેતો હતો, ત્યારે જાણે કે મારા આત્મામાં સ્વદમન, સ્વનકાર અને નમ્રતા તથા જગતની સર્વ બાબતોથી વિમુખતા ઇચ્છવાની પ્રેરણા થતી હતી. મારે જગત સાથે કંઈ સંબંધ નથી. કેવળ જગતમાં હું વિશ્વાસુપણાથી દેવની સેવા કરવા માટે રહું છું. જગતનાં સુખરૂપ વાનાંને સારૂ હું ક્ષણભર જીવવા ઇચ્છતો નથી." પોતાની પ્રાર્થના કરવાની ઉત્તમ રીત વિષે તે પોતે નીચે મુજબ લખે છે. "દેવની સાથેના સમાગમની મધુરતા કેટલી બધી છે, તથા તેના પ્રેમનું આકર્ષણ કેવી રીતે મારા આત્માને દેવવશ કરે છે, તથા મારી સઘળી લાગણીઓ ઈશ્વર પ્રત્યે દોરે છે એ જાણીને હું આ આખો દિવસ ઉપવાસ સહિત પ્રાર્થનામાં ગાળવા ઇચ્છું છું, એ માટે પ્રભુની સુવાર્તાના પ્રસારનું જે મહાભારત કામ મને તેના મહિમાના અર્થે સોંપવામાં આવ્યું છે, તેના સંબંધમાં મને યોગ્ય માર્ગે દોરીને તથા આશીર્વાદિત કરીને પોતાના મુખનો પ્રકાશ મારા પર પાડે. પ્રથમ સવારમાં પ્રાર્થનામાં કંઈ ખાસ ભાવ કે ઉત્સાહ માલમ પડ્યો નહિ. સુમારે એક વાગે દેવે મારા દૂર દેશમાં રહેનારા મિત્રોને સારૂ આગ્રહપૂર્વક પ્રાર્થના કરવામાં મને વિશેષ પ્રબળ કર્યો, પણ રાત્રે તો જાણે કે ચમત્કારિક રીતે દેવે મારી મુલાકાત

લીધી. મને લાગે છે કે આ સમય અગાઉ મેં કદી પ્રાર્થનામાં એવું કષ્ટ કર્યું નહોતું. મને જાણે કે સર્વ બાબતમાં મોકળાપણું માલમ પડયું. દેવે પોતાની અનહદ કૃપાની સંપત્તિ મને દર્શાવી. મેં વિયોગી મિત્રોના હકમાં તેમજ સર્વ માણુસોને ખ્રીસ્તમાં એકઠા કરવા વિષે તથા વિધર્મીઓને માટે તથા દૂરના પ્રદેશમાં રહેતા સર્વ લોકોને માટે પ્રાર્થના કીધી. સવારથી માંડીને ઠેઠ સાંજ સુધી મેં પ્રાર્થનામાં એવું તો કષ્ટ કીધું કે પરસેવાથી મારૂં શરીર ભીંજાયું, તો પણ મને એવું લાગ્યું કે હજુ મેં કંઈજ કીધું નથી. રે, મારા તારનારનો પરસેવો આખા જગતનાં લોકનાં પાપના નિવારણાર્થે લોહીમય થઈ ગયો હતો! હે પ્રભુ, નાશ પામનાર લોકો પ્રત્યે હજી મારામાં વધારે દયાભાવ ઉત્પન્ન કર. તે રાત્રે હું દેવની કૃપા તથા પ્રીતિનો નવીન અનુભવ કરીને તથા મારૂં અંતઃકરણ દેવને અવલંબીને મેં મિષ્ટ નિદ્રા લીધી." યાદ રાખવું કે કેવળ પ્રાર્થનાદ્વારે તે ખ્રીસ્તની સેવાને અર્થે એવું અજાયબ પરાક્રમ પ્રાપ્ત કરી શકયો.

અથાગ પ્રાર્થના કરનારા માણસોમાં આત્મિક પરાક્રમ વિશેષ હોય છે. સાર્થક પ્રાર્થના દેવની હજુરમાં સદા ટકી રહે છે. બ્રેનર્ડે પોતાની આખી જિંદગી પ્રાર્થનામાં ગાળી એમ કહેવાય. દિવસે તથા રાત્રે તે પ્રાર્થનામાં તત્પર રહેતો હતો. બોધ કર્યા અગાઉ તથા તેને અંતે પણ તે પ્રાર્થનામાં લાગુ રહેતો હતો. અમેરિકાના વિકટ અરણ્યમાં થઈને ઘોડા પર બેસીને તે પ્રાર્થના કરતો હતો. તે પોતાની પરાળની પથારી પર પણ પ્રાર્થના કરતો હતો. જંગલમાં એકાંતસ્થળે તે પ્રાર્થના કરવા જતો હતો. દર કલાકે પ્રાર્થના કરતો. દરેક દિવસ સવારમાં વહેલો તથા રાત્રે મોડે સુધી તે ઉપવાસ સહિત પ્રાર્થનામાં લાગુ રહેતો હતો. તેની પોતાની અથાગ પ્રાર્થનાએ કરીને દેવ પાસેથી તે પરાક્રમ પામતો હતો, તે માટે તે મુઆ છતાં હજી બોલે છે તથા કામ કરે છે અને

જગતના અંત સુધી તે તેમ કર્યાં જશે; અને પ્રભુના મહિમાને દિવસે તે ખ્રીસ્તને જમણે હાથે દેવના આશીર્વાદિતો મધ્યે બેસશે. જોનાથાન એડવર્ડઝ તેના વિષે કહે છે કે ખ્રીસ્તની સેવામાં ફતેહમંદી પામનારાનો ખરો માર્ગ તેની જિંદગી પરથી શીખી શકાય એમ છે. રણસંગ્રામમાં જેમ કોઈ શસ્ત્રધાર વિજયને માટે લડે છે, તેમ તે ફતેહમંદીને સારૂ પ્રયત્ન કરતો હતો. કોઈ મોટી શરત દોડનારની પેઠે દેવના નિશાન ભણી તે આગળ વધતો હતો. ખ્રીસ્ત પરના તથા માણસોના આત્મા પ્રત્યેના પ્રેમથી ભરપુર થઇને તેણે કેટલા બધા ઉત્સાહથી સેવા બજાવી. તેણે બોધભાષણ કરવામાં કે સિદ્ધાંતોનો ખુલાસો કરવામાં ને લોકોમાં ફરી ફરીને બોધ કરવામાં એટલુંજ નહિ, પણ તેની ખાનગી ચાલની પવિત્રાઇને માટે નિરંતર કષ્ટ કર્યું. વળી અહોનીશ પ્રાર્થનામાં દેવની સાથે એવી રીતે ગુપ્તમાં કુસ્તી કીધી તથા અવાચ્ય નિસાસાએ કરીને એટલે સુધી કષ્ટ કર્યું કે ત્યાંના ઇન્ડીઅન લોકોનાં અંતઃકરણમાં ખ્રીસ્તની પ્રતિમા ઉત્પન્ન થાય. યાકૂબની પેઠે તેણે ઘોર તથા અંધારી રાત્રિમાં તથા સૂર્યોદય થતાં સુધી દેવ સાથે પ્રાર્થનામાં કુસ્તી કીધી.

અધ્યાય ૧૨ મો.

"અવશ્યે જે અંતઃકરણમાંથી નીકળે છે, તે સિવાય અંતઃકરણ ઉપર અસર કરે એવું કંઇ નથી; અને જે કંઇ સજીવ પ્રેરકબુદ્ધિમાંથી ઉદ્ભવતું નથી, તે પ્રેરકબુદ્ધિને સચેતન કરી શકતું નથી."

"જે બોધમાં અંતઃકરણના કરતાં મગજનું પ્રાધાન્ય વિશેષ હોય, તે શ્રોતાજનોના અંતઃકરણમાં લાગણી ઉપજાવી શકે નહિ."

રોબર્ટ મેકચેન નામે એક સુપ્રસિદ્ધ ઉપદેશક તેની રોજનિશીમાં લખે છે કે, "આજ સવારે હું અંતઃકરણને તૈયાર કરવા કરતાં મગજને તૈયાર કરવામાં વિશેષ વખત રોકતો હતો. વારે વારે હું આવી ભૂલમાં પડું છું, અને તેનું માઠું પરિણામ અનેક રીતે પણ ખાસ કરીને પ્રાર્થનામાં મને માલમ પડે છે. હે પ્રભુ! તું આ ભૂલ સુધાર; મારૂં અંતઃકરણ પ્રફુલ્લિત કર, ત્યારે તો હું તારૂં પવિત્ર વચન લોકોને પ્રગટ કરી શકીશ."

પ્રાર્થના, તેનાં વિવિધ તથા વિચિત્ર પરાક્રમ પરત્વે બોધકને દેવની સત્ય વાત અસરકારક રીતે તથા ભરપુરપણાથી ઉચ્ચારવાને સહાય કરનારી થાય છે.

બોધકને સારૂ શ્રોતાજનોએ પ્રાર્થના કરવી એ અગત્યની વાત છે, કેમકે પ્રાર્થનાએ કરીને તે દેવને સારૂ યોગ્ય પાત્ર થાય છે. તેની વાણી મધુર અને પરિશુદ્ધ થાય, એ માટે પ્રાર્થના કરવી જોઈએ. અથાગ પ્રાર્થનાએ કરીને બોધકની વાણી પવિત્ર ને શુદ્ધ તથા દેવની વાત સર્વ હિંમતથી ઉચ્ચારવાને પ્રબળ થાય છે. પાઉલની વાણીથી મંડળીને તથા જગતને અત્યંત લાભ થયો ને તેનું કારણ એ હતું કે પાઉલની વાણી પ્રાર્થનારૂપી પરાક્રમે ભરપુર હતી.

પ્રતિદિન પ્રાર્થના સર્વ પ્રકારે ને સર્વ બાબતે ઉપદેશકને ઘણી અવશ્યની, આત્મિક પ્રકાશ આપનારી, કીમતી અને સહાયકારી છે. સૌથી પ્રથમ તે અંતઃકરણને પવિત્ર ને શુદ્ધ કરે છે.

પ્રાર્થના વડે બોધક સાંભળનારાંનાં હૃદયો પર અસર કરનારો થાય છે. પ્રાર્થનાએ કરીને બોધકના બોધમાં બોધકનું હૃદય પ્રગટ થાય છે, વળી પ્રાર્થનાએ કરીને બોધકનો બોધ પોતાના અંતઃકરણને લાગુ પડે છે.

જેવું બોધકનું અંતઃકરણ તેવો તે હોય છે. ઉમદા અંતઃકરણવાળો માણસ ઉમદા ઉપદેશક થાય છે. દુષ્ટ અંતઃકરણવાળો માણસ કંઈક મુદ્દત સુધી ભલું કદાચ કરે, પરંતુ એમ બનવું અસંભવિત છે. જે પાળક ચાકર જેવો તથા અતડો રહેનારો છે તે કેટલીક બાબતમાં ઘેટાંને સંભાળી શકે છે, પરંતુ ખરા ઘેટાંપાળકનું અંતઃકરણ ઘેટાંની દાઝ જાણે છે અને તેમને સર્વ વાતે પોષીને ઉત્તમ ઘેટાંપાળકની સર્વ ગરજ સારે છે.

આપણે બોધભાષણની તૈયારી કરવાની અગત્ય તથા તેની પદ્ધતિ ઉપર એટલો બધો ભાર મૂકયો છે કે અંતઃકરણની તૈયારી કરવાની અગત્ય આપણે વિસરી ગયા છીએ. તૈયાર

કરેલા બોધભાષણ કરતાં તૈયાર કરેલું અંતઃકરણ વિશેષ સારૂં છે. જો અંતઃકરણ તૈયાર કરેલું હોય તો બોધભાષણ તૈયાર કરવું સહેલું પડશે.

હાલના સમયમાં સરળ અને પદ્ધતિસર બોધભાષણની તૈયારી કેવી રીતે કરવી તે વિષે જથાબંધ પુસ્તકો લખાયાં છે. અને તેવાં પુસ્તકો વાંચી વાંચીને આપણે એવું માની બેઠા છીએ કે જાણે કે ઊભી કરી રાખેલી પાલખ તેજ ઇમારત છે. જુવાન બોધકોને એવુંજ શિક્ષણ મળે છે કે રસિક, સરળ અને શૈલીવાળું બોધભાષણ તૈયાર કરવામાં પોતાના બુદ્ધિબળનો વ્યય કરવો એ તેનું મુખ્ય કર્તવ્ય છે. આથી બહુ ખોટું પરિણામ થયું છે. લોકોમાં એવી ખોટી અભિરૂચી ઉત્પન્ન થઈ છે કે તેઓ આત્મિક અનુભવ કરતાં વિદ્વતા વધુ માગે છે, ભક્તિ-ભાવના કરતાં વક્તૃત્વશક્તિ પસંદ કરે છે, દેવના પ્રકટીકરણના કરતાં તર્કવાદ ચાહે છે, અને પવિત્રાઈ કરતાં લોકપ્રિયતા તથા ચાલાકી ઉપર વિશેષ લક્ષ રાખે છે. આથી કરીને આપણે બોધનું ખરૂં રહસ્ય–બોધનું ખરૂં પરાક્રમ–ખોઈ બેઠા છીએ, અને ખરા બોધથી ઉત્પન્ન થતો પાપનો પસ્તાવો, ઉચ્ચ ખ્રીસ્તી જીવનનો ઉત્તમ આશય, અને ખરા બોધથી લોકોનાં હૃદયોમાં તથા તેમની ચાલચલગતમાં થતો ફેરફાર કે બદલાણ ક્વચિત જોવામાં આવે છે, બલકે ઘણે ભાગે જોવામાં આવતાં નથી.

બોધકો અધિક અભ્યાસ કરે છે એમ કહેવું વાજબી નથી. કેટલાક તો બિલકુલ અભ્યાસ કરતા જણાતા નથી; કેટલાક જોઈએ તેટલો અભ્યાસ કરતા નથી; અને ઘણા દેવની દૃષ્ટિમાં પસંદ પડનાર સેવકો થવાને અર્થે યોગ્ય રીતિએ અભ્યાસ કરતા નથી, પરંતુ આ વાત નિશ્ચયપૂર્વક છે કે આપણી ખાસ મોટી ખામી તે બુદ્ધિની કેળવણી કે પ્રૌઢતાની તો નહિ, પણ અંતઃકરણની પ્રૌઢતાની છે. આપણે જ્ઞાનમાં અધુરા છીએ એમ નહિ, પરંતુ પવિત્રાઈમાં અધુરા છીએ એ આપણી શોચનીય ખામી છે. આપણે જેમ જોઈએ તેમ દેવની સાથે

નિકટનો સંબંધ ધરાવતા નથી, ને તેનાં વચનોનું મનન કરતા નથી. વળી ઉપવાસ નથી કરતા, ને પ્રાર્થનામાં લાગુ રહીને સાવધાન રહેતા નથી. આપણી ધર્મસેવામાં અંતઃકરણ એજ મોટો અવરોધ થઈ પડયો છે. દેવનાં જીવનદાયક વચનો આપણાં અંતઃકરણોમાં થઈને બીજાના સંસ્થાપનને અર્થે નીકળતાં નથી, બલકે તેઓ આપણાં મંદ અંતઃકરણોમાં નિષ્ફળ અને બળહીન થાય છે.

તેમ થયાનું કારણ પણ છે. શું જે બોધક મોટી પદવી તથા લોક પ્રશંસાની શોધમાં લાગેલો છે તે આપણો પ્રભુ કે જેણે દાસનું રૂપ લઈને એટલે માણસોની પ્રતિમામાં થઈને પોતાને ખાલી કર્યો તેની સુવાર્તા યોગ્ય ભાવે પ્રગટ કરી શકે? શું જે બોધક વ્યર્થાભિમાની તથા અહંપદવાળો છે તે આપણો પ્રભુ જે લીન તથા નમ્ર છે તેની સુવાર્તા પ્રગટ કરી શકે? શું જે બોધક પોતે ક્રોધી, તામસી, સ્વાર્થી, કઠણ હૃદયવાળો અને સંસારી ચિત્તનો છે તે દેવની વાત, કે જે ધીરજ, સહનતા, સ્વદમન, ભલાઈ કરવાની આજ્ઞા આપે છે, અને જગત સંબંધી વધસ્તંભે જડાઈને સર્વ વૈરભાવથી દૂર રહેવાનું ફરમાવે છે, તે પ્રગટ કરી શકે? શું જે બોધક પગારને વાસ્તે કામ કરે છે તે આપણો પ્રભુ, કે જે ઉત્તમ ઘેટાંપાળક છે તથા પોતાનાં ઘેટાંને સારૂ પોતાનો જીવ આપે છે, તેની સુવાર્તા પ્રગટ કરી શકે? શું જે માણસ લોભી તથા દ્રવ્ય પર ચિત્ત રાખનારો છે તે શા રીતે ખ્રીસ્તનો નમુનો દેખાડી શકે? જે પ્રમાણે પાઉલના શબ્દો લઈને જોન વેસ્લેએ પૈસા સંબંધી કહ્યું કે, "હું તેને કચરૂંજ ગણું છું; હું તેને મારા પગ તળે છુંદી નાખું છું; હું ખ્રીસ્તની જે કૃપા મારામાં છે તેથીજ કહું છું કે તેને રસ્તા પરના કાદવસમ ગણું છું; હું તેને ઇચ્છતો નથી, હું તેને શોધતો નથી," તેમ દરેક ખરો પાળક શુદ્ધ અંતઃકરણથી કહી શકે ત્યાં સુધી ને ખ્રીસ્તની સુવાર્તા જેમ જોઇએ તેમ પ્રગટ કરી શકતો નથી. દેવનું પ્રગટીકરણ સુશોભિત તથા ફળીભુત

થાય તે માટે તેને માણસોની અસાધારણ બુદ્ધિ, વિદ્વતા' કે ભવ્યતાની જરૂર છે એવું નથી; પરંતુ જે માણસની મારફતે તે કાર્ય સિદ્ધ થાય છે તેનામાં સાધુશિલતા, લીનતા, નમ્રતા અને બાળકના જેવા સાદા વિશ્વાસની જરૂર છે.

પાઉલે પોતાની માનસિક વિદ્યા અને અસાધારણ બુદ્ધિ-બળની અવગણના કીધી એ માટે કે તે સર્વ આત્મિક પરાક્રમે ભરપુર થઈને ખ્રીસ્તની ઉત્તમતાના કદના પરિમાણને પહોંચે તેથી તે પ્રેરિતોમાં અનુપમ લેખાય છે. એજ કારણથી જોન વેસ્લે પણ પરાક્રમ પામ્યો, ને જગતના ઇતિહાસમાં પોતાના પરિશ્રમનો હેવાલ નોંધ્યો છે.

આપણી મોટી તૈયારી અંતઃકરણની હોવી જોઈએ. લુથરનું એક સોનેરી વાકય આ પ્રમાણે હતું. "જેણે યોગ્ય રીતે પ્રાર્થના કરી છે તેણે સારો અભ્યાસ કર્યો છે." અમારો ભાવાર્થ એવો નથી કે બોધકે ઊંડો વિચાર કરવો નહિ, કે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો નહિ; પરંતુ આ વાત નિશ્ચય-પૂર્વક છે કે જેણે પોતાનું અંતઃકરણ યોગ્ય રીતે કેળવ્યું છે તેજ પોતાની બુદ્ધિનો ઉત્તમ રીતે ઉપયોગ કરી શકે છે. વળી અમારૂં કહેવાનું એમ નથી કે બોધકે તેની આખી જિંદગી સુધી અભ્યાસી થવું નહિ, પરંતુ તેનો મુખ્ય અભ્યાસ તે પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ હોવો જોઈએ. વળી જે પોતાના અંતઃ-કરણની સંભાળ વિશેષ ખંતથી રાખે છે તેજ ઉત્તમ રીતે શાસ્ત્રનો અભ્યાસ કરી શકશે.

વળી બોધકે માણસોની પારખ કરવી નહિ એમ પણ નથી, પરંતુ જે બોધકે પોતાના અંતઃકરણની ગૂઢ અને બારિક વાતો બારિકીથી તપાસી છે તેજ માણસોનો યોગ્ય પારખ થઈ શકે છે, એમ અમારૂં માનવું છે.

બોધ તો નહેરરૂપી મનદ્વારા થાય છે, પરંતુ તેનો ઝરો અંતઃકરણમાં છે. આપણે નહેર પહોળી તથા ઊંડી કરીએ—

એટલે મન કે બુદ્ધિને ખૂબ કેળવીએ—પરંતુ તેના ઝરો (જે અંત:કરણ છે) તેની શુદ્ધતા તથા ઊંડાઈ વિષે બેપરવા રહીએ તો નહેરરૂપી આપણું મન શુષ્ક અને ભ્રષ્ટ થશે. હરકોઈ માણસની પાસે સુવાર્તાનો બોધ કરવા સારૂ જેટલી બુદ્ધિ જોઈએ તેટલી હોય છે એવું કબુલ કરીએ છીએ, પરંતુ ઘણા થોડાની પાસે બોધક થવા સારૂ જે કૃપા જોઈએ તે હોય છે. જેણે પોતાના અંત:કરણની અશુદ્ધતા તથા કપટને ઉખેડવા સારૂ વિશેષ પરિશ્રમ ઉઠાવ્યો છે અને તે વિષે જીત મેળવી છે, અને જેણે પોતાના અંત:કરણમાં નમ્રતા, લીનતા, વિશ્વાસ, પ્રેમ, સત્યતા, દયા, દિલસોજી, હિંમત જેવાં સુલક્ષણો વધાર્યાં છે, અને જે પોતાના વિમળ થએલા અંત:કરણના મુદ્દાઓ પોતાની કેળવાએલી બુદ્ધિદ્વારાએ પોતાના શ્રોતાજનોના અંત:કરણમાં લાગુ પાડી શકે છે, તેજ ખરેખરો અને સફળ, અને દેવની દૃષ્ટિમાં યોગ્ય ઉપદેશક થઈ શકે છે.

અધ્યાય ૧૩ મો.

બેરીજ નામે એક ધર્મોપદેશક કહે છે કે, “કેવળ બાહોશ કે ચાલાક ઉપદેશક થવાને પ્રયાસ કરવો તે બોધકનું મુખ્ય કર્તવ્ય નથી. યાદ રાખવું કે યરેખોનો કોટ મેંઢાના શિંગના રણશિંગડા જેવા બળહીન સાધન વડે પાડી નાખવામાં આવ્યો હતો. ઉપદેશક તરીકે આત્મિક ખોરાકને માટે કેવળ ખ્રીસ્ત ભણી જુઓ. જેની અગત્ય છે તે અપાશે અને જે કંઇ તે આપશે તે આશીર્વાદિત થશે, પછી તે જવ કે ઘઉંની રોટલી કે મેજ પરના કકડાજ હોય. તમારા અંત:કરણની સ્થિતિ પ્રમાણે તમારી વાણી વહેતા ઝરા અથવા તો બંધ કરી રાખેલા ફુવારાના જેવી થશે. બોધમાં, વાતચીતમાં અને લખાણમાં શબ્દવાદ કે તર્કવાદ તજો. તમારા બોધદ્વારા શેતાનને નીચે પાડો અને કેવળ ખ્રીસ્તને ઉંચો કરો.”

પ્રૌઢ મગજ નહિ પરંતુ યથાર્થ અંત:કરણ જગતનો મોટો ઉદ્ધારક છે. માણસોની અસાધારણ બુદ્ધિ, વિદ્વતા, ભવ્યતા, માનસિક પરાક્રમ કે સ્વાભાવિક દાનોની અધિકતાથી ઉદ્ધાર

થતો નથી એ નિઃસંદેહ છે. સુવાર્તાનું જીવનદાયક પરાક્રમ અંતઃકરણમાં થઈને વહે છે. સર્વ મહાન પરાક્રમો અંતઃકરણ-માંથી ઉદ્દ્ભવે છે. સર્વ મધુર ને ચિત્તાકર્ષક સદ્ગુણો કે જે દેવના માણસોમાં જોવામાં આવે છે તે અંતઃકરણમાંથી નીપજે છે. ઉમદા અંતઃકરણવાળો માણસ ઉમદા આચરણવાળો તથા દેવના સ્વભાવનો ભાગીદાર થાય છે. દેવ પ્રીતિ છે. પ્રીતિ કરતાં કંઈ મોટું નથી ને દેવ કરતાં કંઈ પ્રૌઢ કે ગૌરવી નથી. પ્રીતિથી ભરપુર અંતઃકરણ સ્વર્ગની સૌંદર્યતા કે રમણી-યતા છે. સ્વર્ગ પ્રીતિનું સ્થાન છે. સ્વર્ગ કરતાં કંઈ ઉચ્ચ કે શ્રેષ્ટ નથી. પ્રૌઢ મગજવાળો તો નહિ પરંતુ યથાર્થ અંતઃકરણ-વાળો માણસ દેવનો માન્ય ઉપદેશક થાય છે. ધર્મસેવાની સર્વ બાબતમાં અંતઃકરણ વિશેષ કીમતી છે. ઉપદેશકે પોતાના અંતઃકરણમાંથી બોધ કરવો, ને શ્રોતાજને પોતાના અંતઃકરણથી શ્રવણ કરવું જોઈએ. સારાંશ કે આપણે અંતઃકરણદ્વારા દેવની સેવા કરીએ છીએ. જે ધર્મસેવામાં અંતઃકરણ કરતાં મગજનું પ્રાધાન્ય વિશેષ હોય છે તે દેવની પવિત્ર હજુરમાં માન્ય નથી.

હાલના સમયમાં ઉપદેશકોના બોધમાં પ્રાર્થના કરતાં વિદ્-તાનું, ને અંતઃકરણ કરતાં મગજનું પ્રાધાન્ય વિશેષ જોવામાં આવે છે. આ એક બહુ સાધારણ ને જોખમ ભરેલી ખામી છે, એમ અમારૂં માનવું છે. ઉત્તમ અંતઃકરણવાળો માણસ તેજ ઉત્તમ ઉપદેશક થાય છે. ભલા અંતઃકરણવાળો માણસ ભલો ઉપદેશક થાય છે. જે કોલેજમાં વિદ્યાર્થીઓના અંતઃ-કરણની કેળવણી કે પ્રૌઢતા પર વિશેષ લક્ષ દેવામાં આવે છે તે સુવાર્તાપ્રસારનું મનેચ્છિત સ્થાન છે.

પાળક પોતાના અંતઃકરણ પરત્વે પોતાની મંડળીના લોકો સાથે નિકટનો સંબંધ ધરાવે છે, તથા તેઓ પર દેવના સારા અધ્યક્ષની પેઠે અધિકાર ચલાવે છે. તેઓ ભલે તેની હોશિ-યારી, તેની યોગ્યતા કે તેના બોધથી થતી અસરની પ્રશંસા

કરે; પરંતુ તેનું અંતઃકરણ તેના સર્વ પરાક્રમનો ઝરો છે. પ્રીતિ તેનો રાજદંડ છે, તથા પ્રીતિથી ભરપુર અંતઃકરણ તે તેનું રાજ્યાસન છે. ઉત્તમ ઘેટાંપાળક ઘેટાંને સારૂ પોતાનો જીવ આપે છે. મગજદ્વારા કરેલી ધર્મસેવાથી માણસ ધર્મની ખાતર પ્રાણ આપનાર થતો નથી. અંતઃકરણદ્વારા માણસ પ્રેમ ને વિશ્વાસની રૂએ દેવવશ થાય છે. વિશ્વાસુ ધર્મસેવક થવામાં અધિક હિમ્મતની જરૂર છે, અને કેવળ અંતઃકરણમાં-થીજ આવી હિમ્મત ઉદ્‌ભવે છે. મગજની નહિ પરંતુ અંતઃકરણની પ્રૌઢતા ધર્મસેવામાં પ્રબળ થાય છે.

અંતઃકરણ કરતાં મગજને કેળવવું સુગમ પડે છે. તૈયાર કરેલા અંતઃકરણ કરતાં તૈયાર કરેલા મગજથી બોધ કરવો તે વળી વિશેષ સુલભ પડે છે. અંતઃકરણમાંથી ઉદ્‌ભવતી પ્રીતિને કારણે ખ્રીસ્તે સ્વર્ગનો મહિમા છોડી દીધો, ને આ દુનિયામાં આવ્યો, અને કેવળ અંતઃકરણદ્વારા માણસો સ્વર્ગ પ્રત્યે આકર્ષાય છે. આ જગતમાં દેવની પ્રીતિથી ભરપુર એવા માણસોની જરૂર છે કે જેઓ જગતનાં સર્વ દુઃખોમાં દિલસોજી તથા સર્વ સંતાપમાં અનુકંપા દર્શાવીને તેઓને દૂર કરી શકે. ખાસ કરીને ખ્રીસ્ત જ્યારે આ દુનિયામાં હતો, ત્યારે દુઃખિત પુરૂષ અને દરદનો અનુભવી ગણાતો હતો. કેમકે તેનું અંતઃકરણ દેવની પ્રીતિથી ભરપુર હતું. "મને તારૂં અંતઃકરણ આપ," એવી માણસો પ્રત્યે દેવની આજ્ઞા છે. "તમને મારૂં અંતઃકરણ આપીશ" એવી પાળકની માણસો પ્રત્યે ફરજ છે. જે ધર્મસેવા કેવળ રીતસર કે પગાર દાખલ કરવામાં આવે છે તે નિર્જીવ છે. જ્યારે માણસ પગાર પર કે દ્રવ્ય પર ચિત્ત રાખે છે, ત્યારે તેનું અંતઃકરણ અતિશય સંકોચાય છે. જ્યારે પાળકપદ કેવળ ધંધા કે ફરજ તરીકે કરવામાં આવે છે ત્યારે તેમાં અંતઃકરણ પુરેપુરૂં લાગતું નથી. જે માણસ પૈસો મારો પરમેશ્વર એવું માની બેસે છે તેનું અંતઃકરણ દેવથી અલગ રહે છે. જે માણસ જીવનના

મુદ્દાઓ પોતાના અંતઃકરણમાં લક્ષપૂર્વક રોપતો નથી તે દેવને યોગ્ય ફળ કે ફસલ આપી શકતો નથી. પોતાની ખાનગી કોટડી તે અંતઃકરણને કેળવવાનું કે પ્રૌઢ કરવાનું યોગ્ય સ્થાન છે. પુસ્તકાલયો કરતાં આપણે પોતાની ખાનગી કોટડીમાં કેવી રીતે બોધ કરવો અને શેના વિષે બોધ કરવો તે બાબત વિષે વિશેષ શીખી શકીએ છીએ. "ઈસુ રડયો," એ શાસ્ત્રમાં ટુંકામાં ટુંકી કલમ છે, પરંતુ તે મોટામાં મોટી વાત છે. "જે કોઈ મુઠ્ઠીભર બી લઈને રડતાં રડતાં (નહિ કે મોટાં મોટાં ભાષણો કરતાં) નીકળે છે તે પોતાની સાથે પુળીઓ લઈને આનંદભેર પાછો આવશે."

પ્રાર્થના વિશેષ કર્યાથી આપણી બુદ્ધિની વૃદ્ધિ થાય છે, ને આપણાં મન પ્રફુલ્લિત ને પ્રબળ થાય છે. પોતાની ખાનગી કોટડી તે સંપૂર્ણ રીતે શિક્ષક અને શાળા બન્નેની ગરજ સારે છે. ત્યાં કેવળ આપણા વિચારો પ્રદિપ્ત અને પરિશુદ્ધ થાય છે એટલુંજ નહિ, પરંતુ પ્રાર્થના વડે ઉત્તમ વિચારો મનમાં ઉદ્ભવે છે. આપણે એક કલાક સુધીની સાર્થક પ્રાર્થનાએ કરીને ઘણા કલાકો સુધી કરેલા અભ્યાસ કરતાં વધુ શિક્ષણ પામી શકીએ છીએ. ત્યાં આપણે એવા અગત્યના પાઠો શીખી શકીએ છીએ કે જે બીજે સ્થળે કદી શીખી શકાય નહિ. ત્યાંજ આપણે દેવનું દર્શન પામીએ છીએ કે જે બીજી કોઈ જગ્યામાં પામી શકતા નથી.

અધ્યાય ૧૪ મો.

સ્પર્જન નામે એક પ્રસિદ્ધ ધર્મોપદેશક કહે છે કે, "ખાનગી પ્રાર્થના વિશેષ કર્યાથી ઉપદેશકને ધર્મસેવાને સારૂ અવર્ણનીય ને અપ્રતિમ આશીર્વાદ—પવિત્ર આત્માનું પરાક્રમ કે અભિષેક—પ્રાપ્ત થાય છે. જો આપણે સૈન્યોના પ્રભુ તરફથી અભિષિક્ત થયા નથી, તો આપણે કેવળ ઢોંગી છીએ; કેમકે તે અભિષેક પ્રાર્થનાદ્વારેજ મળે છે. આપણે વિનંતી કરવામાં પૂરા આગ્રહથી નિરંતર જાગતા રહેવું જોઇએ."

આલેકસાંદર નોકસ કરીને મેથોડિસ્ટ મંડળીના સ્થાપક વેસ્લેના સમયમાં એક ખ્રીસ્તી તત્ત્વવેતા હતો. તે મેથોડિસ્ટ મંડળીનો સભાસદ ન હતો; પરંતુ વેસ્લેની સાથે ખાસ મિત્રાચાર્યનો સંબંધ ધરાવતો ને તે મંડળીની આત્મિક વૃદ્ધિ પ્રત્યે અનુકંપા દર્શાવતો હતો. તે લખે છે કે, "મેથોડિસ્ટ ઉપદેશકોનો બોધ મને રસિક ને અસરકારક લાગે છે. ઇંગ્લાંડમાં બીજા બોધકોનો બોધ નિર્જીવ જણાય છે. આ વાત શોચનીય છે, પરંતુ નિશ્ચયપૂર્વક છે. બોધનું રહસ્ય ને તેનું ખરેખરૂં પરાક્રમ ઇંગ્લાંડના ઘણાખરા બોધકો ખોઈ બેઠા છે મને એમ દીસે છે કે જેમ રસાયણિક પદાર્થોમાં પરસ્પર નિકટ ને ગુપ્ત સંબંધ હોય છે, તેમ નીતિવિષયક કુદરતી નિયમોમાં એવો નિયમ છે કે યોગ્ય રીતે ગ્રહણ થએલાં દેવનાં સત્ય વચનો અને માનવોની ઊંડી મનોવૃત્તિઓ કે લાગણીઓની વચ્ચે નિકટ ને ગુપ્ત સંબંધ છે. જ્યાં દેવનાં સત્ય વચનો પ્રદર્શિત થાય છે ત્યાં તેને અનુકૂળ લાગણીઓ પણ ઉદ્ભવે છે. 'આપણાં અંતઃકરણો આપણામાં ઉલ્લાસી નહોતા થતાં શું?' એવો ઉદ્ગાર શ્રોતાજનોનાં મનમાં કયારે થાય? જ્યારે બોધકના અંતઃકરણમાં દેવની સત્ય વાત સંપૂર્ણ રીતે અમલ કરતી હોય ત્યારેજ.

"મેં ઇંગ્લાંડમાં એ બાબતનું નિરૂપણ કરેલું છે ને તેના સંબંધમાં મારે લખવું જોઈએ કે ઘણે દરજ્જે મેથોડિસ્ટ મંડળીના ઉપદેશકોમાં પવિત્ર આત્માનું પરાક્રમ જોવામાં આવે છે. એજ કારણને લીધે લોકો ભવ્ય દેવળોમાં જવાને બદલે મેથોડિસ્ટનાં સાધારણ દેવળોમાં જવાનું પસંદ કરે છે. હું આ વાત અતિશયોક્તિથી કે ઝનુનથી બોલું છું એમ નહિ. હું ઇંગ્લાંડમાંની એપીસ્કોપલ મંડળીનો આસ્થાવાન સભાસદ છું. હું સાચું કહું છું કે બે વરસ પર જ્યારે હું આ દેશમાં હતો, ત્યારે મેથોડિસ્ટ મંડળીના બોધકો સિવાય ખરેખરૂં ધર્મશિક્ષણ બીજા બોધકો પાસેથી મને મળ્યું નહિ. કેવળ તેઓજ ખરા ધર્મની

સત્યતા સુભક્તિ સહિત પ્રગટ કરે છે. ગયે વિશ્રામવારે તેઓના બોધથી મને વિશેષ આત્મિક લાભ પ્રાપ્ત થયો હતો. હું સત્યતાથી સાક્ષી પુરૂં છું કે બોધ કે દેવની વાત સર્વ સત્યતામાં તથા ગંભીરપણામાં ઉચ્ચારી હતી. જો કે તેનું ભાષણ છટાદાર ન હતું; પરંતુ દેવની જીવનયુક્ત વાત અસરકારક રીતે તેણે પ્રગટ કરી હતી. 'જીવનયુક્ત' કહું છું કેમકે પોતે પ્રગટ કરેલી વાત પ્રમાણે બોધકે પ્રથમ પોતાની ખાનગી ચાલમાં વર્તન ચલાવ્યું હશે તે વિષે અમને કિંચિત માત્ર સંદેહ નથી."

પવિત્ર આત્માના આવા અભિષેક પરત્વે દેવની વાત સાર્થક રીતે પ્રગટ કરાય છે. જે બોધક દેવ પાસેથી એ પરાક્રમ કે અભિષેક પ્રાપ્ત કરવાને પ્રયાસ કરતો નથી તે દેવની વાત પ્રગટ કરવાને અશક્ત છે. જેણે આ પરાક્રમ ખોઈ નાખ્યું છે, તેણે બોધનું રહસ્ય—ખરેખરૂં પરાક્રમ—ગુમાવ્યું છે. જો કે પછી તેની પાસે બીજાં વિવિધ દાનો કે સુવિદ્યા હોય—જેમકે પદ્ધતિસર બોધ કરવાની શકિત, વકતૃત્વશકિત, મહાન સમજશકિત અને મનોરંજક ભાષણ કરવાની શકિત;—પરંતુ પવિત્ર આત્માનો અભિષેક જો ન હોય તો ઉપદેશ કરવાની ખરી પદ્ધતિ તે ખોઈ બેઠો છે. પવિત્ર આત્માના અભિષેકને યોગે દેવની વાત પ્રબળ, સુલભ, આકર્ષક, સંસ્થાપન કરનારી, પાપની ખાતરી કરાવનારી અને ઉદ્ધાર કરનારી થાય છે, એ નિ:સંદેહ છે.

વળી તે દ્વારા પ્રગટ કરેલી વાત આત્મિક જીવન કે ચૈતન્ય પમાડનારી થાય છે. તે અભિષેક રહિત પ્રગટ કરેલી વાત બળહીન, નિર્જીવ અને મરણ નિપજાવનાર થાય છે.

જો કે બોધકનો બોધ સત્યતાથી ભરપુર, સુવિચાર સહિત, પદ્ધતિસર ગોઠવેલો, આગ્રહતા પરત્વે પ્રબળ કે ચિત્તાકર્ષક કરેલો હોય, તોએ તે પવિત્ર આત્માના અભિષેકરહિત છે તેથી જીવન નહિ, પરંતુ મરણ નિપજાવે છે. ધર્મોપદેશક સ્પર્જન સાહેબ કહે છે કે 'પવિત્ર આત્માના અભિષેક વડે બોધ કરવો"

તેનો અર્થ સમજાવવા જઈએ તો શી રીતે સમજાવીએ? અર્થાત્, શબ્દોથી તેનો ભાવાર્થ સમજાવી શકાય એમ નથી. જ્યાં તે હોય ત્યાં બોધકને તેમજ શ્રોતાજનોને તે માલમ પડી આવે છે. તેમ જો તે ગેરહાજર હોય તો તે પણ તરત જણાઈ આવે છે. તે અભિષેક રહિત બોધને દુકાળથી પીડાતા સમરૂન દેશની ઉપમા આપીએ તો ચાલે, ને તે અભિષેક સહિત બોધ તે સર્વ પુષ્ટતા તથા ઉત્તમ વાનાંથી ભરપુર યરૂશાલેમ સમાન છે. હરકોઈએ સવારની નવીન તાજગી તો જોઈ હશે, ને લીલા કુંજાર ઘાસ પર બાઝેલાં ઝાકળનાં મોતીની મધુરતા જોઈને કોણ છક થઈ ગયું નહિ હોય? પરંતુ તેનું યથાસ્થિત વર્ણન કોણ કરી શકે? તેજ પ્રમાણે પવિત્ર આત્માના અભિષેક વિષેનો અનુભવ હોય છે. આપણે તેની કોમળતા તથા મધુરતા અનુભવીએ છીએ, પરંતુ બીજાઓને તે યોગ્ય રીતે દર્શાવી શકતા નથી. તેની પ્રાપ્તિનો ખોટો દંભ કે આડંબર કરવો તે અતિ મૂર્ખાઈ ભરેલું છે. પવિત્ર આત્માનું પરાક્રમ કે અભિષેક અપ્રતિમ ને અકૃત્રિમ છે. જો તમે સંતોનું સંસ્થાપન તથા પાપીઓનો ઉદ્ધાર કરવા ઇચ્છતા હો, તો તે પરાક્રમ કે અભિષેક અતિ મૂલ્યવાન તથા અગત્યનો છે એમ સમજવું.

અધ્યાય ૧૫ મો.

રોબર્ટ મેકચેન નામે એક સુપ્રસિદ્ધ ધર્મોપદેશક કહે છે કે, "સનાતનકાળ સદા લક્ષમાં રાખીને સુબોધ કરો. સૌથી પ્રથમ તમારા આત્માને દેવ સંબંધીના જ્ઞાનમાં કેળવો. જ્યારે તમારૂં મન નિર્દોષ ને તમારૂં અંતઃકરણ પવિત્ર આત્માએ ભરપુર હોય, ત્યારે ઉચ્ચારેલો એકાદ શબ્દ કે વેણ તે અવિશ્વાસી તથા દોષિત અંતઃકરણથી ઉચ્ચારેલા દસ હજાર શબ્દો કરતાં વિશેષ કીમતી છે. યાદ રાખવું કે માનવને નહિ પરંતુ દેવને સર્વ મહિમા મળવો જોઇએ. જો આ જગતરૂપ યાંત્રિક પડદો ખસેડવામાં આવે, તો દેવના સેવકોની પ્રાર્થનાના ઉત્તરોને અંગે કેટલું કાર્ય થાય છે તે આપણને સ્પષ્ટ રીતે માલમ પડે."

પવિત્ર આત્માના પરાક્રમ કે અભિષેકની પ્રકૃતિ કે સ્વરૂપ અવર્ણનીય ને અગમ્ય છે. તે વિષે સ્કોટલાંડ દેશનો એક પ્રસિદ્ધ ધર્મોપદેશક કહે છે કે, "કોઈ કોઈ વેળા બોધમાં એવું પરાક્રમ હોય છે કે જેનું સ્વરૂપ પ્રદર્શિત કરવું તથા શબ્દો વડે તેનું ઉચ્ચારણ કરવું એ ઘણું દુર્લભ હોય છે, તે શું છે ને ક્યાંથી આવે છે, એ વર્ણવી શકાતું નથી, પરંતુ તે સત્વર દેવની પવિત્ર હજુરમાંથી ઉતરી આવીને હૃદયના હૃદયમાં મધુર ને સુકોમળ જોરથી પ્રવેશ કરે છે તથા પ્રીતિની રૂએ હૃદયને દેવવશ કરે છે. તે અભિષેક કે પરાક્રમ કેવળ દેવ પરની દૃઢ પ્રીતિ તથા પ્રાર્થનામાં ઉપદેશકની આસક્તિ પરત્વે પ્રાપ્ત થાય છે એ નિઃસંદેહ છે."

પવિત્ર આત્માના આવા અભિષેક કે પરાક્રમ પરત્વે "દેવનો શબ્દ જીવતો તથા સમર્થ તથા બેધારી તરવાર કરતાં પણ ધારવાળો, ને જીવ તથા આત્મા, સાંધા તથા મજ્જા જુદાં કરે એટલે સુધી વિંધનારો ; ને હૃદયના વિચારને તથા ભાવનાને જોઈ લેનારો થાય છે." વળી તે દ્વારા બોધક પરત્વે પ્રગટ કરેલી દેવની વાત એવી પ્રબળ તથા સતેજ તથા હૃદયને વિંધનારી થાય છે કે ઘણી મૃતવત મંડળીઓમાં આત્મિક જીવન કે ચૈતન્ય ઉપજાવે છે.

દેવની એ ને એજ સત્ય વાત પ્રસંગોપાત અક્ષરના સંપૂર્ણ ભાવાર્થ સુદ્ધાં પ્રગટ કરવામાં ઘણીવાર આવી હશે, તથા માનસિક પરાક્રમ કે આગ્રહતા પરત્વે પ્રબળ કરવામાં આવી હશે, પરંતુ શ્રોતાજનોમાં લેશમાત્ર અસર કે લાગણી સરખી પણ ઉપજાવવામાં નિરર્થક ને બળહીન નીવડે છે તથા મંડળીની મૃતવત તથા અઘોર નિદ્રાવશ સ્થિતિજ ચાલુ રહે છે એ અનુભવસિદ્ધ વાત છે. પરંતુ જ્યારે ઉપદેશકને પવિત્ર આત્માનો અભિષેક કે દૈવી પરાક્રમ પ્રાપ્ત થાય છે ત્યારે દેવનો જીવનયુક્ત શબ્દ તેનામાં સુશોભિત તથા પ્રદિપ્ત થાય છે, ને શ્રોતાજનોમાં આત્મિક જીવન પ્રેરે છે. વળી તે અભિષેક રગે રગે વ્યાપી

મનને પાપની ખાતરી કરાવે છે તથા અંતઃકરણને ભંગિત કરે છે.

પવિત્ર આત્માનું પરાક્રમ કે અભિષેક દેવની સત્ય વાત પ્રગટ કરવાની ખરેખરી પદ્ધતિ છે ને તે માનવયોજિત પદ્ધતિઓથી જુદી છે. વળી જે બોધકમાં તે હોય, ને જેનામાં ન હોય તેઓની વચ્ચે આત્મિક અંતર પડે છે. તે દ્વારા દેવની પ્રગટ કરેલી વાત તેના સામર્થ્યના પરાક્રમ વડે સંસ્થાપન કરનારી તથા ફળ ઉપજાવનારી થાય છે. પવિત્ર આત્માનો અભિષેક ધર્મસેવામાં તથા ઉપદેશકના પોતામાં પ્રભુને પ્રત્યક્ષ લઈ આવીને તેની સમક્ષતાનો લાભ આપે છે એમ કહીએ તો ચાલે. અથાગ ને પૂરા આગ્રહથી નિરંતર પ્રાર્થનામાં આસક્તિને યોગે પવિત્ર આત્માના અભિષેક કે પરાક્રમની સમક્ષતા ઉપદેશકમાં પ્રત્યક્ષ માલમ પડે છે. વળી તે અભિષેક-દ્વારા તેની બુદ્ધિ પરિશુદ્ધ ને ઈશ્વર પ્રેરિત થાય છે તથા તેને દીર્ઘ દૃષ્ટિ, ઊંડી સમજશક્તિ, તથા મગજનું નહિ પરંતુ અંતઃકરણનું પરાક્રમ પ્રાપ્ત થાય છે. વળી તેના અંતઃકરણમાંથી કોમળતા કે માધુર્ય તથા પવિત્રાઈ વહે છે. તે દ્વારા ઉપદેશકને આત્મિક જીવનની વૃદ્ધિ, સ્વતંત્ર પ્રકૃતિ, સુવિચારની અધિકતા તથા દેવની વાત ઉચ્ચારવામાં સરળતા ને સુગમતા પ્રાપ્ત થાય છે.

ઘણીવાર ઉપદેશકમાં આગ્રહતા કે ધર્મ આસ્થા જોઈને લોકો ભૂલથી સમજે છે કે તે પવિત્ર આત્માનો અભિષેક હશે. વાસ્તવિક રીતે જે ઉપદેશકને પવિત્ર આત્માનો અભિષેક પ્રાપ્ત થયો છે તે આત્મિક પ્રકૃતિ વિષે આગ્રહતા દર્શાવે છે. પરંતુ અભિષેકના અંશ માત્ર રહિત આગ્રહતા કે ધર્મ આસ્થા ઉપદેશ-કમાં વિશેષ હોય છે. કેટલેક અંશે પવિત્ર આત્માના અભિષેકને આગ્રહતા કે ધર્મ આસ્થા વચ્ચે મળતાપણું હોય છે, તેથી જ્યારે આગ્રહતા કે ધર્મ આસ્થા અભિષેકનું રૂપ ધારણ કરે ત્યારે માલમ પડે નહિ, પરંતુ તેઓ વચ્ચેના સુક્ષ્મ તફાવતનું નિરૂપણ કરવામાં આત્મિક પારખશક્તિની જરૂર છે.

આગ્રહતા કે ધર્મ આસ્થાવાળા ઉપદેશકમાં સત્યતા, ગંભીરતા, ઉત્સાહ ને ખંત હોય છે. વળી તે સુમનોરથ કે આશય પરત્વે સેવા કે કાર્ય આરંભે છે તથા તેની સિદ્ધિ આણવામાં ખંત, ઉત્સાહ ને મનનો પૂરો આવેશ કામે લગાડે છે, પરંતુ આ સર્વ શક્તિઓ કે પરાક્રમ કેવળ માનસિક છે. એવી આગ્રહતા કે ધર્મ આસ્થામાં આખું માણસ તથા તેની શક્તિઓ—જેવી કે ઇચ્છા તથા અંતઃકરણની દઢતા, મગજ તથા બુદ્ધિની પ્રૌઢતા, યોજના કે ગોઠવણો રચવાની શક્તિ, કાર્યદક્ષતા તથા વકતૃત્વશક્તિનું પ્રાધાન્ય સમાયલાં છે. કોઈ અમુક આશયે કે મનોરથે તેના મન પર સજ્જડ સત્તા જમાવી છે તેથી તેની સિદ્ધિ લાવવામાં પોતાનું પૂરૂં મન લગાડે છે. એવા આશય કે મનોરથમાં દેવનો મહિમા કરાવવાનો હેતુ નજ હોય અને જો કદાચ હોય તો પણ તે જુજ, કેમકે માણસ-પણાનું પ્રાધાન્ય એમાં વિશેષ હોય છે. વળી પોતાના આશય કે મનોરથના પક્ષની હિમાયતને અંગે એવી એવી મજબુત દલીલો આપે છે કે જે શ્રોતાજનનાં મન રંજન કરે છે તથા લાગણી ઉપજાવીને તે દલીલોની સત્યતાની ખાતરી ઉપજાવે છે. એવી રીતે આગ્રહતા કે ધર્મ આસ્થા માનવયોજિત માર્ગો પર સરળતાથી ગમન કરે છે.

એક પ્રખ્યાત ને બાહોશ ધર્મોપદેશક જે પવિત્ર શાસ્ત્રનું વિવરણ કે ટીકા પોતાની પ્રચલિત ઇચ્છાનુસાર કરતો હતો તેના વિષે કોઈએ એવું કહ્યું છે કે તે "વખત જતાં પોતાના વિવરણ કે ટીકા વિષે ફુલાઈ જઈને પાર જવા લાગ્યો." એવી રીતે કેટલાક ઉપદેશકો પોતાના ધર્મસિદ્ધાંતોના મત વિષે ફુલાઈ જઈને પાર જાય છે. પરંતુ આવી આગ્રહતા કે ધર્મ આસ્થા સ્વાર્થસાધિત ઉત્સાહ હોય છે.

તો પછી પવિત્ર આત્માના અભિષેક વડે બોધ કરવો તેનો અર્થ શી રીતે સમજાવીએ? અર્થાત્, શબ્દોથી તેનો ભાવાર્થ સમજાવી શકાય એમ નથી. પરંતુ તે દ્વારા બોધ સાર્થક

થાય છે. તે વડે કરેલો બોધ સર્વ માનસિક બોધભાષણ ને દલીલોથી નિરાળો છે, ધર્મસેવાને સારૂ તે ઈશ્વરપ્રેરિત પદ્ધતિ છે એમ કહીએ તો ચાલે. તે મંદ ને મૃતવત શ્રોતાજનોને પ્રફુલ્લિત કરે છે તથા શ્રોતાજનો પર ઝાકળના જેવી તાજગી પ્રત્યક્ષ લાવે છે.

પવિત્ર આત્માનો આવો અભિષેક ઉપદેશકને અભ્યાસદ્વારા તો નહિ, પરંતુ પોતાની ખાનગી કોટડીમાં કરેલી સાર્થક પ્રાર્થનાદ્વારા પ્રાપ્ત થાય છે. વળી તે અથાગ પ્રાર્થનાના ઉત્તરોને અંગે મળેલી સ્વર્ગની મધુરતાની પ્રાપ્તિ છે. તે પવિત્ર આત્માના પરાક્રમની નવીન તાજગી છે. તે સર્વત્ર મધુરતા પ્રસારે છે ને અંતઃકરણમાંથી ઝરે છે. તે ઘાઓનાં અકસીર ઔષધ સમાન છે, તે દ્વારા દેવનું વચન તોપના ગોળા, ધોબીના સાબુરૂપ તથા મિષ્ટાન્ન સમાન થાય છે, તથા દેવનો શબ્દ દિલસોજીયુક્ત, પાપની ખાતરી કરાવનાર, માણસની દુર્બળતા પ્રગટ કરનાર તથા અંતઃકરણોને શોધનાર થાય છે. તે શ્રોતાજનના અંતઃકરણને વસંત ઋતુના ફૂલની પેઠે વિકાસિત કરે છે તથા દાનધર્મની બાબતોમાં ઉદાર કરે છે. તે કાંઈ બુદ્ધિનું દાન કે બક્ષિસ નથી. વળી તે વિદ્યાલયોમાં મળે એમ નથી. તે વક્તૃત્વશક્તિ સાથે સંબંધ ધરાવે એમ નથી. પ્રયાસ વડે તે પ્રાપ્ત થાય એમ નથી. વળી તે ધર્માધ્યક્ષોના હાથ મૂકવાથી મળે એમ પણ નથી. તે દેવનું દાન—તેના ખરા સેવકોની મુદ્રા કે છાપ—છે. વળી તે દેવના નીવડેલા ખરા સેવકો કે જેઓએ રાત દિન ઘણા કલાકો સુધીની પ્રાર્થનામાં દેવના અખંડ મહિમાને શોધતાં કુસ્તી કીધી છે તેઓનેજ પ્રાપ્ત થાય એવું છે.

આગ્રહતા કે ધર્મ આસ્થા સારી ને અસરકારક છે; બુદ્ધિનો પ્રભાવ ઇચ્છવાજોગ તથા મૂલ્યવાન હોય છે; તર્કશક્તિ અસરકારક તથા ઉપયોગી છે. પરંતુ પાપનાં બંધન તોડવાને, તથા દેવહીન ને દેવવિમુખ હૃદયવાળાઓને પ્રભુ ગમ ફેરવવાને

પવિત્ર આત્માનું પરાક્રમ કે અભિષેક, કે જે દેવ ઉદારતાથી બક્ષે છે તેની અગત્ય છે.

વળી તે દ્વારા પોતાના પ્રથમ પ્રેમથી પડેલી ને પુરાતન શુદ્ધતા તથા પવિત્ર આત્માનું પરાક્રમ ખોઈ બેઠેલી મંડળીને પોતાની અસલ સ્થિતિએ લાવવાને પવિત્ર આત્માનો અભિષેક કે પરાક્રમ અતિ મૂલ્યવાન તથા અગત્યનો છે એમ સમજવું.

અધ્યાય ૧૬ મો.

રીચર્ડ સેસીલ નામે એક ધર્મોપદેશક કહે છે કે, "અવશ્ય પાળકમાં પવિત્ર આત્માનો અભિષેક કે પરાક્રમ ન હોય તો ધર્મસેવાને અંગે કરેલા તેના સર્વ પ્રયત્નો વ્યર્થ નીવડશે. તે અભિષેક દેવની પવિત્ર હજુરમાંથી સત્વર ઉતરીને સેવાના સર્વ કામકાજમાં આત્મિક સુગંધનો સુવાસ, અનંતજીવનની અસર, ને દેવનાં પવિત્ર વચનોનો આસ્વાદ સર્વત્ર ફેલાવે એ અવશ્યનું છે. વળી પાળકપદ યોગ્ય રીતે બજાવવાને બીજા વિવિધ પ્રયોગોમાં પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ કે મનન તથા નિરંતર પ્રાર્થનાની આસક્તિમાં ઉપદેશકે અથથી ઇતિ સુધી પણ તત્પર રહેવું જોઇએ.

પવિત્ર આત્માનો અભિષેક કે પરાક્રમ ખ્રીસ્તની સેવાને સારૂ પાળકને દેવના પવિત્ર આત્માથી અભિષિક્ત કરીને જુદો કરે છે તથા તેમાં યથાસ્થિત કરે છે. એ અભિષેક દેવના સામર્થ્યના પરાક્રમે ભરપુર છે. તે દ્વારા ઉપદેશકથકી અસાધારણ તથા તારણસાધક પરિણામો નીપજે છે. તે અભિષેક રહિત સેવાદ્વારે આત્મિક ફળ કે જીવનની વૃદ્ધિ થાય એ અશક્ય છે. એવા પ્રકારની સેવા અપવિત્ર છે ને તેથી નીપજતાં ફળ કે પરિણામો કેવળ માનસિક છે. તે અભિષેક રહિતની ઉપદેશકની વાણી સાધારણ રીતે બોલનારની વાણીના જેવી છે. બોધકમાં પવિત્ર આત્માના અભિષેક કે પરાક્રમ-દ્વારા દેવના પવિત્ર વચનના યોગે આત્મિક ફળ કે સુવાર્તાનું ગૌરવ સંપાદન થાય છે. પરંતુ તે અભિષેક રહિત સેવાદ્વારા

આત્મિક ફળ કે સુવાર્તાનું ગૌરવ પ્રદર્શિત કરવું એ દુર્લભ છે. ઉપદેશક ભલે બોધદ્વારા મનરંજન લાગણીઓ કે અસર શ્રોતાજનોમાં ઉપજાવે. પરંતુ તે સર્વથી ખ્રીસ્તની સુવાર્તા પ્રગટ કરવાનો શ્રેષ્ઠ હેતુ કે મનોરથ પૂરો પડતો નથી. વળી ઘણી વાર તે અભિષેક કે પરાક્રમનો ખોટો દંભ કે આડંબર ઉપદેશકો ધારણ કરે છે. વસ્તુસ્થિતિ એવી હોય છે કે લોકો ભૂલથી સમજે છે કે તે પવિત્ર આત્માનો અભિષેક હશે કે તે એથી નીપજતાં ફળ હશે; પરંતુ તે જુદાજ પ્રકારનાં હોય છે. વળી ઉપદેશકનો બોધ મનોરંજક તથા કરૂણારસથી ભરપુર હોય તથા તે દ્વારા ઉદ્‌ભવતી સુકોમળતા ને આગ્રહતા પવિત્ર આત્માના અભિષેક કે પરાક્રમના માધુર્યને કેટલેક અંશે મળતી આવે, પરંતુ તે પાપની ખાતરી કરાવનાર, મનને વિંધનાર તથા અંતઃકરણને ભંગિત કરનાર નથી. એવી ઉપર ઉપરની સુકોમળતા કે આગ્રહતામાં હૃદયના ઘાઓનું અકસીર ઔષધ સમાયલું નથી. તે દ્વારા મનને પાપની ખાતરી તથા પાપનું નિવારણ થાય એમ નથી.

પવિત્ર આત્માનું પરાક્રમ કે અભિષેક દેવની સત્ય વાત પ્રગટ કરવાની ખરેખરી પદ્ધતિ છે ને તે માનવયોજિત સર્વ પદ્ધતિઓથી જુદી છે. તે દ્વારા દેવની પ્રગટ કરેલી વાત તેના સામર્થ્યના પરાક્રમ વડે સંસ્થાપન કરનારી તથા ફળ આપનારી થાય છે. વળી તે દ્વારા દેવની સત્ય વાત પ્રદિપ્ત થાય છે ને ઉપદેશકની બુદ્ધિ પ્રફુલ્લિત, તેજસ્વી તથા દેવની માર્મિક વાત સમજવાને તથા ગ્રહણ કરવાને પ્રબળ થાય છે. તે અભિષેક બોધકનું અંતઃકરણ એવી રીતે યથાસ્થિત કરે છે કે તેમાંથી કોમળતા, શુદ્ધતા, પરાક્રમ તથા આત્મિક પ્રકાશ જે દ્વારા ઉત્તમોત્તમ પરિણામો ઉદ્‌ભવે છે તે ઝરે છે. તે દ્વારા ઉપદેશકને બુદ્ધિનું મહત્વ, આત્મિક વૃદ્ધિ, દેવની સત્ય વાત ઉચ્ચારવામાં સુવિચારની અધિકતા ને આત્મામાં સરળતા કે સુગમતા પ્રાપ્ત થાય છે.

તે અભિષેક પ્રાપ્ત થાય તે પહેલાં સુવાર્તાનો પ્રસાર ઉપદેશક વડે થાય તે અશક્ય છે. સુવાર્તાનો પ્રસાર એ પવિત્ર આત્માના અભિષેકની ઈશ્વરી મુદ્રા છે. વળી તે અભિષેક સુવાર્તા પ્રગટ કરવાને બોધકમાં દેવની પ્રત્યક્ષ હાજરી લાવે છે એમ કહીએ તો ચાલે. જ્યાં તે અભિષેક ગેરહાજર હોય ત્યાં દેવની હાજરી હોવી અશક્ય છે. અને સુવાર્તાનો પ્રસાર કે તેનું ગૌરવ પ્રગટ કરવાનું કામ માનવયોજિત પરાક્રમ કે શક્તિઓ પર—જેવી કે મગજની પ્રૌઢતા, અસાધારણ બુદ્ધિ, તથા દ્રવ્યની અધિકતા પર—આધાર રાખે છે.

બીજા કોઈ પરાક્રમની અછતને લીધે તો નહિ, પરંતુ પવિત્ર આત્માના અભિષેકની અછતને લીધે પ્રસંગોપાત સિંહાસન પરથી અપાતો બોધ નિરર્થક નીવડે છે. કેવળ તે અભિષેક પ્રાપ્ત કરવામાં ઉપદેશકો મંદ કે શિથિલ થયા છે. જો કે બોધકની પાસે સુવિદ્યા, અસાધારણ બુદ્ધિ, મહાન વક્તૃત્વ-શક્તિદ્વારા શ્રોતાજનોનાં મન આકર્ષિત કરવાની શક્તિ, મનયોજિત કે દિલપસંદ પદ્ધતિઓ વડે સંખ્યાબંધ માણસો પોતાની મંડળીમાં લાવવાની શક્તિ, તથા માનસિક પરાક્રમ-દ્વારા દેવની સત્ય વાત ગમે તેવી અસરકારક કે પ્રબળ કરવાની શક્તિ હોય, પરંતુ એ સર્વની અસર અડગ ખડક પર સમુદ્રનાં વિક્રાળ મોજાંની અસરના જેવી છે. જો કે વિક્રાળ મોજાંઓ ખડકને ઘડીભર અદૃશ્ય કરે, પરંતુ તે તો અડગ ને અખંડિતજ રહે છે. એજ પ્રમાણે માણસના અંતઃકરણમાંની સખ્તાઈ તથા પાપની સજ્જડ સત્તા માનસિક પરાક્રમ કે શક્તિઓદ્વારા ખડકની પેઠે અચળિત ને અખંડિત રહે છે એ નિઃસંદેહ છે. તે અભિષેક ઉપદેશકમાં સંપૂર્ણ અર્પણની પ્રત્યક્ષતા તથા પ્રતિ-દિનની તાજગી પ્રગટ કરે છે. વળી તે અભિષેકદ્વારા ઉપદેશક પવિત્ર સેવાને યોગે દેવને પૂર્ણ અર્પિત થાય છે. બીજા વિવિધ હેતુ કે આશયને કારણે તે સેવામાં દાખલ થાય, પરંતુ તે અભિષેકદ્વારાજ તે દેવને માન્ય થાય એવું અર્પણ કરી શકે છે.

પવિત્ર આત્માનો આવો અભિષેક કે પરાક્રમ સિંહાસન પરથી બોધ દેવામાં ઉપદેશકને અતિ અગત્યનો છે. તે અભિષેક જે દેવ પોતે દિવ્ય અને સ્વર્ગીય તેલ રેડીને કરે છે તે દ્વારા તેનું માંહેનું આખું માણસપણું—અંતઃકરણ, તર્કશક્તિ અને આત્મા—એટલે અંશે વિમળ ને કોમળ થાય છે કે સઘળાં સંસારી વાનાં તથા દૈહિક હેતુ કે આશયોથી વિમુખ થઈને દેવના જેવા સ્વરૂપમાં કે પૂરી પવિત્રાઈમાં મહિમાથી મહિમા સુધી રૂપાંતર પામે છે.

પવિત્ર આત્માના આવા અભિષેકદ્વારા બોધક વડે ઘણી મૃતવત મંડળીઓમાં આત્મિક જીવન કે ચૈતન્ય ઉપજે છે. દેવની એ ને એજ સત્ય વાત અક્ષરના સંપૂર્ણ ભાવાર્થ સુદ્ધાં પ્રગટ કરવામાં આવી હશે, પરંતુ શ્રોતાજનોમાં લેશમાત્ર અસર કે લાગણી સરખી ઉપજાવવામાં નિરર્થક ને બળહીન નીવડે છે; તથા મંડળીની મૃતવત તથા કબરસ્થાનમાં વ્યાપેલી અઘોર નિદ્રાવશ સ્થિતિ ચાલુ રહે છે. પરંતુ તે અરસામાં બીજો ઉપદેશક કે જેનામાં પવિત્ર આત્માનો અભિષેક હોય છે તે આવે છે ને દેવનાં પવિત્ર વચનો તે દ્વારા પ્રદિપ્ત થાય છે, તથા પાપનાં સર્વ બંધનો તૂટી જાય છે. શ્રોતાજનોમાં તે ધર્મજાગ્રતિ કે ચૈતન્ય પ્રેરે છે. તે અભિષેક રગે રગે વ્યાપીને મનને પાપની ઊંઘમાંથી જાગ્રત કરે છે, તથા અંતઃકરણને ભંગિત કરે છે. અભિષેકરહિત બોધથી જીવન નહિ, પરંતુ શુષ્ક તથા મૃતવત સ્થિતિ શ્રોતાજનોમાં દાખલ થાય છે.

પવિત્ર આત્માના પરાક્રમ કે અભિષેકનો પુરાતન કાળની મંડળીનેજ અનુભવ હતો એમ નહિ, પરંતુ તે પ્રત્યક્ષ અનુભવેલ વાત છે. તે હાલમાં ઉપદેશકો પ્રાપ્ત કરે છે ને ખ્રીસ્તની સેવા તેને યોગે ફતેહમંદી પામે છે. તે દ્વારા ઉપદેશક દેવના જેવા સ્વરૂપમાં ઘડાય છે, તથા તે દ્વારા ખ્રીસ્તની સુવાર્તાની અશોધ્ય સંપત પ્રગટ કરાય છે. તે એવો પરાક્રમી છે કે તેની આગળ સર્વ માનવયોજિત પદ્ધતિઓ તથા માનસિક પરાક્રમ કે

શક્તિઓ વ્યર્થ તથા પોકળ લાગે છે. તેની હાજરી બીજાં સર્વ વાનાંની અછત કે ખોટની ગરજ સારે છે એમ કહીએ તો ચાલે.

તે અભિષેક અગમ્ય દાન નથી. જેવી અથાગ ને નિરંતર પ્રાર્થનાદ્વારે તે પ્રાપ્ત થઈ શકે છે, તેવીજ અથાગ ને નિરંતર પ્રાર્થનાદ્વારે, દેવ પરની દૃઢ પ્રતિદ્વારે તેની કિંમત કે બુજ કરી લેવાથી, તથા અશ્રમિત ઉત્સાહથી તથા તે સિવાય સર્વ નિષ્ફળ ને વ્યર્થ છે એમ સમજવાથી તેમાં વૃદ્ધિ થાય છે.

તે અભિષેક કેવી રીતે ને ક્યાંથી આવે છે? તે પ્રાર્થનાના ઉત્તરોને અંગે દેવની પવિત્ર હજુરમાંથી સત્વર આવે છે. અથાગ ને નિરંતર પ્રાર્થનામાં લીન રહ્યાથી આપણને પ્રતિદિન સેવામાં તેની ખરી કિંમત માલમ પડે છે. અથાગ ને નિરંતર પ્રાર્થના વડે તે ચાલુ રહે છે. વળી અથાગ ને નિરંતર પ્રાર્થનામાં લીન રહ્યા સિવાય તેને ઉપદેશક પ્રાપ્ત કરી શકતો નથી. જાગૃ પ્રાર્થના વગર તે માન્નાની માફક સડી જાય છે.

અધ્યાય ૧૭ મો.

મેથોડિસ્ટ મંડળીના સ્થાપક જોન વેસ્લે કહે છે કે, "જેઓ પાપ સિવાય બીજા કશાથી ડરતા નથી, તથા જેઓ પવિત્ર ઇશ્વરને મેળવવા સિવાય બીજા કશાની આકાંક્ષા રાખતા નથી, એવા એક સો ઉપદેશકો મને આપો, તો પછી તેઓ દીક્ષિત પાળકો કે ધર્મોપદેશકો અથવા સાધારણ માણસો હોય, તે વિષે મને લેશમાત્ર દરકાર નથી. કેમકે ફક્ત તેઓ નરકનાં દ્વાર ધ્રુજાવવાને તથા જગતમાં પ્રભુનું સામ્રાજ્ય સ્થાપિત કરવાને સમર્થ છે. જે કંઇ કાર્ય દેવ કરે છે તે કેવળ પ્રાર્થનાના ઉત્તરોને અંગે કરે છે તે નિઃસંદેહ છે."

ધર્મસેવામાં પ્રાર્થના કેવી અગત્યની તથા કીમતી છે તે વિષે પ્રેરિતો સારીપેઠે સમજતા હતા. વળી તેઓ એ વાતથી પણ વાકેફ હતા કે પ્રેરિતો તરીકેની તેઓની સુવાર્તા ફેલાવવાની

ઉત્તમ સેવા બજાવતાં તેઓ પ્રાર્થનારૂપ અગત્યની સેવાથી મુક્ત થયા હતા એમ નહિ; પરંતુ તેની અગત્ય વિશેષ છે એમ જાણીને તેમાં આગ્રહપૂર્વક તત્પર રહેતા હતા. બીજા કોઈ પ્રકારની સેવામાં રોકાવાથી જેટલી પ્રાર્થના કરવી જોઈએ તેટલી થાય નહિ, તથા તેને સારૂ પુરતો અવકાશ મળે નહિ તે સંબંધી તેઓ અતિશય કાળજી રાખતા હતા. વળી તેઓએ શિષ્ય-વર્ગમાંથી ગરીબોની સંભાળ લેવાના તથા તેઓને જોઈતી ગરજો પૂરી પાડવાના કઠણ તથા ગુંચવણ ભરેલા કામ પર સાત સેવકો નિમ્યા. એ માટે કે પ્રેરિતો નિત્ય નિર્વિઘ્ને "પ્રાર્થનામા તથા દેવની વાતની સેવામાં લાગુ રહે." સર્વ કાર્યોમાં તેઓ પ્રાર્થના સૌથી પ્રથમ ગણતા, ને તે પ્રત્યેનો તેઓનો સંબંધ કે ભાવ અચૂક હતો, એટલે કે—"પોતે તો એ સેવામાં લાગુ રહે,"—સર્વ પ્રકારે વિશેષ અગત્યની સેવા ગણીને તેમાં તેઓ સર્વ હૃદયથી, આગ્રહથી તથા ખંતથી વખત ગાળતા હતા. પ્રેરિતોના સમયના ઈશ્વરભક્તો કેવી રીતે પ્રતિદિન પ્રાર્થનામાં મચ્યા રહેતા હતા. પ્રેરિત પાઉલ કહે છે કે, "અમે રાત દહાડો અતિશય પ્રાર્થના કરીએ છીએ." વળી "અમે તો પ્રાર્થનામાં લાગુ રહીશું," એ પ્રેરિતોના સમયનો એકાનુમત સુવર્ણ નિયમ હોયની એમ સ્પષ્ટ માલમ પડે છે. વળી પુરાતન મંડળીના પાળકો દેવના સર્વ લોકોને સારૂ કેવી રીતે પ્રાર્થનામાં મશગુલ રહેતા હતા! એમ કરીને તેઓ કેવી રીતે પ્રાર્થનાદ્વારે મંડળીમાં દેવના પરાક્રમનું આચ્છાદન રાખતા હતા. દેવની સત્ય વાત લોકોને પ્રગટ કરી એટલે સેવા સંપૂર્ણ રીતે બજાવી એમ માની તેઓ બેસી રહેતા નહિ, પરંતુ તેઓની આગ્રહપૂર્વક પ્રાર્થનાની આસક્તિને યોગે દેવની સત્ય વાત શ્રોતાજનોનાં અંતઃકરણમાં અચૂક ચોંટાડતા હતા તથા અનંતજીવનની અસર તેઓમાં ઉપજાવતા હતા. જેમ બોધમાં તેમ પ્રાર્થનામાં પણ કષ્ટ, ખંત તથા આગ્રહતા પ્રદર્શિત કરતા હતા. તેઓ રાત દિન અથાગ પ્રાર્થના કરતા કે દેવના સર્વ લોકો વિશ્વાસ તથા પવિત્રાઈના

ઉચ્ચ પ્રદેશમાં દાખલ થાય. વળી તેઓ પવિત્ર સ્થિતિનું ઉચ્ચ ધારણ પકડી રાખે એ માટે પ્રાર્થનામાં વિશેષ કષ્ટ કરતા હતા. જે બોધક ખ્રીસ્તની શાળામાં બીજાઓને સારૂ દેવની પવિત્ર હજુરમાં મધ્યસ્થી કરવાની સુવિદ્યા પ્રાપ્ત કરી નથી, તે જો કે પછી બોધભાષણ તૈયાર કરવાના શાસ્ત્રમાં પારંગત થએલો હોય, અથવા પદ્ધતિસર ગોઠવેલા બોધથકી શ્રોતાજનોમાં અસરકારક લાગણીઓ ઉપજાવવાની અપૂર્વ શક્તિ ધરાવતો હોય, તોએ તે દેવની વાત પ્રગટ કરવામાં બીન કેળવાએલો કે અશિક્ષિત છે. સર્વ પ્રકારે પ્રેરિતોની તથા પુરાતન ઇશ્વરભકતોની પ્રાર્થનાદ્વારે જેઓ પ્રેરિતો કે સુવાર્તિકો નથી તેઓ પણ ઇશ્વરભકતો થાય છે. પ્રેરિતોના પછીના સમયોમાં મંડળીના પાળકો કે ધર્મોપદેશકો પ્રેરિતોના જેવી સાવધ બુદ્ધિપૂર્વક પ્રાર્થનામાં આગ્રહી કે દૃઢ રહ્યા હોત, તો સાંસારિક સંસર્ગને યોગે જે પતિત સ્થિતિનો શોચનીય જમાનો આવવા પામ્યો તે આવત નહિ, તથા મંડળીની જાહોજલાલી કે ગૌરવ પર જે કાળું વાદળું છવાયું તે છવાવા પામત નહિ. પ્રેરિતોના સમયમાં જેવી પ્રાર્થના થતી હતી તેવી પ્રાર્થનાદ્વારા દેવના લોકો તાત્કાળિક જીવન પામે છે, તથા મંડળીમાં પુરાતન શુદ્ધતા તથા પવિત્ર આત્માનું પરાક્રમ દાખલ થાય છે, તે નિર્વિવાદ છે.

દેવની પવિત્ર હજુરમાં માણસોને સારૂ મધ્યસ્થી કરવાને બોધકને આત્માના કેવા માહાત્મ્ય, મનોરથ કે હેતુની કેવી શુદ્ધતા ને ગુરૂતા, કેવી નિઃસ્વાર્થતા, કેવા સ્વાર્પણ કે સ્વનકાર, કેવી અશ્રમિત ખંત, મનની કેવી આસ્થા કે દૃઢતા, તથા કેવી દિવ્ય કાર્યદક્ષતાની આવશ્યક્તા છે! બોધકને વિશેષે કરીને પોતાની મંડળીના લોકોને સારૂ પ્રાર્થનામાં તલ્લીન રહેવાની જરૂર છે, એ માટે કે તેઓ કેવળ તારણના પ્રકાશમાં આવે એટલુંજ નહિ, પરંતુ તેઓનો પરમોદ્ધાર થાય. દેવના સર્વ લોકોને સારૂ પ્રેરિતો નિરંતર પ્રાર્થનામાં લાગુ રહેતા હતા કે તેઓમાં દેવનાં અદશ્ય વાનાંનો અલ્પ ભાવ કે આસ્વાદ

ઉદ્‌ભવે એટલુંજ નહિ, પરંતુ તેઓ "દેવના સર્વ ભરપુર-પણામાં ભરપુર થાય." એવા પ્રકારનો મનોરથ પૂર્ણ કરવાને પાઉલે કેવળ દેવની પ્રગટ કરેલી વાત પર આધાર રાખ્યો હોય એમ દીસતું નથી, પરંતુ "એ કારણ માટે બાપ જેના નામથી આકાશમાં તથા પૃથ્વી પર સર્વ કુટુંબોને નામ અપાએલું છે" તેની આગળ તેણે ઘુંટણ ટેક્યા. બોધ કરતાં પોતાની પ્રાર્થના-દ્વારે પાઉલ દેવના સર્વ લોકોને પવિત્રાઈના માર્ગે દોરી ગયો એ નિશ્ચયપૂર્વક છે. એપાફ્રાએ પણ કલોસ્સી મંડળીને સારૂ બોધ કરતાં પ્રાર્થનાદ્વારે વિશેષ અગત્યનું કાર્ય સિદ્ધ કીધું. તેણે પ્રાર્થનામાં નિરંતર અતિશય કષ્ટ કીધું એ માટે કે કલોસ્સી મંડળી "દેવની સર્વ ઇચ્છામાં સંપૂર્ણ તથા ખાતરીથી ભરપુર રહે."

બોધકો વિશેષે કરીને દેવના લોકોના દોરનારા છે. મંડ-ળીની આત્મિક સ્થિતિને સારૂ તેઓ જવાબદાર છે. વળી મંડળીનું સ્વરૂપ, આત્મિક જીવનની વૃદ્ધિ, ચૈતન્ય કે જાગ્રતિ તેઓને હસ્તક છે. સર્વ પ્રકારે સમસ્ત મંડળીના સામાન્ય-પણાનો આધાર તેઓ પર છે, તેના વિવિધ સમયો તથા સંસ્થાઓ તેઓને હસ્તે સ્થાપવામાં આવે છે. મંડળી એ દિવ્ય સંસ્થા છે, તથા તેને હસ્તક રાખેલો ખજાનો સ્વર્ગી છે; પરંતુ તે પરની માનસિક સ્પર્શ કે સંસ્કાર હૈયાત છે. "ખજાનો માટીનાં પાત્રોમાં છે," ત્યારે માટીની વાસ તથા વર્ણનો પાસ ખજાનાને લાગ્યા વગર રહેતો નથી. મંડળી એ ઈશ્વરભકતોના એકઠા મળવાથી થાય છે, તથા તેથકી ઈશ્વર-ભકતો થાય છે એમ પણ કહેવાય. વળી તે બાબત ગમે તેમ હોય, પરંતુ આ વાત નિશ્ચયપૂર્વક છે કે જેવા તેઓ જાતે હોય છે તેવી મંડળી પણ થાય છે. જો સંસારી ચિત્તના તેઓ હોય તો તેનું સ્વરૂપ પણ તેવુંજ થશે. ઈસ્રાએલીઓ પર ધાર્મિક વૃત્તિના રાજાઓ અમલ કરતા હતા, ત્યારે તેઓની સામાન્ય સ્થિતિ તેવીજ હતી. પોતા પરના અધ્યક્ષો ને દોડનારાના

ધર્મસિદ્ધાંતો કે મતમતાંતરોનું મંડળીએ ખંડન કર્યાનું તથા તેઓ કરતાં ધર્મ બાબતમાં મંડળીએ વિશેષ ઉચ્ચતા કે શ્રેષ્ઠતા પ્રદર્શિત કર્યાનું દૃષ્ટાંત કે ઉદાહરણ જવલેજ મળે છે. આત્મિક બાબતોમાં મક્કમ તથા પવિત્રાઈના પરાક્રમે ભરપુર એવા અધ્યક્ષોને દોરનારા જે મંડળી પર હોય છે તે દેવની મહાન કૃપાનું ચિહ્ન છે. સંસારી ચિત્તના તથા બળહીન દોરનારાને હસ્તે મંડળીની ખરાબી થાય છે તથા તેની સ્થિતિ મૃતવત થાય છે. દેવે ઈસ્રાએલીઓ પર અમલ ચલાવવાને છોકરાં તથા બાળકો આપ્યાં, ત્યારે તેઓની સ્થિતિ ઘણી અધમ થઈ હતી. વળી અધિપતિઓ તરીકે છોકરાં તેઓ પર જુલમ ગુજારતાં હતાં તથા સ્ત્રીઓ તેઓ પર હકુમત ચલાવતી હતી, ત્યારે દેવના ભવિષ્યવાદીઓ તે અરસામાં સુખરૂપ સ્થિતિ વિષે ભવિષ્યવચનો ઉચ્ચારે તે અસંભવિત હતું. વળી જે અરસામાં મંડળી પર આત્મિક અધ્યક્ષો કે પાળકો હોય છે તે અરસામાં મંડળીની આત્મિક વૃદ્ધિ વિશેષ થાય છે.

મંડળીના અધ્યક્ષ કે પાળકપદનું પ્રાર્થના એ અવશ્યનું અંગ છે. જેઓ પ્રાર્થના અથાગ કરનારા હોય છે તેઓ દેવના સામર્થ્યે ભરપુર હોય છે તથા સર્વ કાર્યો યોગ્ય રીતે કરવાને નિપુણ હોય છે. દેવ પાસેથી પ્રાર્થનાદ્વારે પ્રાપ્ત કરેલું તેઓનું પરાક્રમ દિગ્વિજયી હોય છે એમ કહેવાય. જે બોધક પોતાની ખાનગી કોટડી બંધ કરીને પ્રાર્થનાદ્વારે દેવ પાસેથી સંદેશો કે બોધ પ્રાપ્ત કરતો નથી તે કેવી રીતે દેવની સત્ય વાત પ્રગટ કરી શકે? વળી ત્યાંજ દેવની પવિત્ર હજુરમાં રહીને વિશ્વાસમા સ્થિર, દેવના મુખના પ્રકાશથકી પ્રકાશિત તથા પોતાના અંતઃકરણમાં દેવના અનુપમ પ્રેમથકી ઉલ્લાસી થયો ન હોય તે કેવી રીતે શ્રોતાજનોને બોધ કરી શકે? વળી ત્યાંજ દેવની પવિત્ર વેદી પરના અંગારાના સ્પર્શથકી જેના હોઠ પવિત્ર કરાયા નથી તેની સ્થિતિ ખરેખર શોચનીય છે. એવો

ઉપદેશક સર્વથા શુષ્ક તથા પવિત્ર આત્માના અભિષેક કે પરાક્રમ રહિત રહે છે તેને દ્વારે દેવની સત્ય વાત બળહીન તથા નિષ્ફળ નીવડે છે. ધર્મના ખરા મુદ્દાઓ ધ્યાનમાં લેતાં એમ જણાય છે કે પોતાની ખાનગી કોટડીમાં પ્રાર્થનામાં લીન રહ્યા સિવાયનો સિંહાસન પરથી અપાતો બોધ શુષ્ક ને બળહીન નીવડશે. ઉપદેશક ભલે અધિકાર સહિત તથા મનોરંજક કે દિલપસંદ પદ્ધતિસર વિદ્વતાભરેલાં બોધભાષણો કરે, તો એ એવા પ્રકારની બોધ કરવાની પદ્ધતિ તથા શુદ્ધ ને પવિત્ર અંતઃકરણવાળા બોધકોથકી રડતાં રડતાં દેવની સત્ય વાત પ્રગટ કરવાની પદ્ધતિ વચ્ચે અનહદ અંતર છે.

પ્રાર્થના રહિત ઉપદેશક દેવની સત્ય વાત તથા મંડળીનાં સર્વ કાર્યો પોતાને હસ્તક લે છે. જો કે સર્વ કાર્યોની વ્યવસ્થા કે ગોઠવણ મનોરંજક હોય, તોએ તે કીમતી કફનપેટી તથા તેને શોભા આપનારાં સુંદર ફૂલના જેવી છે. વળી પ્રાર્થના રહિત ધર્મોપદેશક દેવની સત્ય વાત સંપૂર્ણ ભાવાર્થ સુદ્ધાં પોતે શીખી કે બીજાઓને શિખવી શકે નહિ. પ્રાર્થના રહિત ધર્મ-સેવાથી શાંતિના રાજ્યના યુગોના યુગ ગુમાવવામાં આવ્યા છે તથા ખ્રીસ્તનું પુનરાગમન ખાસ કરીને રોકાયું છે, એમ કહેવાય. વળી એવા પ્રકારની સેવાથકી નરકે પોતાની સત્તા જમાવી છે ને પ્રાર્થનાનાં સુંદર સ્થળોને વિકટ કોતરો કરી નાખ્યાં છે.

પ્રાર્થના દેવની પવિત્ર હજુરમાં ઉત્તમોત્તમ તથા માન્ય અર્પણ છે. જો હાલના જમાનાના ઉપદેશકો પ્રાર્થનાનું શિક્ષણ યોગ્ય રીતે લે, તથા તે પવિત્ર સેવામાં આગ્રહપૂર્વક લાગુ રહે તો ખ્રીસ્તનું હજાર વર્ષનું શાંતિનું રાજ્ય જગત પર વહેલું પ્રગટ થાય. "જાગુ પ્રાર્થના કરો," એવા સુસ્વરદ્વારે હાલના જમાનાના ધર્મસેવકોને આમંત્રણ આપવામાં આવ્યું છે. વળી હાલના જમાનાના બોધકો પોતાની ખાનગી કોટડીમાં પ્રાર્થનાદ્વારે દેવ પાસેથી બોધભાષણની પદ્ધતિ, ઉચ્ચ સુવિચારની

અધિકતા, તથા દેવપ્રણીત વચનો કે વેણુ પ્રાપ્ત કરે તો નજીક ભવિષ્યમાં પરમ ઊંચેથી નવું આકાશ તથા નવી પૃથ્વી ઉતરશે. અથાગ પ્રાર્થનાદ્વારે કરેલી ધર્મસેવાથકી જીર્ણ, પાપીષ્ટ તથા કલંકિત જગત તથા આકાશ ટળી જશે, એ નિઃસંદેહ છે.

અધ્યાય ૧૮ મો.

જોનાથાન એડવર્ડઝ કહે છે કે, "મંડળીના કેટલાક સભાસદો પોતાના પાળક વિષે વાંધા ઉઠાવે છે, પણ જો તેઓ માણુસોની આગળ તેના વિષે ઓછી ચરચા કરે અને તેને બદલે પાળકને સારૂ પ્રાર્થના કરવામાં વિશેષ આગ્રહતા દર્શાવે, એટલે એવી રીતે કે, તેઓ સર્વ મંદતામાંથી જાગ્રત થઇને તેને સારૂ પોતાની નમ્ર તથા આગ્રહપૂર્વક પ્રાર્થના તથા વિનંતીઓથકી નિરંતર દેવની પવિત્ર હજુરમાં મચ્યા રહે, તો તેઓ અવશ્ય પોતાના કાર્યમાં ફતેહમંદ થયા વિના રહે નહિ."

ખરેખર હાલમાં બોધકને સારૂ પ્રાર્થના કરવાની પદ્ધતિ બહુ જોવામાં આવતી નથી, બલ્કે તેને અર્થે વિનંતી કરવી તે જાણે વિશેષ અગત્યનું નહિ હોયની, એમ જોવામાં આવે છે! પ્રસંગોપાત એવું સાંભળવામાં આવે છે કે મંડળીમાં બોધકને સારૂ જાહેરાંત પ્રાર્થના કરવી એ દોષયુકત છે, કેમકે શ્રોતાજનો એથી એવી કલ્પના કરી શકે કે બોધક પોતાના કર્તવ્યમાં હજુ ઘણો અપૂર્ણ છે. કદાપિ બોધકને સારૂ કરેલી પ્રાર્થનાથકી તેની વિદ્યાના ગર્વને અથવા સ્વાભિમાનને ધક્કો લાગે એમ કોઈ સમજે; પરંતુ જે મંડળી પર એવો ગર્વિષ્ઠ પાળક હોય તે અવશ્ય પોતાના ગર્વ કે સ્વાભિમાન વિષે શરમિંદો થાય એ યથાયોગ્ય છે.

પ્રાર્થના કરવી એ પાળક તરીકેની તેની ખાસ ફરજ છે અને તેનો હક છે એટલુંજ નહિ, પરંતુ તે તો તેને આવશ્યક છેજ અને તેના વિના તો તેને ચાલવુંજ નહિ જોઇએ. બોધકને પ્રાર્થના જીવનના શ્વાસોચ્છ્વાસ કરતાં પણ વિશેષ અવશ્યની છે. સંક્ષેપમાં પ્રાર્થના સિવાય બોધક ધર્મસેવાને અંગે કંઈ પણ

કાર્ય યોગ્ય રીતે કરવાને અશક્ત છે, એમ કહેવાય. વળી બોધકને સારૂ શ્રોતાજનો પ્રાર્થના કરે એ પણ ખાસ અગત્યનું છે. બોધકે અવશ્ય પોતે પ્રાર્થના કરવી, તથા શ્રોતાજનોએ તેને સારૂ પ્રાર્થના કરવી એ બે વાત વચ્ચે એવો પરસ્પર સંબંધ છે કે તે બે બાબત અખંડિત છે. બોધકને માથે ધર્મ-સેવાને અંગે જે ગંભીર તથા જોખમભરેલી ફરજો રહેલી છે તે યોગ્ય રીતે બજાવવાને તથા તે સેવામાં ખરેખર ફતેહમંદ થવાને આગ્રહપૂર્વક કરેલી પોતાની પ્રાર્થના તથા પોતાને સારૂ શ્રોતા-જનો પાસે કરાવેલી પ્રાર્થના પર તેનો સર્વ આધાર રહેલો છે. ખરેખરા બોધકે પ્રથમ પોતે પ્રાર્થનામાં લીનતા તથા આત્મિક વૃદ્ધિ પામી લેવાને, તેમ શ્રોતાજનની પાસે પોતાને સારૂ પ્રાર્થના કરાવવાને, સર્વદા અભિલાષી રહેવું જોઈએ.

જેમ જેમ માણસ પવિત્રાઈમાં વૃદ્ધિ પામે છે તેમ તેમ તેને પ્રાર્થનાની ખરી કિંમત તથા અગત્યતા વિશેષ માલમ પડે છે; વળી એ પણ તેને જણાય છે કે જેઓ સર્વદા પ્રાર્થનામાં મશગુલ રહે છે તેઓનેજ પવિત્ર ઈશ્વરની પ્રાપ્તિ થાય છે. જે પ્રમાણમાં ઈશ્વરની પ્રાપ્તિને અર્થે તેના આત્માની ઉત્કંઠા હોય છે તથા આગ્રહપૂર્વક પ્રાર્થનામાં દઢતા હોય છે તે પ્રમાણમાં તેના અંતઃકરણમાં દેવનું પ્રગટીકરણ થાય છે. જે માણસનું હ્દય પ્રાર્થનારહિત હોય છે તેમાં તારણની ખરી ખાતરી ઉદ્ભવતી નથી. પવિત્ર આત્મા એવા શુષ્ક હ્દયમાં નિવાસ કરતો નથી. વળી દેવનાં પવિત્ર વચનના બોધ પરત્વે એવા માણસના આત્માનું સંસ્થાપન થાય નહિ. ખ્રીસ્ત એવા પ્રકારના નામના ખ્રીસ્તીને ઓળખતો નથી. જે બોધક પ્રાર્થનારહિત પોતાનાં સર્વ કાર્યો કરે છે તેને દ્વારે સુવાર્તાનો પ્રસાર થાય નહિ. જો કે તેની પાસે અસાધારણ કૃપાદાનો, અપૂર્વ બુદ્ધિનો પ્રભાવ, સુવિદ્યા, વકતૃત્વશક્તિ તથા દેવ તરફથી આમંત્રણની નિશ્ચયતા હોય તોએ સર્વ પ્રાર્થનાની અગત્યતા અંશ માત્ર કમી કરી શકે નહિ; પરંતુ એ સર્વ

હોવા છતાં વિશેષ પ્રાર્થના કરવાની તેને અગત્યતા પડે છે. ધર્મસેવાને અંગે જે ગંભીર તથા જોખમભરેલી ફરજો રહેલી છે તે સંબંધી જેમ બોધકની આંખો વધારે ઉઘડે છે તેમ તેને પ્રાર્થનાની વિશેષ અગત્યતા માલમ પડે છે. વળી એવી મહાન ફરજો યોગ્ય રીતે બજાવવાને બોધકને પ્રાર્થનાની જરૂરિયાત એટલી બધી જણાય છે કે તે પોતે અથાગ પ્રાર્થના કરવામાં મશગુલ રહે છે એટલુંજ નહિ, પરંતુ પોતાને સારૂ શ્રોતાજનો પાસે પ્રાર્થના કરાવવાને વિશેષ આગ્રહ જણાવે છે.

આ બાબતમાં પાઉલ પ્રેરિત ઉત્તમ દાખલો છે. જો કોઈ માણસે સ્વબળે તથા મનોબળે તથા વિદ્યાના પ્રભાવે તથા કાર્યદક્ષતા પરત્વે તથા દેવ પાસેથી મહાન સુવાર્તિક તરીકે પ્રાપ્ત કરેલા આમંત્રણદ્વારે સુવાર્તાનો પ્રસાર કીધો છે, તો તે માણસ કેવળ પાઉલજ હતો. વળી બોધકે સર્વદા પ્રાર્થનામાં મચ્યા રહેવું જોઈએ એ વાતનો ઉત્તમ નમુનો પણ પાઉલમાં મળશે. પ્રેરિતોના સમયના જેવી સુવાર્તાના પ્રસારમાં સફળતા મેળવવી હોય તો દેવના ખરા સેવકોની પ્રાર્થનાની અગત્યતા વિશેષ છે એમ બોધકે નિશ્ચે જાણવું. તે સંબંધીનો પણ પાઉલ સર્વોત્કૃષ્ટ નમુનો છે. દેવના સર્વ સેવકોની પ્રાર્થનાને સારૂ તે વારંવાર વિનંતીઓ, માગણીઓ કરીને ઉત્કંઠિત રહેતો હતો. તે નિશ્ચે જાણતો હતો કે જેમ આ જગતમાં "સંપ એજ બળ છે," તેમ આત્મિક પ્રદેશમાં જીવનની વૃદ્ધિને સારૂ પ્રાર્થનાની એકતા કે એકાગ્રતા એજ બળ છે. વિશ્વાસ, આશા તથા પ્રાર્થનાના ઐક્ય પરત્વે આત્મિક પરાક્રમનો આવેશ અનિવાર્ય થાય છે. જળનાં સુક્ષ્મ ટીપાં સમાન વિવિધ અંતઃકરણોમાંથી ઉદ્ભવતી પ્રાર્થનાની એકતા મહાન સાગર જેવી થાય છે.

જેમ મહાસાગરનું સામર્થ્ય અખૂટ ને અનિવાર્ય છે તેમ પ્રાર્થનાની એકાગ્રતાનું પરાક્રમ પણ અનિવાર્ય થાય છે. પ્રેરિત પાઉલે પણ તોપના ગોળા સમાન પ્રાર્થનાદ્વારેથી ઉદ્ભવતા આત્મિક અમોઘ પરાક્રમને યોગે ધર્મસેવા અસરકારક, શાશ્વત

તથા મહાસાગરના જેવી અનિવાર્ય કરવાને પ્રયત્ન કીધો હતો. તો શું, પાઉલની એવા પ્રકારની સર્વ કાર્યોમાં સફળતા તથા ઉત્તમોત્તમ આત્મિક પરિણામોની અધિકતા તથા જગતને મંડળી પરની તેની અચૂક અસરના રહસ્યનો ખુલાસો એ વાતમાં સમાએલો નથી કે તે બીજાઓ કરતાં પોતાને સારૂ તથા ધર્મસેવાને સારૂ પ્રાર્થનાની એકાગ્રતાનું પરાક્રમ પ્રાપ્ત કરવાને વિશેષ પ્રયત્ન કરતો હતો? રૂમમાં વસતા ભાઈઓ પર પત્ર લખતાં તે કહે છે કે "તો હવે ઓ ભાઈઓ, આપણા પ્રભુ ઈસુ ખ્રીસ્તની ખાતર તથા પવિત્ર આત્માના પ્રેમની ખાતર હું તમારી વિનંતી કરૂં છું કે તમે મારે માટે દેવની પ્રાર્થના કરવામાં મારી સાથે યત્ન કરો. વળી એફેસી મંડળી પર પત્ર લખતાં કહે છે કે, "આત્મામાં સર્વ પ્રાર્થના તથા વિનંતી કરો ને તેજ માટે સઘળા પવિત્રો વિષે સર્વ હઠથી તથા વિનંતીથી જાગતા રહો, ને મારે વાસ્તે પણ કે સુવાર્તાનો ભેદ જણાવવાને મને મારૂં મ્હો ઉઘાડીને બોલવાને માટે હિમ્મત અપાય." કલોસ્સી મંડળીને વજનદાર વચનો સહિત પત્ર લખે છે કે "પ્રાર્થનામાં દઢતાથી લાગુ રહો, ને તેમાં ઉપકારસ્તુતિ સાથે જાગતા રહો, અને અમારે સારૂ પણ પ્રાર્થના કરો કે, ખ્રીસ્તના જે મર્મને સારૂ હું બંધાએલો છું, તે કહેવાને દેવ અમારે સારૂ સુવાર્તાનો દરવાજો ઉઘાડે, કે જેમ મારે બોલવું જોઈએ તેમ હું પ્રગટ કરૂં." વળી થેસ્સાલોનીકાની મંડળી પર તે જુસ્સા તથા ત્વરા સહિત લખે છે કે, "ભાઈઓ, અમારે માટે પ્રાર્થના કરો." કરીંથી મંડળીના લોકોને તે સહાયને સારૂ વિનંતી સહિત લખે છે કે "તમે પ્રાર્થનાથી અમને સહાય કરજો." જાણે કે પવિત્ર સેવાનો અમુક હિસ્સો તેમને સોંપે છે, એમ કહેવાય. તેઓ પ્રાર્થનાએ કરીને તેને મદદગાર થવાના હતા. સર્વ ઉપરાંત થેસ્સાલોનીકાની મંડળી પર એક અગત્યની વિનંતી સહિત પોતાની ગરજ જણાવતાં લખે છે કે, "છેલ્લું, ભાઈઓ, અમારે માટે પ્રાર્થના કરો કે

પ્રભુની વાત વેગે ચાલે ને મહિમાવાન થાય, જેમ તમારે ત્યાં છે તેમ; અને કે અમે અડીએલ તથા દુષ્ટ માણસોથી બચાવ પામીએ.” વળી ફિલિપીઓના મન પર એવું ઠસાવે છે કે પ્રભુ કરે ને તમારી પ્રાર્થનાના બળે કરીને સુવાર્તાના પ્રસારને સારૂ હું સઘળાં પરીક્ષણો તથા વિરૂદ્ધતા સહન કરી શકું. વળી પોતાની આગ્રહપૂર્વક પ્રાર્થનાઓ પરત્વે પાઉલ ફિલેમોનને ત્યાં પરોણા તરીકે ઉતારો કરે એવી ગોઠવણ કરી રાખેલી હતી.

પ્રાર્થનાના વિષય સંબંધે પાઉલનું નમ્ર વલણ તથા સુવાર્તાના પ્રસારને અંગે આત્મિક બળ વિષે દીર્ઘદષ્ટિ સ્પષ્ટ માલમ પડે છે. સર્વ ઉપરાંત પાઉલની વર્તણુક પરથી એવો બોધ મળે છે કે તે ખાસ કરીને દેવના લોકની પ્રાર્થના પર ધર્મસેવાની ફતેહને અંગે આધાર રાખતો હતો, તો હાલના જમાનામાં ધર્મસેવા યોગ્ય રીતે બજાવવાને પ્રાર્થનાની કેવી આવશ્યક્તા છે!

પ્રાર્થનાને સારૂ એવા પ્રકારની આગ્રહપૂર્વક વિનંતીઓ કરવાથી પોતાની પદવી નીચી પડશે, તથા લોકોમાં પોતાનું વજન હલકું પડશે, તથા પોતાની સુભક્તિની અવગણના થશે એ સંબંધી પાઉલને બીલકુલ પરવા ન હતી. ભલે એમ કરવાથી પોતે લોકોમાં આબરૂહીન થાય તોએ શું? પરંતુ તેઓની એટલે દેવના ખરા સેવકોની પ્રાર્થના સિવાય તેને ચાલે નહિ. જો કે પોતે દેવ પાસેથી આમંત્રણ પામેલો, મહાન સુવાર્તિક થવાને પસંદ કરાએલો તથા પ્રેરિતોમાં મુખ્ય હતો, તોએ દેવના ખરા સેવકોની પ્રાર્થના રહિત તેની તૈયારી કે સામગ્રી અપૂર્ણ હતી. તેણે સર્વત્ર મંડળીઓમાં પોત ને સારૂ પ્રાર્થના કરવાની વિનંતીઓ પત્રદ્વારા લખી મોકલી હતી. શું તમે તમારા બોધકને સારૂ પ્રાર્થના કરો છો? શું, તમે ગુપ્તમાં દેવની પવિત્ર હજુરમાં તેને સારૂ પ્રાર્થનામાં કષ્ટ કરો છો? પોતાની ખાનગી કોટડીમાં દેવની પવિત્ર હજુરમાં રહીને કરેલી પ્રાર્થના સિવાય મંડળીમાં જાહેરાંત કરેલી પ્રાર્થના સાર્થક થાય, એ અસંભવિત છે. પોતાના બોધકને સારૂ પ્રાર્થનામાં તત્પર

રહેનારા શ્રોતાજનો હારૂન તથા હૂરની પેઠે તેને મદદગાર થઈ પડે છે. તેઓ પોતાની આગ્રહપૂર્વક પ્રાર્થનાદ્વારે તેને અચૂક મદદ કરે છે ને જગત તથા મંડળી વચ્ચેના ઉગ્ર યુદ્ધમાં વિજય મેળવે છે.

સાર્વત્રિક મંડળીમાં દેવના ખરા સેવકો પ્રાર્થનામાં તત્પર રહે એજ પ્રેરિતોનો મુખ્ય ઉદ્દેશ હતો. વળી સંતોષ સહિતનાં દાનધર્મોનો અનાદર તેઓ કરતા નહોતા. પવિત્રાઈના પ્રદેશમાં આત્મિક જીવનની વૃદ્ધિને સારૂ ધર્મસેવામાં પ્રવૃત્તિ તથા કાર્ય-દક્ષતાની કેટલી જરૂર છે તે વિષે તેઓ કાંઈ બીનવાકેફ હતા એમ નહિ, પરંતુ તેઓની નજરમાં પ્રાર્થના ઉત્તમોત્તમ સેવા હતી ને સર્વ પ્રકારની અન્ય સેવા તેની ગરજ સારે નહિ એમ તેઓ સમજતા હતા. પ્રાર્થનાની જરૂરિયાત તથા તે પ્રત્યેની કર્તવ્યપરાયણતા મંડળીઓમાં દાખલ કરાવવાને અંગે પ્રેરિતો પવિત્ર તથા નિરૂત્તર દલીલો તથા આવેશી પ્રબોધો તથા ગ્રાહ્ય જાગ્રત વચનો જણાવતા હતા.

"સર્વત્ર દેવના ખરા સેવકો અથાગ ને જાગ્રુ પ્રાર્થના કરે," એ પ્રેરિતોના સમયના પ્રયાસની એકાગ્રતા તથા તેઓની અસાધારણ સફળતાનો સોનેરી નિયમ હોયની એમ દિસે છે. જગત પરની પોતાની ધર્મસેવા પ્રસંગે ખ્રીસ્તે પણ એવાજ પ્રકારનો પ્રવાસ કીધો હતો. મજુરોની અછતને કારણે જગતનાં પાકી ચુકેલાં ખેતરો નાશ પામતાં જોઈને ખ્રીસ્તે અથાગ અનુકંપા કે દીલસોજીયુકત વચનો ઉચ્ચાર્યાં હતાં, એટલે કે પોતાની પ્રાર્થનાના ઉદ્‌ગાર સહિત શિષ્યોની પ્રાર્થનારૂપ અગત્યની સેવા પ્રત્યે શિથિલ પ્રકૃતિ જાગ્રત કરતાં આજ્ઞા દે છે કે, "એ માટે તમે ફસલના ધણીની પ્રાર્થના કરો કે તે પોતાની ફસલને સારૂ મજુરો મોકલે." વળી "સર્વદા પ્રાર્થના કરવી ને કાયર થવું નહિ તે શિખવવા સારૂ તેણે એક દષ્ટાંત તેઓને કહ્યું."

અધ્યાય ૧૯ મો.

વિલ્યમ વિલ્બરફોર્સ કહે છે કે, "નિરંતર કાર્યક્રમની ઉતાવળ તથા માણસો સાથેની અતિશય મુલાકાતથકી મારા શરીરને નહિ તો આત્માને હાનિ પહોંચે છે. મને પ્રાર્થનાને સારૂ વધુ એકાંતવાસ તથા વહેલા સવારનો શાંત સમય મળે તો કેવું સારૂં ! મને એમ દીસે છે કે હું ઘણું કરીને ધર્મસેવામાં એટલે કે ખાનગી પ્રાર્થનામાં, ઇશ્વરમનનમાં તથા પવિત્ર શાસ્ત્રના અધ્યયનમાં ઘણો થોડો વખત ગાળું છું; અને એજ કારણસર હું એવો બળહીન, મંદ તથા નિષ્ઠુર રહું છું. દરરોજ મારે ઇશ્વરસેવા કરવામાં ઓછામાં ઓછા બે કલાક અર્પણ કરવા જોઇએ. કદાપિ મોડી રાત સુધી હું મારાં નિત્યકર્મોમાં ગુંથાયલો રહું છું, તેથીજ સવારમાં મને ફક્ત અર્ધો કલાક ત્વરાથી કરેલી પ્રાર્થનાને સારૂ મળે છે. ખરેખર, દેવના સર્વ ખરા સેવકોના અનુભવ પરથી એ વાત સાબિત થાય છે કે યોગ્ય ખાનગી પ્રાર્થનારહિત આત્મા બળહીન થાય છે. પરંતુ આ વાત નિશ્ચયપૂર્વક છે કે ધર્મસેવાને અંગે સર્વ કાર્યો પ્રાર્થનાથકી યોગ્ય રીતે થાય છે. વળી મને એવો અનુભવ થયો છે કે પ્રાર્થનાનું પરાક્રમ સર્વશક્તિમાન છે; કારણ કે પ્રીતિ તથા સત્યના દેવની નિમણુકથીજ પ્રાર્થના સર્વપરાક્રમી છે. ત્યારે તો પ્રતિદિન પ્રાર્થનામાં લાગુ રહો."

આપણે ભજનસેવામાં કેટલો વખત રોકવો જોઇએ, એ મુકરર કરેલું નથી; પરંતુ તે યોગ્ય રીતે કરવાને વખતની આવશ્યકતા તો વિશેષ છે. દેવની સંગત કરવાને અર્થે ધૈર્ય સહિત તેની રાહ જોવાની તથા આગ્રહપૂર્વક પ્રાર્થનામાં લાગુ રહેવાની ખાસ જરૂર છે. ઉતાવળ સર્વત્ર અઘટિત તથા હાનિકારક છે, પરંતુ ઈશ્વરસમાગમ જેવા મહાન કાર્યમાં તે વિશેષ અયોગ્ય તથા નુકસાનકર્તા છે. ટુંક ભજન-સેવાને યોગે સુભક્તિનો ક્ષય થાય છે. પ્રાર્થનામાં ત્વરા કે ઉતાવળ કરનારને સ્વસ્થતા, સમજણ તથા પરાક્રમ પ્રાપ્ત થાય એવું નથી. ટુંક ભજનસેવાથકી આત્મિક પરાક્રમ કે આવેશ કમી થાય છે, આત્મિક જીવનની વૃદ્ધિ અટકે છે, આત્મિક પાયો અસ્થિર કરાય છે, ને વળી અંતઃકરણમાંથી આત્મિક જીવનનો અંકુર ચિમળાઈ જાય છે. વળી એવા પ્રકારની ભજનસેવાથકી પાછા હઠી જવાનો સંભવ રહે છે તથા દંભી

કે આડંબરી ભક્તિ નીપજે છે. સંક્ષેપમાં અંતઃકરણરૂપી જમીન શુષ્ક તથા ઉજડ વેરાન સમાન કરી નાખે છે, એમ કહીએ તો ચાલે.

ખરૂં છે કે પવિત્ર શાસ્ત્રમાં વર્ણવેલી પ્રાર્થનાઓ સંક્ષિપ્ત છે, પરંતુ અનુમાન પરથી જાણી શકીએ છીએ કે ઇશ્વરભક્તોએ પ્રસંગ જોઇને પ્રાર્થનામાં દેવ સાથે કુસ્તી કરવામાં અથાગ વખત ગાળ્યો હશે. વળી આ વાત નિશ્ચયપૂર્વક છે કે થોડા શબ્દોથી તેઓનું કાર્ય સિદ્ધ થયું હતું, પરંતુ દેવની પવિત્ર હજુરમાં વાટ જોવામાં તેઓ ઘણો વખત ગાળતા હતા. મુસાની લખેલી પ્રાર્થના કેવળ સંક્ષિપ્ત છે, પરંતુ તેના વિષે લખેલું છે કે તેણે ઉપવાસ તથા મોટા નિસાસાસહિત પ્રાર્થનામાં ચાળીસ રાત દિવસ ગાળ્યા હતા. વળી એલીયાહની ઉચ્ચારેલી પ્રાર્થનાઓ ટુંકીજ છે, પરંતુ આહાબ રાજાની હજુરમાં જઇને તે કહી શક્યો કે, “આ વરસોમાં ઓસ તથા વરસાદ કેવળ મારા કહેવા પ્રમાણેજ પડશે.” તે વખત પહેલાં તેણે પ્રાર્થનામાં ઘણું કષ્ટ ઉઠાવીને દેવ સાથે મનના પૂરા આવેશથી કુસ્તી કીધી હતી. પવિત્ર શાસ્ત્રમાં લખેલી પાઉલની પ્રાર્થના કેવળ સંક્ષિપ્તજ છે, પરંતુ તેના વિષે લખેલું છે કે “તે રાત દિવસ અતિશે પ્રાર્થના કરતો હતો.” ‘પ્રભુની પ્રાર્થના’ જે ખ્રીસ્તે પોતાના શિષ્યોને શિખવી તે કેવળ નાનાં બાળકોને સારૂ દિવ્ય પ્રાર્થનાસાર કે સુત્ર સમાન છે એમ કહેવાય, પરંતુ જગત પરની પોતાની સેવા પૂર્ણ કીધી તે પહેલાં ખ્રીસ્તે ઘણી વાર આખી રાત પણ પ્રાર્થનામાં ગાળી હતી. વળી પ્રાર્થનામાં અથાગ વખત અર્પણ કર્યાંને યોગે તેની સેવા સંપૂર્ણ થઈ હતી એટલુંજ નહિ, પરંતુ તે દ્વારા તેના દિવ્ય સ્વરૂપનું ભરપુરપણું તથા ગોરવનું મહત્વ પ્રદર્શિત થયાં.

પ્રાર્થના કરવાને માટે આત્મિક ભાવ જોઇએ છે અને વાસ્તવિક રીતે માણસનું વલણ તે પ્રત્યે નથી. પ્રાર્થના યોગ્ય રીતે કરવાને એકાગ્ર ચિત્ત, મનોબળ તથા વખતની આવશ્યકતા

વિશેષ છે ને એમ કરવું તે દૈહિક માણસને ગમતું નથી. સર્વ કાર્યો સરળતાથી થાય ને બધું ઠીક ચાલે તેવે સમયે થોડાજ માણસો એવી પ્રકૃતિના હોય છે કે જેઓ પ્રાર્થનામાં આગ્રહતા પરત્વે મચ્યા રહે છે. આપણને દરરોજ એવી નીરસ પ્રાર્થના કરવાની ટેવ પડી હોય છે કે સર્વ ઉપર ઉપરથી ઠીક દેખાય છે તથા અંતઃકરણ પણ શાંત પડે છે, પરંતુ યાદ રાખવું કે આપણે આત્મિક નિદ્રાવશ સ્થિતિમાં છીએ. આપણી ભજનસેવા એવી સંક્ષિપ્ત હોય છે કે થોડી વારમાં આપણને માલમ પડે છે કે આપણામાંથી આત્મિક જડ કે પાયો નિર્મૂળ થઈ ગયો છે. વળી ભજનસેવા ત્વરા કે ઉતાવળ કરવાથી આપણામાં નિર્જીવ વિશ્વાસ, નિર્માલ્ય ખાતરી તથા દંભી કે આડંબરી ભકિત દાખલ થવા પામે છે. જે પ્રમાણમાં આપણે દેવની પવિત્ર હજુરમાં પ્રાર્થનામાં વખત ગાળીએ છીએ તે પ્રમાણમાં આપણે દેવને સારૂ ઉપયોગી પાત્રો બનીએ છીએ. સર્વ પ્રકારે ટુંક ભજનસેવાથી ધર્મનું સ્વરૂપ સંકુચિત, નીરસ ને એદી થાય છે.

આપણા આત્મામાં દેવ સર્વ પરાક્રમસહિત નિવાસ કરે તે પહેલાં આપણને અથાગ પ્રાર્થનામાં લાગુ રહેવાની અગત્ય છે. ટુંક ભજનસેવાથકી દેવનું પરાક્રમ આપણા અંતઃકરણમાં વહેતું અટકે છે. વળી દેવનું સંપૂર્ણ પ્રકટીકરણ પ્રાપ્ત કરવાને ખાનગી પ્રાર્થના કરવામાં ઘણો વખત રોકવો પડે છે. ટુંક ભજનસેવાથકી અંતઃકરણમાંથી દેવની પ્રતિમાનું પ્રતિબિંબ રફતે રફતે ભુંસાઈ જાય છે.

પોતાની રોજનિશીમાં લખતાં હેનરી માર્ટીન એવો વિલાપ કરે છે કે, "નિરંતર બોધભાપણની તૈયારીમાં ગુંથાયલા રહેવાથકી મારી ખાનગી કોટડીમાં પવિત્ર શાસ્ત્રના અભ્યાસ તથા પ્રાર્થનાના અભાવે મારા આત્મા ને દેવ વચ્ચે વિશેષ વિમુખતા કે ભિન્નતા ઉત્પન્ન થઈ હતી." તેને સ્પષ્ટ રીતે માલમ પડયું કે મેં જાહેરાંત બોધભાપણ તૈયાર કરવામાં

અથાગ વખત રોકયો હતો, પરંતુ પોતાની ખાનગી કોટડીમાં દેવની પવિત્ર સંગતમાં ઘણો થોડો વખત ગાળ્યો હતો. ઉપવાસ સહિત પ્રાર્થનાને સારૂ એને એટલી બધી અગત્ય જણાઈ હતી કે તેણે એવી આગ્રહપૂર્વક પ્રાર્થનાને માટે અમુક સમયો ઠરાવ્યા. પોતાની રોજનિશીમાં તે બીજે સ્થળે લખે છે કે, "આજ સવારે બે કલાક પ્રાર્થના કરવાને દેવે મને સહાય આપી." વિલ્યમ વિલ્બરફોર્સ કહે છે કે, "મારે ખાનગી પ્રાર્થનાને સારૂ વધુ વખત મુકરર કરવો જોઈએ. મને એમ લાગે છે કે દેવના સહવાસ કરતાં મેં માણસોનો સહવાસ વિશેષ કીધો છે. ટુંક ભજનસેવાથકી આત્મા ક્ષુધાતુર ને તૃષિત થઈ જવાથી બળહીન ને નિર્ગત નીવડે છે. હું રાતનો વધારે વખત કામકાજમાં રોકતો આવ્યો છું." એક વખત પોતે પાર્લામેન્ટમાં નિષ્ફળ નીવડયો હતો ત્યારે કહ્યું કે, "જે સંતાપ ને લજ્જા અત્યારે મને આવી મળ્યાં છે તે ઘણું કરીને મારી ટુંક ભજનસેવાનું પરિણામ છે. અને એજ કારણસર દેવે મને ઠોકર ખાવા દીધી હશે કે હું મારી ચૂક જોઈ શકું." આ ઉપરથી જણાય છે કે વધુ એકાંતવાસ તથા વહેલા સવારના શાંત સમયનો સદુપયોગ તે તેની સ્થિતિને માટે સદુપાય જણાયા.

પ્રાર્થનામાં વધુ વખત ગાળવાથી તથા વિશેષ કરીને વહેલા સવારનો શાંત સમય તે સેવામાં અર્પણ કરવાને યોગે ઘણી મૃતવત આત્મિક જિંદગીઓમાં પુનઃ ચૈતન્ય ને આત્મિક જીવન પ્રેરાય છે. વળી એવા પ્રકારની ભજનસેવાની અસર પવિત્ર જીવનમાં પ્રગટ થયા વિના રહે નહિ. આપણે દરરોજની ભજનસેવા ત્વરાથી ટુંકામાં પતાવી દઈએ નહિ તો પવિત્ર જીવન ગાળવું આપણને અઘરૂં થઈ પડે નહિ. આપણે ખાનગી કોટડીમાં દરરોજ ખાસ વખત આગ્રહપૂર્વક પ્રાર્થનામાં અર્પણ કરીએ તો આપણું જીવન મધુર તથા દેવની આગળ સુગંધના વાસને અર્થે થયા વિના રહે નહિ, એ નિઃસંદેહ છે.

આપણું જીવન શુષ્ક કે આશીર્વાદરહિત છે, કેમકે આપણી પ્રાર્થનાઓ નીરસ છે. પ્રાર્થનામાં યોગ્ય વખત અર્પણ કરવાથકી આપણું જીવન મજ્જા તથા મેદથી તૃપ્ત થયા વિના રહે નહિ. જે પ્રમાણમાં આપણે આપણી ખાનગી કોટડીમાં દેવની પવિત્ર હજુરમાં પ્રાર્થનામાં વખત અર્પણ કરીએ છીએ તે પ્રમાણમાં આપણે જગતમાં દેવને સારૂ સફળ સેવકો થઈ શકીએ છીએ. પોતાની ખાનગી કોટડીમાં જે ઉપદેશક કે બોધક પ્રાર્થનામાં ત્વરા કે ઉતાવળ કરે છે તે શ્રોતાજનને જીવનને રસ્તે દોરવાને અશકત છે એમ કહેવાય. વળી ત્યાં ઉતાવળ કરવાથી આપણે દેવથી પ્રસંગોપાત વિમુખ થઇએ છીએ એટલુંજ નહિ, પરંતુ પ્રત્યેક આત્મિક આશીર્વાદરૂપ વારસો ગુમાવીએ છીએ. ત્યાં દેવની હજુરમાં વધુ વખત ગાળવાથકી આપણે દેવ સંબંધીની વાતોમાં શિક્ષિત તથા જય પામનાર થઈ શકીએ છીએ. પ્રસંગોપાત ખાનગી કોટડીમાં દેવની પવિત્ર હજુરમાં વધુ વખત તેની રાહ જોવાથકી દિગ્વિજયો પ્રાપ્ત થાય છે. ધૈર્યથી તથા સ્વસ્થતાથી વાટ જોનારને દેવ મુગટથી સુશોભિત કરે છે. ખ્રીસ્ત પણ અલ્પ વિશ્વાસ પ્રત્યે લાગણીના ઉદ્દગારસહિત કહે છે કે, “તો દેવ પોતાના પસંદ કરેલા, જેઓ તેની આગળ રાત દહાડો હાંક મારે છે, તેઓને દાદ નહિ આપશે શું ?”

જે માણસ પ્રાર્થના યોગ્ય રીતે કરે છે તે દેવની ઉત્તમોત્તમ સેવા કરે છે. તે સેવા યોગ્ય રીતે કરવાને મનની સ્વસ્થતા, વખત તથા દેવની આગળ ગંભીરતાની આવશ્યકતા છે. જો તે સેવા યોગ્ય ભાવપૂર્વક કરવામાં ન આવે તો તે કનિષ્ટ સેવા તરીકે ગણાય છે. સાર્થક પ્રાર્થનાને યોગે મહાન પરિણામો નીપજે છે; પરંતુ નીરસ પ્રાર્થનાથકી કનિષ્ટ પરિણામો નીપજે છે. આપણે સાર્થક પ્રાર્થનાની યોગ્ય કિંમત કરી શકીએ નહિ, તેમજ દંભી કે આડંબરી પ્રાર્થનાથકી નીપજતાં માઠાં પરિણામોનો ખ્યાલ કરી શકીએ નહિ.

પ્રાર્થનાની કિંમત કેટલી છે તે આપણે ખ્રીસ્તની પ્રાર્થના-શાળામાં નવે નામે દાખલ થઈને શીખી શકીએ છીએ. તે યોગ્ય રીતે શીખવાને જેટલો વખત જોઈએ છે તેટલો બીજા કોઈ કાર્યમાં જોઈતો નથી. વળી જો તે અદ્‌ભુત દિવ્ય કળા આપણે યોગ્ય રીતે શીખીએ તો પછી પ્રાર્થના કરી યા ન કરી તોએ શું એવી ગેરસમજ દૂર થયા વિના રહે નહિ. વળી જેમ કેટલાક કહેવાયલા સંતો પ્રાર્થનાને ઈસુ સાથેની ટુંકી વાત કે સંવાદ એવું ઉપનામ આપતા હતા તેમ આપણે આપીશું નહિ. ખરી પ્રાર્થના કરવાને માટે આપણે દિવસના ઉત્તમ વખતનો ભોગ આપીને દેવની પવિત્ર હજુરમાં એકાગ્ર ચિત્તે આગ્રહપૂર્વક લાગુ રહેવું જોઈએ.

હાલનો સમય પ્રાર્થનાસહિત છે એમ કહીએ તો તે ખોટું ન કહેવાય. થોડાજ માણસો છે કે જેઓ પ્રાર્થના કરે છે. પાળકે તેમજ બોધકે એક સરખી રીતે પ્રાર્થનાની અવગણના કીધી છે. વળી આધુનિક સમય જે જગતની વેગવંત પ્રગતિનો અશાંત ને અસ્થિર સમય ગણાય છે તેમાં માણસો પ્રાર્થના કરવાનું એક કોરે મૂકી દે છે. અલબત, એવા ઉપદેશકો તો છે કે જેઓ અમુક મુકરર કરેલા વખતે મંડળીઓમાં પોતાના કાર્યક્રમને પેટે પ્રાર્થના મુખપાઠ કરી જાય છે, પરંતુ પવિત્ર ઈશ્વરને મેળવવાને સારૂ કોણ પ્રાર્થનામાં કષ્ટ ઉઠાવે છે? યાકૂબની પેઠે અત્યારે કોણ પ્રાર્થના કરે છે? તેણે પ્રાર્થનામાં દેવ સાથે એવી કુસ્તી કીધી કે દેવે તેને પોતાની સાથે ટક્કર ઝીલનાર એવું નામ આપ્યું. વળી એલીયાહની પેઠે કોણ પ્રાર્થના કરે છે? તેણે પ્રાર્થનામાં એવું કષ્ટ કીધું કે આકાશનાં મુદ્રિત દ્વારો ને પરાક્રમો હલાવીને દુકાળપીડિત દેશને એક દેવની લીલી કુંજાર વાડી સમાન કરી નાખ્યો. વળી ખ્રીસ્તની પેઠે કોણ અત્યારે પ્રાર્થના કરે છે? તેણે તો પર્વત પર જઈને "દેવની પ્રાર્થનામાં આખી રાત કાઢી." પ્રેરિતો વિષે પણ લખેલું છે કે, "તેઓ પ્રાર્થનામાં લાગુ રહ્યા." હાલના

સમયમાં પ્રાર્થનામાં લાગુ રહેવું એ ઉપદેશકોને તેમજ શ્રોતાજનોને વિશેષ અઘરૂં લાગે છે. કેટલાક ધાર્મિક વૃત્તિના માણસો છે કે જેઓ પોતાનું ધન પ્રભુના કામને અર્થે આપે છે પરંતુ તેઓને પ્રાર્થનામાં લાગુ રહેવાનું ફરમાવવામાં આવે તો તેઓ એમ કરે નહિ, એ નિશ્ચયપૂર્વક વાત છે. પ્રાર્થનારહિતનાં ધર્મદાનો નિરર્થક નીવડે છે એ નિઃસંદેહ છે. હજારો ઉપદેશકો છે કે જેઓ ધર્મજાગ્રતિ તથા સુવાર્તાપ્રસારના વિષય પર મોટાં ને છટાદાર ભાષણો કરે છે, પરંતુ પોતે પ્રથમ તે પ્રમાણે કરે એવા ઉપદેશકો જવલેજ મળે છે. પ્રાર્થના જાણે પુરાતન મંડળીઓનોજ અનુભવ હોયની તેમ હાલના સમયમાં એવા એક મહાન તથા શુભેચ્છક પુરૂષની જરૂર છે કે જે ઉપદેશકોને તથા શ્રોતાજનોને પ્રાર્થનારૂપ ઉત્તમોત્તમ સેવા તરફ આકર્ષે તથા તેની જરૂર હાલના સમયમાં કેટલી બધી છે તે જણાવે.

અધ્યાય ૨૦.

માર્ટિન લુથર કહે છે કે, " મારી પ્રાર્થના શેતાન કરતાં વિશેષ પરાક્રમી છે એમ હું માનું છું. કેમકે જો એમ ન હોત તો ક્યારનીએ આ લુથરની માઠી દશા થઇ હોત. તેમ છતાં મારા લાભાર્થે દેવ જે અદ્ભુત કાર્યો કે ચમત્કારો કરે છે તે માણસો સમજી કે માની શકતા નથી. જો હું પ્રાર્થના કરવાનું એક દિવસ પણ પડતું મૂકું તો મારામાંથી વિશ્વાસની જ્યોત ઘણે અંશે નાબુદ થયા વિના રહે નહિ, એ નિઃસંદેહ છે."

પચાસમાના દિવસ અગાઉ પ્રાર્થનાની મહાન જરૂરીઆત સંબંધી પ્રેરિતોની સમજ પૂરેપૂરી ઉઘડી ન હતી એમ કહેવાય. પરંતુ પચાસમાને દિવસે પવિત્ર આત્માએ તેમને પરાત્પરના પરાક્રમે વેષ્ટિત કરીને ખ્રીસ્તની સુવાર્તાને અંગે પ્રાર્થનાની જરૂરીઆત કેવી મહાન તથા સર્વોપરી છે તે પ્રગટ કર્યું. વળી હાલના સમયમાં દેવના પ્રત્યેક ખરા સેવકને પ્રાર્થનામાં લાગુ રહેવા સંબંધી પવિત્ર આત્માનું આમંત્રણ સુસ્વરે તથા સર્વ તાકીદે આપવામાં આવ્યું છે એમ કહેવાય. પ્રાર્થનાથકી

ઈશ્વરભક્તો પવિત્રાઈમાં સ્થાપિત, વિશુદ્ધ તથા પરિપૂર્ણ થાય છે. જ્યારે ધર્મસેવકો ઘુંટણ ટેકીને સવારે વહેલા તથા રાત્રે મોડે સુધી પ્રાર્થનામાં અથાગ વખત અર્પણ કરતા નથી ત્યારે સુવાર્તાનો પ્રસાર મંદ તથા નીરસ ગતિએ થાય છે.

યોગ્ય રીતે પ્રાર્થના કરવાને તથા તે પવિત્ર સેવામાં લાગુ રહેવાને શિખવી શકે એવા ખ્રીસ્તી ધર્માધ્યક્ષો કે આત્મિક પાળકો હાલમાં કયાં છે? આપણે પ્રાર્થનારહિત ધર્મસેવકો તૈયાર કરીએ છીએ એ શું આપણે જાણીએ છીએ? દેવના સર્વ લોકોને પ્રાર્થનામાં લાગુ રહેવાને ઉત્તેજીત કરે એવા પ્રેરિતોના સમયના જેવા પાળકો અત્યારે કયાં છે? જે ધર્મસેવકો દેવના સર્વ લોકોને પ્રાર્થના પ્રતિ આકર્ષે તેઓ ઉત્તમોત્તમ સેવા કરે છે એમ કહેવાય. વળી હાલના સમયમાં વિદ્યાની વૃદ્ધિને અંગે જે સરળતા કે સુગમતા તથા દ્રવ્યની અધિકતાની જે સરસાઈ ધર્મસેવામાં જોવામાં આવે છે તે જો અથાગ પ્રાર્થનારૂપી જળમાં સંસ્કાર પામેલી ન હોય તો તે સર્વ ધર્મસેવામાં નિષ્ફળ તથા નિરર્થક નીવડે છે. અથાગ પ્રાર્થના કરવાનો ભાવ કાંઈ આપોઆપ ઉત્પન્ન થતો નથી. પરંતુ ધર્મસેવકોએ પ્રથમ આગેવાનીભર્યો ભાગ લઈને પ્રાર્થનાને સારૂ સતત્ પ્રયત્નો જારી રાખવા જોઈએ. વળી તેઓએ પ્રેરિતોના જેવા મહાન પ્રયાસે કરીને સર્વત્ર મંડળીઓમાં માણસોના અંતઃકરણમાં પ્રાર્થનાની મહાન જરૂરિયાત તથા તે વિષેની સત્યતા સજ્જડ ચોંટાડવી જોઈએ. જે ધર્મસેવકો અથાગ પ્રાર્થના કરનારા હોય છે તેઓના અનુયાયીઓ પ્રાર્થનામાં લાગુ રહેનાર થાય છે. વળી આ વાત નિશ્ચયપૂર્વક છે કે જેઓ પ્રેરિતોના જેવું પ્રાર્થનામાં કષ્ટ ઉઠાવે છે તેઓજ પ્રાર્થનામાં લાગુ રહેનાર સેવકોને જન્મ આપે છે. જે બોધક (પાળક) અથાગ પ્રાર્થના કરનારો હોય તેના શ્રોતાજનો પ્રાર્થનામાં લાગુ રહેનાર થાય છે. પ્રાર્થના જેવા મહાન કાર્યમાં દેવના સર્વ ખરા સેવકોને રસ લેતા કરે એવા ધર્મસેવકોની હાલમાં વિશેષ ખોટ છે. આપણા જમા-

નાના લોકો પ્રાર્થના પ્રત્યે અભાવ ધરાવનારા છે એમ કહેવાય. જે ધર્મસેવકો પ્રાર્થના રહિત હોય છે તેઓ આત્મિક બાબતો વિષે ભિક્ષુકો સમાન છે એટલુંજ નહિ, પરંતુ તેઓમાંના ખરા ધર્મસેવકોના જેવી આસ્થા, સૌંદર્ય કે માધુર્ય તથા પરાક્રમ કે આવેશ હોતાં નથી જો વસ્તુસ્થિતિ સર્વત્ર એવી છે તો એ ખામી કોણ દૂર કરી શકે એમ છે? જે માણસ મંડળીના સર્વ લોકોને પ્રાર્થનામાં લાગુ રહેનાર કરે તો તેને મોટો સુધારક તથા મંડળીને સુશોભિત રચનાર પ્રેરિત સમજવો.

વળી આ વાત અનુભવસિદ્ધ છે કે સાર્વત્રિક મંડળીને આ જમાનાની તેમજ સર્વ જમાનાની મોટી ખોટ વિશ્વાસમાં મોટા, પવિત્રાઇમાં મક્કમ, પરાત્પરના પરાક્રમે વેષ્ટિત. તથા બળી ઉઠતા ઝનુની માણસોની છે. એવા માણસોની પ્રાર્થના, વિશ્વાસ, જીવન તથા ધર્મસેવા સમસ્ત મંડળીની જિંદગીમાં તો શું, પરંતુ પ્રત્યેક વ્યક્તિની જિંદગીમાં આત્મિક ફેરફાર કે બદલાણ કર્યાં વિના રહે નહિ એ નિર્વિવાદ છે.

અમારૂં કહેવાનું કે ભાવાર્થ એ નથી કે એવા માણસની ખોટ છે કે જેઓ નવતર યુક્તિ પ્રયુક્તિઓથકી માણસોના મનમાં લાગણીઓ ઉપજાવે છે, તથા દિલપસંદ ખ્યાલખુશાલીઓથકી માણસોનાં મન આકર્ષે છે, પરંતુ એવા ધર્મસેવકોની ખોટ છે કે જેઓ દેવની સત્ય વાત પ્રગટ કરીને પવિત્ર આત્માના પરાક્રમને યોગે સર્વત્ર ધર્મજાગ્રાત ફેલાવે છે તથા વસ્તુસ્થિતિમાં ફેરફાર કે બદલાણ કરે છે.

આત્મિક બાબતોમાં સ્વાભાવિક શક્તિ કે પરાક્રમ તથા સુવિદ્યાને અંગે પ્રાપ્ત થતી ધર્મસેવામાં સરળતા કે સુગમતા અવશ્યના અંગ તરીકે નિરર્થક નીવડે છે: પરંતુ વિશ્વાસ એટલે બાળકના જેવા સાદા વિશ્વાસની દૃઢતા, પ્રાર્થનામાં આસક્તિ, સંપૂર્ણ સ્વાર્થમાંની નિશ્ચલતા સ્વમાનની અવગણના દેવના અખંડ મહિમાને પોતા સંબંધીનું સંપૂર્ણ વિસ્મરણ તથા

ભરપુરપણાની પ્રાપ્તિને સારૂ સતત અતૃપ્ત આકાંક્ષા જે ધર્મ-સેવકોમાં છે તેઓ સર્વત્ર મંડળીઓમાં ધર્મજાગ્રતિરૂપી અગ્નિ સળગાવ્યા વિના રહેતા નથી. વળી એવા ધર્મસેવકો કંઈ પણ કાર્ય અશાંત કે વિશોભિત તથા બીજાઓનાં ચિત્ત આકર્ષે એવી રીતે કરતા નથી, પરંતુ તેઓ પોતાનું સર્વ કામકાજ શાંત રીતે કરીને દેવના મહિમાને સારૂ માણસોના અંતઃકરણ ભંગિત કરે છે તથા સર્વત્ર ધર્મજાગ્રતિ ફેલાવે છે.

જો દેવને યોગ્ય તથા નીવડેલા માણસો મળે તો તે ચમત્કારો તથા આશ્ચર્યકૃત્યો કરીને પોતાનો મહિમા પ્રગટ કરી શકે છે. વળી જો માણસો દેવના પવિત્ર આત્માથી દોરવાય તો તેઓ પણ ચમત્કારો તથા અદ્‌ભુત કાર્યો કરી શકે છે. જે પવિત્ર આત્માનું ભરપુરપણું પ્રેરિતોએ પામીને પુરાતન જગતને ઉથલપાથલ કર્યું હતું તેજ ભરપુરપણાની હાલના સમયમાં ખાસ જરૂર છે. જે ધર્મસેવકો હાલના સમયમાં સર્વત્ર મંડળીઓમાં દેવના મહિમાને સારૂ ધર્મસેવાનું સર્વ કામકાજ પરાક્રમ સહિત કરે તથા જેઓ પવિત્ર આત્માના પરાક્રમે વેષ્ટિત થઈને સર્વ વસ્તુસ્થિતિમાં ફેરફાર કે બદલાણ કરે એવા ધર્મસેવકોની સર્વત્ર મંડળીઓમાં ખોટ માલમ પડે છે. તેમ છતાં એવા માણસો મંડળીઓમાં હોય છે કે જેઓ મંડળીને સુશોભિત રચે છે. વળી તેઓ મંડળીના દિવ્યપણા વિષેના નિત્યસ્થાયી ચમત્કારો તથા પુરાવા સમાન છે. તેઓનો પવિત્ર નમુનો તથા તેમનાં જીવનચરિત્રનો હેવાલ સતત્ આશીર્વાદ તથા ઉત્તેજન સમાન છે. એવા મહાત્માઓની સંખ્યામાં પ્રતિદિન વધારો થાય, એવી પ્રાર્થના આપણે કરવી જોઈએ.

આત્મિક બાબતોના સંબંધે જે આશ્ચર્યકૃત્યો દેવે ગતકાળમાં કર્યાં છે, તેવાંજ અત્યારે તેવીજ બલકે વધારે સારી રીતે કરવા તત્પર છે. ખ્રીસ્તનો ઉદ્દેશ પણ એવાજ પ્રકારનો હતો. તેણે કહ્યું કે, “હું તમને ખચીત ખચીત કહું છું કે, હું જે કામો કરૂં છું તેજ મારા પર વિશ્વાસ કરનાર પણ કરશે, ને એ કરતાં પણ

મોટાં કામો કરશે, કેમકે હું બાપની પાસે જાઉં છું." દેવના મહિમાને સારૂ વિશ્વાસને યોગે ચમત્કારો તથા આશ્ચર્યકૃત્યો કરવાના સંભવો તથા સંજોગો કાંઈ વિતી ગયા છે એમ નથી. જે મંડળી ગતકાળમાં પોતાને પ્રાપ્ત થએલા ચમત્કારિક પરાક્રમ તથા કૃપા પર અદ્દેલી આધાર રાખ્યા કરે છે તે ખરેખર પતિત થએલી મંડળી છે એમ જાણવું.

દેવ યોગ્ય, તથા ખાસ નિવડેલા માણસો—એટલે જેઓએ સ્વાર્થ તથા જગતની માયા ખાસ કરીને વધસ્તંભે જડીને પોતાની અતિમક નાગાઈ કે લાચારી દેવની પવિત્ર હજુરમાં એવી રીતે પ્રગટ કીધી છે કે સ્વાર્થ તથા જગત ફરીથી પાછાં આવવા પામે નહિ, અર્થાત્ જેઓએ પોતાનું જુનું માણસપણું સંપૂર્ણ રીતે વધસ્તંભે જડીને પોતાનું સંપૂર્ણ અંતઃકરણ દેવ પ્રતિ ફેરવ્યું છે—એવા માણસો માગે છે.

આપણે મનના પૂરા આવેશ સહિત પ્રાર્થના કરવી જોઈએ કે પ્રાર્થના સંબંધીનું દેવનું અચળિત વચન આપણામાં પૂરૂં થાય.

સમાપ્ત.